વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૬મું
જાન્યુઆરી - ૨૦૨૧
અંક - ૫૧૨

મંગલ મંદિર ● જાન્યુઆરી-૨૦૨૧ ● ૧
(કુલ પાના : ૬૪)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

## હાલ માસ્ક જ વેક્સીન છે




મુખ્ય કાર્યાલય :-
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kjssmangalmandir@gmail.com • Web site : www.kuthchijainahd.org

તંત્રી મંડળ :
પ્રતાપ નારાણજી દંડ - મુખ્ય તંત્રી
દિનેશ આર. મહેતા - સહતંત્રી


youva
A NAVNEET PRODUCT
EVERYBODY HAS IDEAS.
HERE'S ALL YOU NEED TO GIVE THEM SHAPE.
Ask for the cool range of Youva stationery at a bookstore near you.

છેલ્લા ૪૪ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

**પ્રતાપ નારાણજી દંડ**

**સહ તંત્રી**

**દિનેશ આર. મહેતા**
**મો. ૯૯૨૪૩ ૪૨૬૨૮**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**
- ૨૦૨૧ : પરિવર્તનનું વર્ષ ........ ૫
- રાયસીના હિલ્સ : પ્રજાસત્તાક પર્વના સમાપન અંગે ........ ૬
- જરૂરતમંદ લોકો માટે ભોજન - ટિફિન સર્વિસ 'નવભારત સાહિત્ય મંદિર' પરિવારના બી.જે. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી ઉમદા સેવા ........ ૭

**દીપશીખા**
- જીવન ઉપયોગી સંદેશ ........ **સ્વામી વિવેકાનંદ પરિવ્રાજક** ........ ૯
- ખુશીઓનું ખાતું ........ **ભરત અંજારિયા** ..... ૧૦

**સાંપ્રત**
- માત્ર એક દિવસ નહીં પણ રોજ ઉજવીએ "ભારતીય સેના દિવસ" ........ **જાગૃતિ તન્ના "જાનકી"** ..... ૧૧

**પર્વ-વિશેષ**
- વિભિન્ન વિભાગોમાં મકર સંક્રાંતિ પર્વની વિવિધ પરંપરાઓ ......... **ડૉ. મિહિર એમ. વોરા** ..... ૧૨

**વિચારમંચ**
- આપણને વિવેક બુધ્ધિવાદની જરૂર છે ........ **ડૉ. યાસીન દલાલ** ..... ૧૩

**ગુલશન**
- "દિલની જબાન" : ગઝલકાર : ભૂપેન્દ્ર શેઠ "નીલમ" : મણકો-૨ ........ **ચંદ્રવદન પટેલ 'સરલ'** ..... ૧૫ **સાહિત્યકાર**

**કચ્છ**
- ડિસેમ્બર માસ દરમિયાન – જ્યારે ભુજ આખાયે ઉજાગરો કર્યો.. – વાત ૧૯૭૧માં પાકિસ્તાન બોમ્બમારાની .... **દિલીપ વૈદ્ય, કચ્છ મ્યુઝિયમના પૂર્વ અધિકારી** ..... ૧૮

**નવલિકા**
- નવો સૂરજ ........ **નટવર આહલપરા** ..... ૧૯

**જીવન નૌકા**
- મેં વિચાર બદલ્યો છે! ........ **એમ. ડી. સોલંકી** ..... ૨૧

**તકેદારી**
- તમારી પુત્રી માટે કેવો પતિ પસંદ કરશો? ........ **દિનેશ પાંચાલ, જર્નાલિસ્ટ** ..... ૨૪
- આપણું લાગવું અને આપણું હોવું એ સમજવામાં વરસો નીકળી જાય છે ...... **ભોલાભાઈ ગોલીબાર** ..... ૨૬

**સંસ્કૃતિ**
- કન્યાદાન ........ **પારૂલ દેસાઇ** ..... ૨૭

**વ્યક્તિ / સંસ્થા વિશેષ**
- મુંબઈ આકાશવાણીની દરિયાપાર ગુજરાતી સમાચાર સેવાના સંપાદક – માંડવીની સર્જક પ્રતિભા : નાનાલાલ વસા ........ **ભરત'કુમાર' પ્રા. ઠાકર** ..... ૨૮
- વર્ષા અડાલજાની નવલકથાનું એક અમર પાત્ર : ઉમરશીભાઈ કુરુવા ....... **પ્રા. પૃથ્વી શાહ** ..... ૩૦

**સ્વાસ્થ્ય**
- તંદુરસ્તી મોંઘી નથી ........ **ડૉ. પલ્લવી કે.શાહ, વ્યાખ્યાતા** ..... ૩૧
- ટમેટું રે ટમેટું ........ **પારૂલ દેસાઇ** ..... ૩૩

**કારકિર્દી**
- દેશના રક્ષણ અને કેરિયર ડેવલપમેન્ટની ટ્વિન ઓપોર્ચ્યુનિટી ........ **હીરેન દવે** ..... ૩૪

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા
ઘર : ૨૬૬૧૨૦૮૯
મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦

**સહમંત્રી**
શ્રી રોહિત સંઘવી

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧


**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ, રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**


**કલ્યાણ**
- તરણા ઓથે ડુંગર ........ **પુષ્પાબેન કનકસેન શાહ** ..... ૩૫
- જૈન ધર્મ, એ વિશ્વમાં સર્વશ્રેષ્ઠ ધર્મ છે ........ **ડૉ. અલ્કા એસ. શાહ** ..... ૩૭

**પ્રેરણા**
- તો મહાનુભાવોની સવિશેષ માહિતી પ્રાપ્ત થઈ શકે ........ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** ..... ૪૦

**બોધકથા / લઘુ કથાઓ**
- મહાન ● "માતા" ● "કળા" ● "હોળી" ........ **હસમુખ રામદેપુત્રા, શિક્ષકશ્રી** ..... ૪૧

**ક્રાંતિ**
- 'કોરોના' : માનવ જીવનશૈલીમાં સમૂળી ક્રાંતિ લાવનાર ........ **દોશી મહેન્દ્ર સાકરચંદ** ..... ૪૨

**YOUTH CLUB**
- **Some Golden Rays** ........ **Presentation : Dinesh R. Mehta** ....... ૪૩
- મોજમસ્તીમાં માનતો યુવાવર્ગ ........ **હેમ મહેતા** ..... ૪૪

**સમાચાર / માહિતી**
- ભારતીય મૂળની ૧૫ વર્ષીય ગીતાંજલી 'ટાઈમ કીડ ઑફ ધ યર' ........ ૪૫
- ભારતીય સેનાની ત્રણેય પાંખમાં કામ કરી ચૂકેલા એકમાત્ર ઓફિસરે ૧૦૦ વર્ષ પૂર્ણ કર્યા ........ ૪૫

**સામાન્ય જ્ઞાન**
- વિવિધ માહિતી (સંક્ષિપ્તમાં) ........ ૪૬

**ગેમ્સ ગેલેરી**
- કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા... ........ **ભાવના એ. ઝવેરી** ..... ૪૭
- ગેમ્સ - પઝલ - ક્વિઝ ........ **સંકલન : કિરણબેન પી. ઠક્કર** ..... ૪૯

**વૈવિધ્ય**
- પ્રાચીન-અર્વાચીન પાશ્ચાત્ય કળાઓનો સંગમ : રૂપપ્રદ કલા ........ **નરેશ પી. અંતાણી** ..... ૫૦
- ચિત્રરંગ : રાજ કપૂર (જન્મ : ૧૪ ડિસેમ્બર) અને તેની ટીમ વિશે ........ ૫૨
- ચિત્રરંગ : મશહૂર ફિલ્મ ગાયક મોહમ્મદ રફી ● અજોડ ફિલ્મ સંગીતકાર નૌશાદ ........ ૫૩
- અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૫૪

**મનોરમ્ય**
- પનારો પ્રેમનો છે : **ભૂપેન્દ્ર શેઠ 'નીલમ'** ● મતલબ સાફ છે : **પ્રો. જયંત કોરડિયા 'કેવલ'** ........ ૫૫
- પરાણે : **શામજી માલી 'શ્યામ'** ● લઘુકાવ્યો : **અરુણા અરુણ ઠક્કર 'માધવી'** ........ ૫૫
- સપનું : **મણિલાલ ડી. રૂઘાણી** ● કચ્છી હાઈકુ : **અરુણા અરુણ ઠક્કર 'માધવી'** ........ ૫૬
- જિંદગી એમ જ ચાલ્યા કરવાની : **સુનિતા એ. શાહ** ● આત્માની પહોંચ : **'આરસી' શાહ** ........ ૫૬

**નિયમિત વિભાગો**
- ***Nano Nine*** શબ્દ રમત-૧૬૭ ........ **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૫૭
- ***Nano Nine Sudoku*** (ક્રમાંક : ૧૧૨૫) ........ **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૫૯
- બાલુડેં જ્યું ગાલિયું ........ **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા** ..... ૬૦

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
- સમાજ દર્પણ ● સંસ્થા સમાચાર ........ ૬૧
- કચ્છ દર્શન ........ **સંકલન : દિનેશ આર. મહેતા** ..... ૬૨



Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**



તંત્રી લેખ

# ૨૦૨૧ : પરિવર્તનનું વર્ષ

આ વર્ષ – ૨૦૨૦ એ વિદાય લીધી છે. એક પછી એક વર્ષ આવતા જાય છે અને વીજળી વેગે પૂરા થાય છે. જૂનું વર્ષ જાય અને નવું વર્ષ શરૂ થાય, એને આપણે એક ઉત્સવની જેમ ઉજવીએ છીએ. પરંતુ આ પ્રકારની ઉજવણી હવે માત્ર એક યંત્રવત રિવાજ બનીને રહી ગઈ છે. ૨૦૨૦ના અંતે આખા વર્ષની મુખ્ય ઘટનાઓ આપણી નજર સામે આવે છે. આ ઘટનાઓ હજી હાલમાં જ બની હોય તેવું લાગે છે. જ્યારે કેટલીક ઘટનાઓ આપણી સ્મૃતિમાંથી દૂર થઈ ગઈ હોય છે. આખા વર્ષની ઘટનાઓ પૈકી સુખદ ઘટનાઓ વધુ હોય તો આપણને આનંદ થાય છે. વિતેલા વર્ષ દરમિયાન આપણે કેટલા સારા-નરસા કામો કર્યા? આર્થિક વ્યવહાર સંબંધી કેવી સ્થિતિ રહી? સમાજ કે સંસ્થાની વાત હોય તો ક્યાં, ક્યારે અને કેવા પ્રકારના સામાજિક સેવાના કાર્યો કર્યા વગેરે ક્ષેત્રે પ્લસ – માઇનસની વાત થતી હોય છે. **એક પ્રશ્ન રહે છે કે નવું વર્ષ આવે, એટલે તે માટે ઉત્તેજનામાં આવવાની જરૂર ખરી? વર્ષ - કેલેન્ડર બદલાય છે પરંતુ જોબ, વેપાર, મિત્રો, અમુક ટાર્ગેટ તો એના એ જ રહેવાના છે.**

આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરે ગત વર્ષ દરમિયાન બનેલી ઘટનાઓ તો આપણી નજર સામેથી પસાર થઈ જાય છે. જ્યારે કેટલીક ઘટનાઓ સંભારણાં સ્વરૂપે રહી જાય છે. તેની યાદી જોઈશું તો તેમાં **કભી ખુશી - કભી ગમ** જેવી બાબતો અચૂક જોવા મળશે. આ વખતે ગમની સ્થિતિનું પલ્લું નીચે રહ્યું છે. જેમાં કોરોના વાયરસના સંક્રમણની ઘટના મુખ્ય છે.

વિશ્વના મોટાભાગના રાષ્ટ્રોમાં કોરોના વાયરસે હાલે કહેર વર્તાવ્યો છે. આ મહામારી અચાનક આવી છે અને હજુ તેનો પ્રકોપ ચાલુ જ રહ્યો છે, તે સત્ય વાત હજુ ઘણા લોકોના મગજમાં આવી નથી. આ મહામારી લાંબા સમય સુધી ચાલુ રહી છે અને જલ્દી ખત્મ થાય અથવા તેનો તરત જ અંત આવે તેવું હાલે શક્ય જણાતું નથી. આ સ્થિતિમાં લોકોએ, સરકારે જાહેર કરેલા નીતિ-નિયમોને વળગી રહેવું જોઈએ અને શિસ્તનું એકદમ કડક પાલન કરવું જોઈએ.

**વૈશ્વિક સ્તરે જે માહોલનું નિર્માણ થયું છે તે પરિસ્થિતિમાં લોકોએ હવે બદલવું ખૂબ જરૂરી બન્યું છે.** વર્ષ ૨૦૨૧માં લોકોએ સૌપ્રથમ પોતાના મનને બદલવું પડશે, કાર્ય કરવાની રીત-રસમ બદલવી પડશે. એ રીતે પોતાની જીવનશૈલીમાં કે રોજની વ્યવસ્થા (રૂટિન)માં પરિવર્તન લાવવાનો સમય હવે પાકી ગયો છે. વર્ષ ૨૦૨૧ના આરંભથી જ તેની શુભ શરૂઆત થવી જોઈએ. બીજી રીતે જોઈએ તો વર્તમાન સ્થિતિએ માનવજાતને નિર્વિકલ્પ બનાવી દીધો છે, જે જીવનશૈલીમાં પરિવર્તન લાવવા માટે લાલબત્તી સમાન છે.

જરૂરિયાત નવી શોધખોળ માટે જનની છે તેમ પરિવર્તન માટે પણ જનની છે. **માનવજાત માટે અત્યારની સ્થિતિ એક પડકારરૂપ છે. વર્ષ ૨૦૨૧માં આપણે આ પડકારનો ખૂબ તાકાતથી સામનો કરવો પડશે** અને તેની તૈયારીનો પ્રારંભ અત્યારથી થાય તો તે લાભદાયી બનશે. આ પ્રકારનું પરિવર્તન કરવા માટે શિસ્તને મહત્ત્વ આપવું જરૂરી છે. મહામારી જેવા ખૂબ ગંભીર માહોલમાં પણ લોકો શિસ્તને પાળતા નથી એટલે તેના ઉપાય તરીકે લોકડાઉનનું અમલીકરણ થાય છે. અગર આ મહામારીના સત્યને આપણે મગજમાં રાખીશું તો તરત સમજાઈ જશે કે આપણે કંઈક કરવાનું છે. વર્ષ ૨૦૨૧માં પરિવર્તન કરવા માટે પોતાના પરિવારમાં સૌપ્રથમ બદલાવ લાવવો પડે. એક જ પરિવારની ભાવનાને મજબૂત કરવી પડે. ત્યારબાદ **લોકોએ કારણ વગરના આયોજન ટાળવા જોઈએ.** અગર કોઈ અનિવાર્ય સંજોગો હોય તો તેવા પ્રસંગો ખૂબ નાના પાયે કરીને, જે નાણાંકીય બચત થાય તેનો ઉપયોગ જરૂરતમંદ લોકોના શિક્ષણ, તબીબી સારવાર અથવા તો તેમની પ્રાથમિક જરૂરિયાત સંતોષવા માટે કરવો જોઈએ. **આ રીતે મહામારીનો સમય વ્યક્તિગત, પારિવારિક તથા સામાજિક સ્તરે પરિવર્તન કરવા વર્ષ ૨૦૨૧ આપણને લલકારી રહ્યો છે.**

હકીકત છે કે વ્યક્તિની આવકમાં વધારો થાય તો તેમાંથી બચત થાય અને ત્યારે જ તે રકમ અન્ય માટે ઉપયોગમાં લઈ શકાય. પરંતુ દરેક સમયે આ વાત યોગ્ય નથી. વ્યક્તિની આવક ગમે - તે હોય પરંતુ ખોટા ખર્ચને અટકાવીને તેમાંથી અમુક રકમની બચત કરવામાં આવે તો એક સમયે મોટી રકમ એકત્ર થઈ જાય. આ રીતે પરિવારમાં સંકટના સમયે તેનો ઉપયોગ કરી શકાય છે. અગર બચત કરવાની ટેવ ના હોય તો ગમે તેટલી રકમ પણ ખત્મ થઈ જાય છે.

આ ઉદાહરણથી સમજી શકાશે કે વ્યક્તિએ જાતે સ્વાવલંબી બનવા પ્રયત્ન કરવો જોઈએ અને તેને અનુલક્ષીને જીવનશૈલીમાં યોગ્ય ફેરફાર કરવો જોઈએ. **અત્યારના માહોલમાં મોટી સંખ્યામાં ભેગા થવાને બદલે ઓછી સંખ્યામાં એકત્ર થઇને પ્રસંગો પાર પાડવા જોઈએ.** જ્ઞાતિ જમણવાર જેવા પ્રસંગોમાં હવે મોટાપાયે બદલાવ જરૂરી બન્યો છે. વિવિધ પ્રકારની જયંતીઓ ઉજવવાથી દૂર રહેવું જોઈએ. કોઈપણ જાહેર સ્થળે લોકોની ભીડ થવી જોઈએ નહીં. રાજકીય પક્ષોએ પણ રેલીઓના આયોજન યોગ્ય રીતે પૂરી મર્યાદામાં કરવા જોઈએ. આવી બીજી ઘણી બાબતો છે, જે હવે પરિવર્તન માંગે છે. કોવિડ-૧૯ મહામારીએ માનવજાતને પરેશાન કરી છે એ હકીકત છે પરંતુ તે સાથે સાથે લોકોને ઘણી સારી બાબતો શીખવાડેલ પણ છે, તે તરફ નજરઅંદાજ કરી શકાય નહીં.

લોકોનું જીવન ક્ષણભંગુર છે. તેમાં આપણી અગત્યતા શું હોવી જોઈએ? તે માટે વિચારમંથન કરવાનો સમય હવે આવી ગયો છે. સ્વાભાવિક છે કે લોકોને પોતાનું જીવન સુખમય બનાવવાનું અને શાંતિથી જીવવાનું લક્ષ્ય હોય. આ પ્રકારના લક્ષ્યાંક તરફ આગળ વધવું હોય તો વર્ષ ૨૦૨૧માં પોતાની જીવનશૈલીમાં ધરમૂળથી પરિવર્તન લાવવું જોઈએ. બીજી તરફ, કેટલીક બાબતો તરફ સાવચેત રહીને તેનો અમલ કરવો પડશે. દરેક બાબતે શિસ્તને અગત્યતા આપીને હાલના તબક્કે ફોન, વર્ચ્યુઅલ મીટિંગ અથવા વીડિયો કોલના માધ્યમથી કામ ચલાવવાનું અનિવાર્ય ગણવું જોઈએ. કોઈપણ ઉત્સવ, પ્રસંગની ઉજવણી કે તેની કામગીરી અથવા તો તેની ક્રિયા નાના પાયે કરવાનું અનિવાર્ય ગણવું જોઈએ. ટૂંકમાં, વર્ષ ૨૦૨૧ને વ્યક્તિએ પોતાની જીવનશૈલીમાં, પરિવાર તથા સામાજિક સ્તરે પરિવર્તન લાવવા માટે ઉત્તમ ગણવું જોઈએ. **વર્તમાન સમય અને સંજોગો જ દરેકને સાવધાન કરી રહ્યો છે. આ પ્રકારની પરિસ્થિતિનું નિર્માણ થશે, તો જ જીવન શ્રેષ્ઠ અને માણવાલાયક બનશે અને તેના થકી નવા વર્ષના ક્ષિતિજ ઉપર થોડાં આશાનાં કિરણો દેખાશે તેવી અપેક્ષા રાખીએ.**

## રાયસીના હિલ્સ : પ્રજાસત્તાક પર્વના સમાપન અંગે...





*પ્રજાસત્તાક પર્વ (૨૬ જાન્યુઆરી)ની ઉજવણીની શરૂઆત પરેડથી થાય છે, જ્યારે તેનું સમાપન 'બીટિંગ ધ રિટ્રીટ' સેરેમની સાથે થાય છે. દર વર્ષે પ્રજાસત્તાક દિનના ત્રણ દિવસ બાદ એટલે કે ૨૯મી જાન્યુઆરીના રોજ 'બીટિંગ ધ રિટ્રીટ' સેરેમની યોજાય છે. દેશનું સત્તાકેન્દ્ર ગણાતા રાયસીના રોડ પર આવેલા રાષ્ટ્રપતિ ભવનની સાથે જ વિજય ચોક, નોર્થ બ્લોક અને સાઉથ બ્લોકને લાઈટિંગ સાથે શણગારવામાં આવે છે. ત્રિરંગા કલરની રોશની વડે ફુવારાથી લઈને ઈમારતો ઝળહળે છે. ગણતંત્ર દિવસની પરેડની માફક આ કાર્યક્રમ પણ ભવ્ય અને માણવાલાયક હોય છે. આ સેરેમની દરમિયાન રાષ્ટ્રપતિ સામે ત્રણે સેનાના બેંડ ધૂન વગાડે છે. પ્રજાસત્તાક પર્વની ઉજવણી માટે આવેલા ત્રણે સેનાના બેંડ રાષ્ટ્રપતિ પાસે પરત જવાની અનુમતિ માંગે છે. ૧૯૫૦થી શરૂ થયેલી આ પરંપરામાં માત્ર બે વખત જ 'બીટિંગ ધ રિટ્રીટ' સેરેમની કેન્સલ કરવામાં આવી છે. ગત વર્ષની 'બીટિંગ ધ રિટ્રીટ' સેરેમનીની ખાસ વાત એ હતી કે તેમાં પહેલી વખત 'વંદે માતરમ્'ની ધૂન વગાડવામાં આવી હતી.*

# જરૂરતમંદ લોકો માટે ભોજન - ટિફિન સર્વિસ

## 'નવભારત સાહિત્ય મંદિર' પરિવારના બી.જે. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી ઉમદા સેવા

બે હજાર વીસની વિદાય વેળાએ આપણે વિત્યા વરસ ઉપર નજર કરીએ તો આપણા આયખાનું તે સૌથી વસમું વરસ લાગ્યું છે. લગભગ આખા વર્ષની પ્રત્યેક ક્ષણ ઉપર જાણે કોરોના વાયરસ વ્યાપી વળ્યો. માણસ જાત માટે ખૂબ જ ખતરનાક સ્થિતિનું નિર્માણ થયું. રોજરોજ આઘાતના સમાચારો માનવજાતે ઝીલ્યા છે. મંદિરોના દ્વાર બંધ રહ્યા છે. ડૉક્ટરો પણ નિર્ભિક રહી શક્યા નથી અને સેવાભાવી સંસ્થાઓને પણ સાવધાન રહીને પોતાના સામાજિક કાર્યો કરવા પડ્યા છે. ૨૦૨૦નું વર્ષ ખરેખર કસોટી કરી ગયું છે. આર્થિક, સામાજિક, માનસિક અને વ્યક્તિગત ક્ષેત્રે જે હાનિ પહોંચી છે, તેનો હિસાબ નથી.

કોરોનાના વધતા કેસને ધ્યાનમાં લેતાં લોકડાઉન જાહેર થયો. તેની વચ્ચે જ્યાં કોરોના મહામારીનો પ્રકોપ વધુ હતો તેવા વિસ્તારોને ક્લસ્ટર ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા હતા. ખૂબ જ વિચિત્ર સ્થિતિનું નિર્માણ થયું. આવી હાલતમાં કેટલાય પરિવારજનો મુશ્કેલીમાં મૂકાયા. કોરોના વાયરસની ગંભીર સ્થિતિ વિના પણ કેટલાંક વૃદ્ધ પરિવારજનોની આર્થિક સ્થિતિ ચિંતાજનક હોય છે. તેમાં મોટી વયના પતિ-પત્ની, માત્ર બે જણ હોય તો ઘણી રીતે મુશ્કેલીઓ અનુભવતા હોય છે. તે દરમિયાન જ્યારે કોરોના પ્રકોપ થયો ત્યારે આવા વૃદ્ધજનોને બે ટંક ભોજનની પણ ચિંતા હતી. આવા સમયે જરૂરતમંદ લોકોને ભોજન પીરસવા કે પહોંચાડવા સેવાભાવી અનેક સંસ્થાઓ આગળ આવી. સંકટના સમયે સમાજના આ પ્રકારના જરૂરતમંદ લોકો તથા વડીલવર્ગને ત્યજી ન દેવાય. તેમને મદદ કરવી જોઈએ. આવો વિચાર ઘણી સામાજિક સંસ્થાઓ અને વ્યક્તિગત રીતે પણ અનેક લોકોને આવ્યો. ધન્ય છે ભારતીય સંસ્કૃતિને!

તે પૈકી અત્યારે આપણે ઉલ્લેખ કરવો છે અમદાવાદ સ્થિત 'નવભારત સાહિત્ય મંદિર'ના પાર્ટનર શ્રી જયેશભાઈ પ્રાગજીભાઈ શાહની. સાહિત્ય જગતમાં નવભારત સાહિત્ય મંદિરનું નામ સન્માનિય રહ્યું છે. ઉપરોક્ત સંજોગોમાં વૃદ્ધજનો અને જરૂરતમંદ લોકોને ટિફિન પહોંચાડવાનો પડકાર શ્રી જયેશભાઈએ ઝીલી લીધો. આ પ્રકારની સામાજિક પ્રવૃત્તિમાં તેમના ધર્મપત્ની ભારતીબેન અને અન્ય પરિવારજનોએ જરૂરી દરેક સાથ-સહકાર આપ્યો. તેનાં પરિણામે તેમના અંગત બી.જે. ચેરિટેબલ ટ્રસ્ટના નેજા હેઠળ ઉપરોક્ત કપરા સમયમાં ભોજન પહોંચાડવાની સમગ્ર વ્યવસ્થા ખૂબ જ સુંદર રીતે કરી. તા. ૨૩-૦૯-૨૦૨૦થી તેમના પરિવારે અમદાવાદના દરેક વિસ્તારમાં રહેતા જરૂરતમંદ વૃદ્ધજનોને ટિફિન આપવાની માનવતાવાદી સેવાની શુભ શરૂઆત કરી હતી. આરંભના તબક્કે ૫૦ જેટલા ટિફિન દૈનિક ધોરણે તૈયાર કરીને તેનાં વિતરણનું આયોજન કર્યું હતું. ધીરે ધીરે આ સેવાનો વ્યાપ તેઓ વધારતા ગયા અને આજે સુંદર પૌષ્ટિક વાનગીઓ સાથેના ૨૫૦થી વધુ ટિફિન "નવકાર ટિફિન સેવા"ના નામ હેઠળ તેમના ટ્રસ્ટ દ્વારા વિતરણ થઈ રહ્યા છે. આ પ્રકારની ઉત્કૃષ્ટ સામાજિક પ્રવૃત્તિ માટે તેમણે અમદાવાદમાં વ્યવસ્થિત રીતે બે સ્થળે રસોઇઘર ઊભા કર્યા છે. ટિફિન સર્વિસ માટે જરૂરી સંખ્યામાં ઓટો રીક્ષાઓ પણ ભાડે રાખી છે. એટલું જ નહીં પરંતુ તેમનો પરિવાર આ પ્રવૃત્તિ માટે રાત-દિન કાર્યરત રહે છે. આ પ્રકારના કાર્ય માટે શ્રી જયેશભાઈ શાહને, તેમના ચેરિટેબલ ટ્રસ્ટને તથા તેમના સમગ્ર પરિવારજનોને ખૂબ ખૂબ અભિનંદન ઘટે છે. ટિફિન સર્વિસ સિવાય, જરૂરતમંદ લોકોને ધાબળા વિતરણ જેવી સેવાઓ પમ તેમના ટ્રસ્ટ દ્વારા થઈ રહી છે.

શ્રી જયેશભાઈનું મૂળ વતન કચ્છમાં ગામ ફતેહગઢ છે અને હાલે લાંબા સમયથી અમદાવાદ ખાતે સ્થિત છે. શ્રી જયેશભાઈ શાહની સામાજિક, ધાર્મિક, સ્પોર્ટ્સ અને સાંસ્કૃતિક ક્ષેત્રની કામગીરી હંમેશાં ઉચ્ચ સ્થાને રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, તેઓશ્રી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સાથે ખૂબ જ નીકટથી સંકળાયેલા રહ્યા છે.

★ ★ ★

ઉપરોક્ત "નવકાર ટિફિન સેવા"ની જાણકારી સમાજમાં જ્યારે શ્રી જયેશભાઈ શાહના સ્વજનો તથા મિત્રવર્ગમાં થઇ ત્યારે તેઓએ પણ આ પ્રકારની ઉત્કૃષ્ટ સામાજિક સેવામાં સામેલ થવાની ઇચ્છા પ્રગટ કરી છે. એક અંગત સ્વજને તો સ્ટીલના ૫૦૦ ટિફિનનો ખર્ચ પણ, પોતાનું નામ જાહેર ન કરવાની શરતે લખાવી દીધું છે. હાલમાં ૨૫૦ ટિફિનની સેવા કાર્યરત છે. જ્યારે અન્ય કેટલાક જરૂરતમંદ લોકોનાં નામ હાલે પ્રતિક્ષાયાદીમાં રાખવામાં આવ્યા છે. ટૂંક સમયમાં આ લોકોને પણ ઉપરોક્ત યોજના

હેઠળ આવરી લેવાનું આયોજન છે. આ પ્રવૃત્તિમાં જે વ્યક્તિને પોતાની સેવા પ્રદાન કરવી હોય તેઓ શ્રી જયેશભાઈ શાહ અથવા તેમના ટ્રસ્ટનો સંપર્ક કરી શકે છે.

આ અન્નભેટ યોજનામાં એક ટિફિનના રૂા. ૫૦/- લઈને કોઈપણ માત્રામાં રકમ લખાવી શકાય છે. આ પ્રકારના એક દિવસ માટેના સાદા ભોજનનો ખર્ચ રૂા. ૧૧૦૦૦/- થાય છે જ્યારે ફરસાણ / મીઠાઈ સાથેના ભોજનનો ખર્ચ રૂા. ૧૫,૦૦૦/- જેવો છે. તે માટે કોઈ વ્યક્તિ તરફથી "અન્નભેટની રકમ" ખૂબ જ આવકારપાત્ર રહેશે. દાનની રકમ આવા માટેની વિગત નીચે મુજબ છે.

**B J SHAH CHARITABLE TRUST**
**Bank : Bank of Baroda (Anand Nagar Branch, Ahmedabad)**
**A/c. No. 29390200001031 • IFSC CODE : BARB0VEJALP (Fifth letter is Numeric 0 (ZERO))**

*ખુશીનું એક દ્વાર બંધ થાય ત્યારે બીજું ખૂલી જાય છે. પણ મોટેભાગે આપણે બંધ થયેલા દ્વાર ઉપર આંસુ સારવામાં એટલો બધો સમય વેડફી નાખીએ છીએ કે પેલું ખૂલેલું બીજું દ્વાર આપણને દેખાતું જ નથી.*

*– હેલન કેલર*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## માસિક મુખપત્ર 'મંગલ મંદિર'માં પ્રકાશિત કરવા વિજ્ઞાપન માટે દરોની વિગત...

| ક્રમ | ટાઈટલ | કલર | આખુ પાનું | અડધું પાનું | પા પાનું | અન્ય |
|---|---|---|---|---|---|---|
| ૧. | કવર પેઈજ નં.-૪ | મલ્ટિ કલર | ૭,૦૦૦ | ૪,૫૦૦ | ૩,૦૦૦ | — |
| ૨. | કવર પેઈજ નં. ૨ તથા ૩ | મલ્ટિ કલર | ૬,૦૦૦ | ૩,૫૦૦ | ૨,૫૦૦ | — |
| ૩. | કવર પેઈજ ૨ તથા ૩ની સામેનું પાનું | મલ્ટિ કલર | ૫,૫૦૦ | ૩,૨૫૦ | ૨,૨૫૦ | — |
| ૪. | અંદરનું પાનું | મલ્ટિ કલર | ૫,૦૦૦ | ૩,૦૦૦ | ૨,૦૦૦ | — |
| ૫. | અંદરનું પાનું | સિંગલ કલર | ૪,૦૦૦ | ૨,૫૦૦ | ૧,૫૦૦ | — |
| ૬. | અંદરનું સાદુ પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | ૨,૦૦૦ | ૧,૫૦૦ | ૧,૦૦૦ | — |
| ૭. | ટચુકડી જાહેર ખબર ૧ કોલમ x ૫ સે.મી. | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૫૦૦ |
| ૮. | સાદા પાનાની નીચે ૧ ઈંચની પટ્ટી | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૩૫૦ |

**નોંધ :** ૧. એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.
૨. એક સાથે **૬** મહિનાની જાહેરાત આપનારને **૭.૫ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.
૩. એક સાથે **૩** મહિનાની જાહેરાત આપનારને **૫ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.

*જરૂરી રકમ "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"ના નામે મોકલાવવા વિનંતી.*
*(ઓનલાઈન / ડિજિટલ પેમેન્ટ માટેની જરૂરી વિગત અન્યત્ર આપી છે.)*

**નોંધ : જાહેરાતની સાઈઝ**

(૧) ફુલ પેજ : ૧૮.૦ x ૨૩.૬ સે.મી. (૨) હાફ પેજ : ૧૮.૦ x ૧૧.૬ સે.મી.
(૩) ૧/૪ પેજ : ૯.૦ x ૧૧.૬ સે.મી. (૪) બોટમ પટ્ટી : ૧૮.૦ x ૨.૫૪ સે.મી.

# જીવન ઉપયોગી સંદેશ

૧. ચાર ઉપર હંમેશાં વિશ્વાસ રાખો : માતા, પિતા, સાચા ગુરુ અને ઈશ્વર. તેઓ ક્યારેય પણ દગો નહીં કરે. જેઓ તેમની વાત નહીં માને તેઓ જરૂર દુઃખી થશે.

૨. દુઃખ ભરેલી વીતેલી વાતો યાદ કરવાથી દુઃખ વધે છે. તેને યાદ ન કરો. **વીતેલી સારી ઘટનાઓને યાદ કરીએ. જેનાથી પ્રેરણા લઇ ઉત્સાહી બનીએ.**

૩. તમે જે પણ ધન કમાવ તેમાં એટલું અવશ્ય ધ્યાન રાખો કે એમાં અનીતિ, રુશવત, મફત કે ચોરીના ધનનો સમાવેશ ન હોવો જોઈએ. સુખ મળશે.

૪. મિત્રો અને ઔષધિઓ બંને આપણી સહાયતા કરવા માટે છે. પરંતુ ઔષધિઓની Expiry Date (ઉપયોગની અંતિમ તારીખ) હોય છે જ્યારે મિત્રોની કોઈ Expiry Date નથી હોતી.

૫. જે વ્યક્તિ બહાના બનાવીને પાછળ નથી હટતો, કઠિનાઈઓમાં બરાબર સંઘર્ષ કરે છે, સફળતા તેના કદમ ચૂમે છે. સફળ બને છે.

૬. ઉત્તમ ભવિષ્ય કોઈ એવી વસ્તુ નથી જેની તમારે પ્રતીક્ષા કરવી પડે. પોતાના ભવિષ્યના નિર્માતા આપ પોતે જ છો. મહેનત કરો, ભવિષ્ય બનાવો.

૭. પોતાની મહેનતથી પ્રાપ્ત કરેલ સંપત્તિથી જે સુખ મળે છે, તે બીજાની મહેનતથી કમાયેલ સંપત્તિને ભોગવવાથી કદી નથી મળતું. સ્વયં મહેનત કરો.

૮. ઊંચી સફળતા એ લોકોને મળે છે, જે પોતાના ઉપર વિશ્વાસ રાખે છે કે અમારી અંદર પરિસ્થિતિઓથી થોડી વધારે તાકાત છે.

૯. કોઈપણ વ્યક્તિની વર્તમાન સ્થિતિને જોઈને તેને કાયમ માટે જ છે એવું ન માની લઈએ, કારણકે કહેવાય છે કે સમય આવે ત્યારે કોલસો પણ હીરો બની જાય છે.

૧૦. એક મિનિટમાં આપણા જીવનને નથી બદલી શકાતું, પરંતુ એક મિનિટમાં લીધેલા નિર્ણય આપણા જીવનને બદલી શકે છે. તેથી ખૂબ વિચારીને નિર્ણય લો.

૧૧. સફળતા માટેના ચાર સૂત્ર : (૧) ધ્યાનથી સાંભળો, (૨) ઉંડાણપૂર્વક વિચાર કરો, (૩) એક સાચો નિર્ણય લો, (૪) તેને આચરણમાં લાવો. સફળતા તમારા પગ ચૂમશે.

૧૨. તમારી પાસે ધન એટલું હોવું જોઈએ કે જેનાથી મુખ્ય આવશ્યક્તા પૂરી થઈ જાય. **આવશ્યક્તાઓ પૂરી થઈ શકે છે, ઇચ્છાઓ નહીં.**

૧૩. ઉન્નતિ માટે દરરોજ આત્મનિરીક્ષણ કરો. આજે કયું સારું કાર્ય ન થઈ શક્યું, જે કરવું જોઈતું હતું અને કયું કાર્ય ખોટું થયું, જે નહોતું કરવું જોઈતું!

૧૪. સફળતા એ મહત્ત્વપૂર્ણ નિર્ણય જલ્દી લેવાથી નથી મળતી પરંતુ મહત્ત્વપૂર્ણ નિર્ણય પર જલ્દીથી આચરણ કરવાથી મળે છે.

૧૫. વિમાન પૃથ્વી પર કાયમ સુરક્ષિત છે. પરંતુ તે એના માટે નથી બનાવ્યું અર્થાત્ થોડું મૂલ્યવાન જોખમ ઉઠાવો અને જીવન સફલ બનાવો.

૧૬. મનુષ્ય બોલવાનું તો ૩ વર્ષની ઉંમરમાં શીખી જાય છે. પરંતુ ક્યારે, ક્યાં અને શું બોલવું જોઈએ તે શીખવા માટે આખું જીવન નીકળી જાય છે.

૧૭. બધી અનુકૂળતા હોય તો આત્મવિશ્વાસ નથી વધતો પરંતુ પડકારોનો સામનો કરવાથી આત્મવિશ્વાસ વધે છે. **પડકારો માટે તૈયાર રહો.**

૧૮. અગર તમે તમારા કામમાં આનંદ મેળવતા હો તો કામમાં સફળતા નિશ્ચિત છે. પરંતુ જો તમે કામને મુસીબત સમજતા હોય તો સફળતા મેળવવામાં સંશય છે.

૧૯. જ્યારે સમય આપણી પ્રતીક્ષા (રાહ) નથી જોતો તો આપણે સાચા સમયની પ્રતીક્ષા (રાહ) કેમ કરીએ? સારું કામ કરવા માટે, કોઈપણ સમય ખરાબ નથી.

૨૦. જીવનમાં સફળતાની કોઈ સીમા નથી. પ્રાપ્ત સફળતાની આગળ પણ વધુ સફળતાઓ છે. આને જ અંતિમ સફળતા ન માનીને આગળ ચાલો.

૨૧. **વિચારોથી ઉદ્દેશ્ય, ઉદ્દેશ્યથી કર્મ, કર્મથી આદત, આદતથી ચારિત્ર્ય બને છે. ચારિત્ર્ય જ આપણા ભવિષ્યનો નિર્માતા છે. ચારિત્ર્યવાન બનો.**


૨૨. જેઓએ સફળતા મેળવી છે તેમણે અચાનક વિમાનમાં ઊડીને સફળતા નથી મેળવી, પરંતુ તેઓ સવારે વહેલા ઊઠીને પરિશ્રમ (મહેનત) કરતા હતા, જ્યારે આખી દુનિયા ઉંઘતી હતી.

૨૩. જિંદગી તો પોતાના બળ પર જીવી શકાય છે. જય હિંદ — શહીદ ભગતસિંહ.

૨૪. જે એક ભૂલને એકવાર કરે છે તે બુદ્ધિમાન, જે એક ભૂલને વારે વારે કરે તે મૂર્ખ, પરંતુ **જે બીજાની ભૂલોથી જ બોધ લે તે સૌથી મોટો બુદ્ધિમાન છે.**

*— સ્વામી વિવેકાનંદ પરિવ્રાજક*

# ખુશીઓનું ખાતું



ભરત અંજારિયા

ખુશીઓનું ખાતું ધરાવનાર ભાગ્યશાળી છે. આવું ખાતું ધરાવનારને કદી પસ્તાવો થતો નથી. ખુશીઓનું ખાતું ખોલવા માટે કોઈ આધાર કાર્ડ, પાન કાર્ડની જરૂર પડતી નથી. આવા ખાતા માટે કોઈ સાક્ષી કે ઓળખાણની આવશ્યક્તા પણ નથી. **ખુશીનું ખાતું નિર્વ્યાજ નિખાલસ પ્રેમ અને આનંદ આપે છે.**

ખુશીઓનું ખાતું ખોલ્યા બાદ તેમાં વહીવટ ચાલુ રાખવો પણ જરૂરી નથી. આવું ખાતું ગમે તે વ્યક્તિ, ગમે ત્યારે ખોલાવી શકે છે તથા એકથી વધુ ખાતા પણ ધારણ કરી શકે છે. આવા ખાતામાં વારસદાર કે નોમિનીની પણ જરૂર નથી.

ખુશીઓનું ખાતું ખોલનાર અને ખોલાવનાર બંને વચ્ચે ખુશીઓની વહેંચણી થાય છે. આવા ખાતા માટે કોઈ સમય મર્યાદા કે આકરા નિયમો નથી. આ પ્રકારના ખાતા માટે કોઈ બંધનો નડતા નથી. ખુશીનું ખાતું આબાલવૃધ્ધ બધા ખોલાવી શકે છે.

ખુશીનું ખાતું ખોલવા માટે કોઈ રકમની જરૂર પડતી નથી, કે અમુક રકમ કાયમ રાખવાનો નિયમ પણ નથી. ખુશીઓના ખાતા ખોલવા માટે સરવૈયું, આવક-જાવકનો હિસાબ કે લેખા-જોખાની જરૂર નથી. **ખુશીના ખાતામાં સદ્વ્યવહાર, સદ્વિચાર અને સદ્વાણીનું ચલણ ચાલે છે.**

ખુશીઓનું ખાતું આનંદ રૂપી ચક્રવૃદ્ધિ વ્યાજ આપે છે. આવા વ્યાજમાં કોઈ કર-કપાત કે ટી.ડી.એસ. પણ નથી. ખુશીઓના ખાતા ધારકની મૂડીમાં વૃદ્ધિ થતી રહે છે. આવા ખાતાઓની સંખ્યા વધુ હોય તો સારું. ખુશીના ખાતામાં આનંદ બેવડાય છે. અર્થાત્ લાગણીઓનો સરવાળો અને ગુણાકાર થાય છે. આવા ખાતામાં અદેખાઈ, અહંકાર, ઈર્ષ્યાની બાદબાકી થાય છે. આવા ખાતામાં ઉધારીને અવકાશ નથી. ખુશીના ખાતામાં જમા રાશિ વધતી રહે છે. **ખુશીઓની વહેંચણી કરવાથી ખુશી વધતી રહે છે.** ખુશીનું ખાતું અહિંસક હોય છે. ખુશીનું ખાતું ધરાવનાર ગર્વથી હરીફરી શકે છે.

માનવ જીવનમાં આર્થિક વ્યવહાર જરૂરી છે, તેવું જ સંતોષરૂપી ધનની સાચવણીનું છે. **ખુશીનું ખાતું જીવનની બેંકને સદ્ધર બનાવે છે.** આવો, આપણે પણ આવનાર ૨૦૨૧ની સાલમાં ખુશીઓના ખાતા વડે જીવનને સાર્થક તથા સદ્ધર બનાવીએ.

*'આસોપાલવ', ઇન્કમટેક્સ સોસાયટી,*
*રૈયા રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૭.*
*મો. ૯૨૬૪ ૧૭૮૫૪*

## મકર સંક્રાંતિ પર્વની વિવિધ પરંપરાઓ...

**(અનુસંધાન : પાના નં. – ૧૨ ઉપરથી ચાલુ)**

તલના ભોજ્ય પદાર્થોથી પૂજા કરી કૃષિ દેવતા પ્રત્યે કૃતજ્ઞતા પ્રગટ કરવામાં આવે છે. કૃષિ અંતર્ગત પશુ આહાર, અન્ન, ફળ, ફૂલ, સમૃદ્ધિના મૂળ ઉત્પાદક સ્રોત ગાય અને બળદને સ્નાન કરાવી તેમને સજાવે છે અને પૂજા કરે છે. ત્યારબાદ બળદની લડાઈ થાય છે. તેને મત્તુ પોંગલ પણ કહે છે. **તામિલનાડુમાં તમિલ પંચાંગનું નવું વર્ષ જ પોંગલથી શરૂ થાય છે.** પંજાબ, જમ્મુ-કાશ્મીર તથા હિમાચલ પ્રદેશમાં લોહડીના નામથી મકર સંક્રાંતિનું પર્વ મનાવવામાં આવે છે. એક પ્રચલિત લોકકથા પ્રમાણે મકર સંક્રાંતિના દિવસે કંસે શ્રીકૃષ્ણને મારવા માટે લોહિતા નામની રાક્ષસીને ગોકુળમાં મોકલી હતી, જેને શ્રીકૃષ્ણે ખેલ-ખેલમાં જ મારી નાખી હતી. એ ઘટનાના ફળ સ્વરૂપ લોહડી પર્વ મનાવવામાં આવે છે. સિંધી સમાજમાં પણ મકર સંક્રાંતિના એક દિવસ પહેલા જ લાલ લોહીના રૂપમાં મનાવવામાં આવે છે.

રાજસ્થાનની પ્રથા પ્રમાણે આ દિવસે સૌભાગ્યવતી મહિલાઓ તલના લાડુ તથા ચુરમાના લાડુ બનાવીને તેની ઉપર સિક્કો રાખીને બાનાના રૂપમાં સાસુ-સસરાને અથવા અન્ય વડીલ વૃદ્ધ વ્યક્તિઓને પાવ લગાવીને આપે છે. રાજસ્થાન - હરિયાણામાં ખાસ કરીને દાલ-બાટી-ચુરમા, ખીર-પૂરીનો ભોગ ભગવાનને લગાવીને ભોજન કરાવવામાં આવે છે. વિભિન્ન સ્થળો ઉપર વિશાળ કુસ્તી દંગલનું આયોજન કરવામાં આવે છે. રાજસ્થાનની રાજધાની જયપુરમાં પતંગ સ્પર્ધા વ્યાપક સ્તર ઉપર થાય છે. આ પ્રકારે દેશના વિભિન્ન ભાગોમાં મકર સંક્રાંતિ પર્વ ઉપર વિવિધ પરંપરાઓ પ્રચલિત છે. દક્ષિણ બિહારના મદાર ક્ષેત્રમાં પણ એક મેળો ભરાય છે. વિભિન્ન પરંપરાઓ અને રીત-રિવાજોની અનુરૂપ મહારાષ્ટ્રમાં એવું માનવામાં આવે છે કે મકર સંક્રાંતિથી સૂર્યની ગતિ તલ-તલ વધવા લાગે છે. એટલા માટે આ દિવસે તલના વિભિન્ન મિષ્ટાન્ન બનાવીને એકબીજાને વહેંચવામાં આવે છે અને શુભ કામનાઓ આપીને તહેવાર મનાવવામાં આવે છે. મહારાષ્ટ્ર અને ગુજરાતમાં મકર સંક્રાંતિ પર્વ ઉપર અનેક ખેલ પ્રતિયોગીતાઓનું પણ આયોજન થાય છે. આમ, મકર સંક્રાંતિ દેશ, દુનિયા, સમાજ, લોકો, ભાષા, ઈતિહાસ, વર્ણ, જાતિ બધાને એકબીજા સાથે જોડે છે અને દોડે છે. એટલે જ મકર સંક્રાંતિને એક પવિત્ર તહેવાર તરીકે સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવે છે.

*સંદર્ભ : વિકિપીડિયા, વિવિધ અખબારી અહેવાલો અને જાણીતા તમામ લેખકોના બ્લોગ ઉપરથી માહિતી લેવામાં આવી છે.*

*"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ, વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫*



સાંપ્રત

# માત્ર એક દિવસ નહીં પણ રોજ ઉજવીએ "ભારતીય સેના દિવસ"



જાગૃતિ તન્ના "જાનકી"

*धूप हो या छाँव, बारिश हो या बर्फ,*
*उनको इनसे कुछ नहीं पडता फर्क,*
*उनके लिए सबसे पहले उनका फर्ज*
*मानकर देशसेवा को अपना कर्म-धर्म,*
*भारतमाता का हर रोज चुकाते कर्ज,*
*देश के उन वीरों पर पूरे देश को है गर्व.*

*– जानकी*

૧૫ જાન્યુઆરી એટલે આપણા દેશની આન, બાન અને શાન એવા ભારતમાતાના વીર - લાલ એવા સૈનિકોને સમર્પિત "ભારતીય સેના દિવસ." આ દિવસ **સ્વતંત્ર ભારતના પહેલા આર્મી ચીફ ફિલ્ડ માર્શલ કે.એમ. કરિઅપ્પા - કોડંડેરા મડપ્પા કરિઅપ્પાના** સન્માનમાં ઉજવવામાં આવે છે. તેમણે દેશ માટે અનેક ઉલ્લેખનીય કાર્યો કર્યા છે. ૧૫ જાન્યુઆરી, ૧૯૪૯ના રોજ બ્રિટીશ આર્મી ચીફ જનરલ સર ફ્રાન્સિસ બચર પાસેની ભારતીય સેનાની કમાન તેમને સોંપવામાં આવી અને ભારતીય સેનાના પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. માટે છેલ્લા ૭૨ વર્ષથી દર વર્ષે ૧૫ જાન્યુઆરીને ભારતીય સેના દિવસ તરીકે ઉજવવામાં આવે છે અને આ વર્ષે ૧૫ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ ૭૩મો ભારતીય સેના દિવસ ઉજવાશે.

આપણે આજે આપણા પરિવાર સાથે ખુશીથી રહી શકીએ છીએ, આપણને મનગમતી પ્રવૃત્તિ કરી શકીએ છીએ, સ્વતંત્રતાથી ભયમુક્ત જીવન જીવી શકીએ છીએ એનો યશ દેશની બોર્ડર પર રાત-દિવસ આપણી રક્ષા કરતા ભારત માતાના વીર સપૂત સૈનિકોને જાય છે કેમકે **તેઓ આપણા દેશનું એક એવું વ્યક્તિત્વ છે, જેના થકી દેશના દરેક વ્યક્તિનું અસ્તિત્વ સલામત છે.** તેમનું કામ પરોક્ષ રીતે દરેક વ્યક્તિના વ્યક્તિત્વ, વિકાસ પાછળ કામ કરે છે. આજે આપણે આપણી જિંદગીમાં જે કંઈપણ સફળતા મેળવી શક્યા છીએ એમાં એમનો બહુ મોટો ફાળો છે. તેઓ છે, તો આપણે છીએ. આપણી દરેક રાતની ભયમુક્ત નીંદર પાછળ તેમની દરેક રાતની સજાગ નીંદર રહેલી છે.

સૈનિક બનવા માટે માત્ર લોખંડી શરીર નહીં પણ વિશાળ હૃદય પણ જોઈએ. બીજાની ખુશીઓ માટે પોતાની ખુશીઓની કુરબાની આપવા માટે કાળજામાં દેશપ્રેમ અને બલિદાનની અખંડ પ્રગટતી જ્યોત જોઈએ.

આપણા દરેકની દરેક ક્ષણ ઈશ્વર, માતા-પિતા બાદ જો કોઈની ઋણી હોય તો એ આપણા દેશના વીર સૈનિકોની છે અને એ સૈનિકોના પરિવારની છે. આપણે આમ તો તેમનું ઋણ ચૂકવી શકીએ તેમ નથી, પરંતુ આપણે ભલે એમના માટે બીજું કંઈ ન કરી શકીએ પણ ભારતીય સૈનિક દિવસ પર એક સંકલ્પ કરીએ કે આપણે દરરોજ ભારતમાતાના રક્ષકોની રક્ષા કાજે ઈશ્વરને પ્રાર્થના કરીશું. જેઓ દરરોજ પોતાનો જીવ જોખમમાં મૂકીને પોતાના ઘર-પરિવારથી દૂર રહીને આપણા દરેકના જીવનું રક્ષણ કરે છે. તો પછી એમના જીવની રક્ષા માટે આપણે ઘેર બેઠા દરરોજ પ્રાર્થના તો કરી જ શકીએ ને! તો ચાલો, **એક નવી પહેલ કરીએ. આપણી દરેક પળે રક્ષા કરતા સૈનિકો માટે માત્ર એક દિવસ સેના દિવસ તરીકે ઉજવવાને બદલે દરરોજ તેમના માટે પ્રાર્થના કરીને દરરોજ સેના દિવસ ઉજવીએ.**

જયહિંદ... જય ભારત...

*દેશના દરેક સૈનિકોને વંદન સહ સમર્પિત મારી એક પીરામિડ કવિતા*


*સૈનિક*
*રક્ષક સૈનિક*
*બહાદુર સૈનિક*
*દેશનું ગૌરવ સૈનિક*
*બલિદાન પ્રતીક સૈનિક*
*દરેક માનું અભિમાન સૈનિક*
*ભારતમાતાના સાચા લાલ સૈનિક*
*વાસ્તવિક જગતના સાચા હીરો સૈનિક*
*જેમના ઋણી દરેક જીવનો શ્વાસ તે સૈનિક*
*ઘર-પરિવારનો ત્યાગ કરતા સાચા સાધુ સૈનિક*
*જેમને આભારી આપણી સ્વતંત્ર જિંદગી તે સૈનિક*
*જેમના કારણે આપણી જિંદગી હસતી રમતી તે સૈનિક*
*જેમના અસ્તિત્વ થકી છે દરેકનું અસ્તિત્વ ઉજળું તે સૈનિક*
*દેશને માટે પોતાનું રક્ત વહાવતા સાચા રક્તદાતા સૈનિક*
*છેલ્લા શ્વાસ સુધી લડત આપતા લડવૈયાઓ સૈનિક*
*સામી છાતીએ ઘા સહેનારા સાચા શૂરવીર સૈનિક*
*સ્વજીવ હારીને પણ દેશને જીતાડનાર સૈનિક*
*આપણી પ્રાર્થનાના પ્રથમ હક્કદાર સૈનિક*
*સન્માન ને સલામના હક્કદાર સૈનિક*
*દુશ્મનોનો સંહાર કરતા સૈનિક*
*શહાદતને વહોરતા સૈનિક*
*સાચા દેશપ્રેમી સૈનિક*
*સદા અમર સૈનિક*
*નીડર સૈનિક*
*સૈનિક.*

*માધાપર, શેરી નંબર-૧,*
*મોરબી-૩૬૩ ૬૪૧. મો. ૯૯૨૪૨ ૧૫૦૪૦*



પર્વ વિશેષ

# વિભિન્ન ભાગોમાં મકર સંક્રાંતિ પર્વની વિવિધ પરંપરાઓ....



ડૉ. મિહિર એમ. વોરા

મિત્રો, ૨૦૨૦નું વર્ષ ખૂબ દુઃખદ રહ્યું છે ત્યારે ૨૦૨૧નું વર્ષ નવી સવાર અને આશા લઈને આવે છે ત્યારે કોરોના સંક્રમણ વચ્ચે પેલો લાડીલો તહેવાર આવશે મકરસંક્રાંતિ. મિત્રો, અહીં મેં માત્ર માહિતી આપી છે જેની નોંધ લેવા વિનંતી છે. જેમાં વિવિધ સંદર્ભનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

ઉત્તરાયણ એટલે મકરસંક્રાંતિ અને પતંગનું ઋતુવિજ્ઞાન છે એવી સાદી સમજ છે. ઉત્તરાયણ શબ્દની ઉત્પત્તિ સમજવા જેવી છે. આ શબ્દનો સંસ્કૃત અર્થ એટલે 'ઉત્તરાયન.' ઉત્તર + અયન = ઉત્તરાયન અર્થાત્ ઉત્તર તરફનું પ્રયાણ. આ દિવસે સૂર્ય પૃથ્વીની આજુબાજુની પોતાની પરિભ્રમણની દિશામાં પણ પરિવર્તન કરી ઉત્તર દિશા તરફ ખસે છે. માટે ઉત્તરાયણ એટલે સૂર્યનું ઉત્તર તરફનું પ્રયાણ... સૂર્યના આ પરિવર્તનથી આ દિવસે રાત-દિવસ સરખા એટલે કે ૧૨-૧૨ કલાકના હોય છે અને બીજા દિવસથી શિયાળાની લાંબી રાત ટૂંકી બને છે. એટલે કે ઉત્તરાયણ પછી દિવસ લાંબો અને રાત ટૂંકી બની જાય છે. આ ઉપરાંત ઉત્તરાયણને મકરસંક્રાંતિ પણ કહે છે. આ દિવસે સૂર્ય ઉત્તરની સાથે સાથે એક રાશિમાંથી બીજી રાશિમાં સ્થળાંતર કરે છે. સૂર્યની આ ક્રિયાને સંક્રાંતિ કહેવાય છે. આ પ્રમાણે બાર રાશિ પ્રમાણે વર્ષમાં કુલ બાર સંક્રાંતિઓ થાય છે. ગુજરાત અને ભારતના ઘણા વિસ્તારોમાં તો આ દિવસે પતંગ ચગાવી, આ પર્વને ઉજવે છે. આજે ઉત્તરાયણનો પર્યાય પતંગ બની ગયો છે. પણ પતંગનો ઈતિહાસ ખૂબ જૂનો છે. મહાભારત યુગની પ્રામાણિક આસ્થાઓ પ્રમાણે સર્વવિદિત છે કે, તે યુગના મહાન નાયક ભીષ્મ પિતામહ શરીરથી ક્ષત-વિક્ષત હોવા છતાં મૃત્યુ શૈયા ઉપર પડીને જીવ ત્યાગવા માટે સૂર્યના ઉત્તરાયણ પ્રવેશની રાહ જોતા રહ્યા હતા. ભીષ્મને ઈચ્છામૃત્યુનું વરદાન પ્રાપ્ત હતું. એવી માન્યતા છે કે સૂર્યના ઉત્તરાયણ થવાનો અર્થ મોક્ષનો દ્વાર ખૂલવાનો છે. ભારતીય જ્યોતિષ પ્રમાણે મકર સંક્રાંતિના દિવસે સૂર્ય એક રાશિથી બીજી રાશિમાં થયેલ પરિવર્તનને અંધકારથી પ્રકાશ તરફ થયેલ પરિવર્તન માનવામાં આવે છે. મકર સંક્રાંતિથી દિવસ મોટો થવાને લીધે પ્રકાશ વધુ રહેશે અને રાત્રિ નાની થવાથી અંધકારની અવધિ પણ ઓછી થઈ જશે. એ બધા જાણે છે કે સૂર્ય ઊર્જાનો અજસ્ર સ્રોત છે. સૂર્યના વધુ સમય સુધી ચમકતા રહેવાથી પ્રાણી જગતમાં ચેતના અને તેમની કાર્ય શક્તિમાં વૃદ્ધિ થાય છે. એટલા માટે આપણી સંસ્કૃતિમાં મકર સંક્રાંતિ પર્વ મનાવવાનો વ્યવહારિક પક્ષમાં પણ ઓછું મહત્ત્વપૂર્ણ નથી. ખગોળશાસ્ત્રીઓના માનવા પ્રમાણે આ દિવસે સૂર્ય પોતાની કક્ષાઓમાં પરિવર્તન કરી દક્ષિણાયનથી ઉત્તર થઈને મકર રાશિમાં પ્રવેશ કરે છે. **જે રાશિમાં સૂર્યની કક્ષાનું પરિવર્તન થાય છે, તેને સંક્રમણ કે સંક્રાંતિ કહેવામાં આવે છે.**



આપણા ધર્મગ્રંથોમાં સ્નાનને પુણ્યજનકની સાથે સાથે સ્વાસ્થ્યની દૃષ્ટિએ પણ લાભદાયી માનવામાં આવે છે. મકર સંક્રાંતિથી સૂર્ય ઉત્તરાયણ થઈ જાય છે, ગરમ મોસમની શરૂઆત થવા લાગે છે. એટલા માટે તે સમયે સ્નાન સુખદાયી લાગે છે. મકર સંક્રાંતિના દિવસે ગંગા સ્નાન તથા ગંગા તટ ઉપર દાનનો વિશેષ મહિમા છે. તીર્થરાજ પ્રયાગમાં મકર સંક્રાંતિ મેળો તો આખા વિશ્વમાં વિખ્યાત છે. મકર સંક્રાંતિ પર્વ ઉપર અલ્હાબાદ (પ્રયાગ)ના સંગમ સ્થળ ઉપર દર વર્ષે લગભગ એક મહિના સુધી માઘ મેળો ચાલે છે. અહીં બાર વર્ષમાં એકવાર કુંભ મેળો ભરાય છે. તે પણ લગભગ મહિના સુધી ચાલે છે. આ પ્રકારે છ વર્ષોમાં અર્ધ કુંભ મેળો પણ ભરાય છે.

દક્ષિણ ભારતમાં મકર સંક્રાંતિને પોંગલના રૂપમાં મનાવવામાં આવે છે. આ દિવસે તલ, ચોખા, દાળની ખીચડી બનાવવામાં આવે છે. નવી ફસલના ચોખા તથા મગની દાળ,

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૦ ઉપર)**

વિચારમંચ

# આપણને વિવેક બુધ્ધિવાદની જરૂર છે



ડૉ. યાસીન દલાલ

સુરત શહેરમાં એક મકાન આવેલું છે. આમ તો સુરત જેવડા મોટા શહેરમાં લાખો મકાનો હશે, પણ આ મકાન વિશિષ્ટ છે. એના નામ માટે વિશિષ્ટ છે અને એમાં રહેતા સજ્જનની વિચારસરણી માટે વિશિષ્ટ છે. આ મકાનનું નામ 'મૃત્યુ' છે. એમાં રહેનાર સજ્જને પોતાના બે પુત્રોના નામ 'રાવણ' અને 'દુર્યોધન' રાખ્યા છે. આ સજ્જનનું કહેવું છે કે, **જીવનમાં એક જ વસ્તુ નિશ્ચિત છે અને તે મૃત્યુ.** દરેક માણસ મરશે એ નક્કી જ છે. કોઈ માણસ કેટલું કમાશે એ નક્કી નથી. કોઈ માણસને કઈ નોકરી મળશે અને એમાં ક્યારે પ્રમોશન મળશે એ નક્કી નથી. કોઈ માણસ પાસે કરોડો રૂપિયા હોય પણ એ ક્યારે જતા રહેશે એ પણ નક્કી નથી. કોઈ માણસનું મકાન પૂરમાં ક્યારે તણાઈ જશે, કે ધરતીકંપમાં ક્યારે તૂટી પડશે એ નક્કી નથી. પણ દરેક માણસે ક્યારેક મરવું પડશે એ નક્કી જ છે. કોઈ માણસ લાંબુ જીવે કે કોઈ માણસ ટૂંકું જીવે એ જુદી વાત છે, પણ બધા માણસોએ મરવાનું તો નક્કી જ હોય છે.

આ મકાન માલિક કેટલું ભણેલા છે કે એમની વિચારસરણી કેવી છે, એની ખબર નથી. પણ એક વાત પાકી, કે આ વિચારસરણીનું બીજું નામ રેશનાલિઝમ છે. રેશનાલિઝમને ગુજરાતમાં વિવેક બુધ્ધિવાદ અથવા બુધ્ધિ પ્રમાણ્યવાદ કહેવામાં આવે છે. એની સરળ સમજૂતીમાં કહી શકાય કે, **'કોઈ વાત ફલાણા સાધુએ કે ફલાણા મુનિએ કે ફલાણા મૌલવીએ કીધી છે એટલે સાચી માનવી નહીં. કોઇ પણ વાત બુધ્ધિ કે તર્કની કસોટીએ પાર ઉતરે અને વૈજ્ઞાનિક પ્રયોગથી સિધ્ધ થઈ હોય તો જ સાચી માનવી.'** આ સજ્જને પોતાના દીકરાઓના નામ રાવણ અને દુર્યોધન કેમ પાડ્યા? એમનું કહેવું એમ છે કે, માણસના નામ ગમે તે હોય, એ શું બનશે અને મોટા થઇને શું કરશે એનો આધાર એના ઉછેર પર હોય છે.

હું એમને સારામાં સારા સંસ્કાર આપીશ અને એમને સજ્જન બનાવવાની પૂરી કોશિશ કરીશ. આ વિચારધારા પણ રેશનાલિઝમને મળતી આવે છે. રાવણ અને દુર્યોધનના નામ દુર્ગુણના પ્રતીક છે. પણ સામ્યવાદી વિચારધારા કહે છે કે માણસના સંસ્કાર એની પરવરીશ અથવા એના ઉછેર પર આધાર રાખે છે.

**રાજ કપૂરની ફિલ્મ 'આવારા'ની કહાની આ જ હતી.** એના હીરોનું બાળપણમાં અપહરણ કરી જાય છે અને પોતાના અડ્ડામાં એને ઉછેરે છે. એ તાલીમ આપીને એને ખિસ્સા કાતરું બનાવે છે. ફિલ્મની વાર્તા જાણીતા ડાબેરી લેખક કે. અબ્બાસની હતી. સામ્યવાદ, વિચારની દૃષ્ટિએ રેશનાલિઝમને મળતો આવે છે.

વાચકને નવાઈ લાગશે કે વિશ્વનો પહેલો રેશનાલિસ્ટ અને પહેલો નાસ્તિક ભારતે આપ્યો હતો. ચારવાક્ નામના આ ઋષિ કહેતા, 'રુણં કુતવા પિબેત ગૃતમ્.' મતલબ કે કરજ કરીને પણ ઘા પીઓ. આ વાક્યનો શબ્દાર્થ નહીં પણ વાચ્યાર્થ લેવાનો છે. અહીં ધ્વનિ એ કે, **જીવન માણવા માટે છે. કુદરતે જીવન આપ્યું છે તો એને ભોગવવું જોઈએ.** કહેવાનો અર્થ એ નથી કે જીવન ભોગવિલાસ માટે છે. કહેવાનો અર્થ એ છે કે જીવન મિથ્યા નથી, જીવન કુટુંબ કબીલાને છોડીને સાધુત્વ અપનાવવા માટે નથી. જો બધા જ માણસો સાધુ બની જાય તો દુનિયાનો વ્યવહાર જ અટકી જાય. લગ્નપ્રથા, કુટુંબપ્રથા, નોકરી અને વ્યવસાય બધું જ બધું થંભી જાય. **જાણીતી નવલકથા 'ચિત્રલેખા' ઉપરથી ફિલ્મ બની હતી.** એમાં મુખ્ય ગીતમાં આ જ સંદેશો આબેહૂબ ઝીલી લેવાયો છે. સંસાર સે ભાગે ફિરતે હો, ભગવાન કો તુમ ક્યા પાઓગે? યે ભોગ ભી એક તપસ્યા હૈ, તુમ ત્યાગ કે મારો, ક્યા જાનો? અપમાન રચેતાકા હોગા, રચના કો અગર ઠુકરાઓગે.'

મતલબ સાફ છે : જે લોકો એમ કહે છે કે આ સૃષ્ટિનું નિર્માણ ભગવાન કે ખુદાએ કર્યું છે, તો એ સંસારને ઠુકરાવાથી ભગવાનનું જ અપમાન નહીં થાય. અહીં રેશનાલિઝમનું ચાવીરૂપ લોજિક લગાડાયું છે. પણ અફસોસ કે ચારવાકના જ દેશમાં આપણે એને જ ભૂલી ગયા છીએ. **ચારેબાજુ ધર્મને નામે ધતિંગ ચાલે છે.** ઢોંગી સાધુબાવાઓ અને ઢોંગી મુલ્લા મૌલવીઓ પ્રજાને ગેરમાર્ગે દોરે છે. મૌલવીઓ પૈસા લઇને ફરમાઇશ મુજબ ફતવાઓ કાઢે છે. આ ગાંધીજીના સત્યાગ્રહની શતાબ્દીનું વર્ષ છે. તો એ પણ જાણી લઈએ કે ગાંધીજીએ તો આલીમાં હિંદુ મુસ્લિમોને લોહિયાળ રમખાણોમાં એકબીજાના ગળા કાપતા જોયા ત્યારે એમણે ખિન્ન થઇને કહ્યું હતું કે, ધર્મના નામે હિંસા થતી હોય એના કરતા લોકો નાસ્તિક થઈ જાય તો સારું. આ વાત કપોળ કલ્પિત નથી પણ 'ગાંધી નાસ્તિક સંવાદ' નામની

પુસ્તિકામાં એનું વિગતવાર વર્ણન આપેલું છે. નવજીવન ટ્રસ્ટે આ પુસ્તિકા છાપી છે. આપણા જાણીતા રેશનાલિસ્ટ શ્રી ગોરાએ ગાંધીજી સાથે આ અંગે વિસ્તૃત પત્ર વ્યવહાર કર્યો હતો, એ આખો પત્ર વ્યવહાર એમાં છપાયેલો છે.

મોટાભાગની વિચારસરણી ભારતમાં જન્મી છે અને અહીંથી વિદેશ ગઈ છે. રેશનાલિઝમ આવી જ એક વિચારધારા છે. યુરોપ ૧૯મી સદી સુધી અત્યંત ધાર્મિક હતું. પણ બે ભીષણ વિશ્વયુધ્ધ થયા અને એમાં દોઢથી બે કરોડ માણસો હોમાઈ ગયા એ પછી ત્યાંની પ્રજા ખળભળી ઊઠી. લોકોને પ્રશ્ન થયો કે કરોડો માણસોને મારી નાખનાર હિટલર અને મુસોલિની જેવા ક્રૂર સરમુખત્યારોને પેદા કોણે કર્યા? વિશ્વયુધ્ધનો ભોગ બનેલા લોકોમાં સ્ત્રીઓ, બાળકો અને પાદરીઓનો પણ સમાવેશ થતો હતો. આ બધા લોકો તદ્દન નિર્દોષ હતા. બર્લિન શહેર આખું તૂટી ગયું. એના બે ભાગ થઈ ગયા. બે ભાગની વચ્ચે મોટી દીવાલ ચણાઈ ગઈ. મુઠ્ઠીભર સરમુખત્યારોની જીદને કારણે નકશા ઉપરથી કેટલાક દેશો અને કેટલાય શહેરો ભૂંસાઈ ગયા. આવા ક્ષુબ્ધ વાતાવરણમાં અનેક નવી વિચારધારાઓ જન્મી. **અસ્તિત્વવાદ અને રેશનાલિઝમ** આવી જ બે વિચારધારાઓ હતી. નિત્સે નામના વિચારકે છાપામાં મોટી જાહેરાત આપી જેનું શીર્ષક હતું : 'ઈશ્વરનું અવસાન થયું છે, આવતીકાલે ફલાણી જગ્યાએ એની શોકસભા રાખી છે.' આ સભામાં હજારો માણસો ઉમટી પડ્યા. ત્યાં નિત્સેએ જે પ્રવચન આપ્યું તે વિશ્વના શ્રેષ્ઠ પ્રવચનોમાં સ્થાન પામે તેવું છે. રેશનાલિઝમનો તે મહામંત્ર છે. આ પછી સમગ્ર યુરોપમાં રેશનાલિઝમની પ્રચંડ લહેર ફેલાઈ ગઈ. રેશનાલિઝમનો એક અર્થ વિજ્ઞાનવાદ પણ થાય છે. આ અર્થ કહે છે કે **માણસે પ્રગતિ કરવી હોય તો વિજ્ઞાન અને ટેકનોલોજીની મદદથી થઈ શકશે.**

જ્યોતિષ મંત્રતંત્ર અને ચમત્કારોથી કશું સિધ્ધ નહીં થાય. વિશ્વયુધ્ધ પછી યુરોપિયન દેશોએ અને અમેરિકાએ ટેકનોલોજીની બાબતમાં જે પ્રચંડ છલાંગ લાવી, તે આપણી નજર સમક્ષ છે. અત્યારે દુનિયા કોમ્પ્યુટર, ઈન્ટરનેટ અને મોબાઈલ ફોનના યુગમાં જીવે છે. આપણે આ બધી શોધોનો ઉપયોગ કરીએ છીએ અને એમાંથી લાભ મેળવીએ છીએ પણ વૈજ્ઞાનિક દષ્ટિબિંદુ અપનાવતા નથી. કોમ્પ્યુટરનો ઉપયોગ કુંડળી બનાવવામાં કરીએ છીએ. મોબાઈલ ફોનનો ઉપયોગ કોલેજના યુવક-યુવતીઓ રોમિયોગીરીમાં કરે છે. વિદ્યાર્થીઓ પરીક્ષા ખંડમાં મોબાઈલ લઈ જાય છે અને એનો ઉપયોગ પરીક્ષામાં ચોરી કરવા માટે કરે છે.

આ દૂષણો રોકી શકાય, પણ **સાચી જરૂર વૈજ્ઞાનિક દષ્ટિબિંદુ જીવનના દરેક ક્ષેત્રમાં અપનાવવાની છે.** રેશનાલિઝમ, એ એક જીવન જીવવાની પધ્ધતિ છે. એનો ટુકડે બટકે ઉપયોગ કરી શકાય નહીં. સમગ્ર જીવનમાં એને ઉતારવો પડે અને એ મુજબ જીવનનો ઢાંચો બદલવો પડે. માણસને માટે આ અઘરી વાત છે, પણ અશક્ય નથી.

રેશનાલિસ્ટની વિચારધારા વ્યક્તિ માટેની નહીં, પણ સમસ્ટિ માટેની હોય છે. મતલબ કે એ વિચારે છે ત્યારે પોતાની જાતને કેન્દ્રમાં રાખવાને બદલે સમગ્ર સમાજને કેન્દ્રમાં રાખે છે અને વ્યાપક દષ્ટિથી વિચારે છે. આ અર્થમાં રેશનાલિઝમ એ એક પ્રકારનો માનવધર્મ છે. સંપ્રદાયના કેન્દ્રમાં ઈશ્વર હોય છે ત્યારે રેશનાલિઝમના કેન્દ્રમાં માણસ હોય છે. એન.એન. રોયની વિચારધારા રેડિકલ યુરેનિઝમ અથવા નવમાનવવાદ તરીકે ઓળખાય છે. એ પણ રેશનલ વિચારધારાની નજીક છે.

રેશનાલિઝમ, પ્રારબ્ધને બદલે પુરુષાર્થ ઉપર ભાર મૂકે છે. **વિશ્વયુધ્ધમાં બરબાદ થઈ ચૂકેલા જાપાન અને જર્મની પ્રચંડ પુરુષાર્થથી ફરી એકવાર મહાસત્તા બની ચૂક્યા છે.** આપણે વિશ્વમાં ૧૭૦માં ક્રમે છીએ. આપણી ૩૦થી ૪૦ ટકા વસતી ગરીબીની રેખાની નીચે જીવે છે. મુંબઈમાં ૮ લાખ લોકો ફૂટપાથ ઉપર સૂવે છે અને ૩૦ લાખ લોકો ઝુંપડપટ્ટીમાં રહે છે.

કાર્લ પોપર બુધ્ધિનિષ્ઠા ઉપર ભાર મૂકે છે. એ કહે છે કે બુધ્ધિનિષ્ઠા કેળવવી, તે અત્યંત મુશ્કેલ છે. માણસ રેશનલ પ્રાણી છે પણ સૌથી વધારે રેશનલ માણસો ઘણી બાબતોમાં સાવ ઈરરેશનલ હોય છે. **બુધ્ધિનિષ્ઠાનો અર્થ સમસ્યાઓ તરફ આલોચનાત્મક અભિગમ અપનાવવાનો છે.** રેશનાલિઝમ અને વૈજ્ઞાનિક વિચારાધારા કહે છે કે, કોઈપણ સત્ય અંતિમ હોઈ શકે નહીં.

*સૌજન્ય પબ્લિકેશન્સ*
*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી, રાજકોટ - ૩૬૦ ૦૦૭.*
*ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭*


## એક (સંખ્યા - ૧)ની પાછળ મીંડાનું મહત્ત્વ

| | | | |
|---|---|---|---|
| એક શૂન્ય | = દસ | તેર શૂન્ય | = પદ્મ |
| બે શૂન્ય | = સો | ચૌદ શૂન્ય | = મહાપદ્મ |
| ત્રણ શૂન્ય | = હજાર | પંદર શૂન્ય | = શંકુ |
| ચાર શૂન્ય | = દસ હજાર | સોળ શૂન્ય | = જલાધિ |
| પાંચ શૂન્ય | = લાખ | સત્તર શૂન્ય | = અંત્ય |
| છ શૂન્ય | = દસ લાખ | અઢાર શૂન્ય | = મધ્ય |
| સાત શૂન્ય | = કરોડ | ઓગણીસ શૂન્ય | = પરાર્ધ |
| આઠ શૂન્ય | = દસ કરોડ | વીસ શૂન્ય | = મહા પરાર્ધ |
| નવ શૂન્ય | = અબજ | એકવીસ શૂન્ય | = ધૂન |
| દસ શૂન્ય | = દસ અબજ | બાવીસ શૂન્ય | = મહાધૂન |
| અગિયાર શૂન્ય | = ખર્વ | ત્રેવીસ શૂન્ય | = અક્ષોહિની |
| બાર શૂન્ય | = નિખર્વ | ચોવીસ શૂન્ય | = મહા અક્ષોહિની |

ગુલશન


# "દિલની જબાન"

## ગઝલકાર : ભૂપેન્દ્ર શેઠ "નીલમ" : મણકો-૨



ચંદ્રકાંત પટેલ 'સરલ'

મનોવ્યાપાર જેમ ભાષા દ્વારા થાય છે, તેમ વાણી દ્વારા પણ વ્યક્ત થાય છે. વાણીના પણ પરાથી માંડીને વૈખરી સુધીના ચાર પ્રકાર છે. **વાણીની કલા એટલે સાહિત્યકારની શબ્દો દ્વારા મનોભાવ પ્રગટ કરવાની નિરૂપણ પદ્ધતિ.**



ભૂપેન્દ્ર શેઠ 'નીલમ'

સાહિત્ય જગતમાં આવા શબ્દના બંદા છે ભૂપેન્દ્ર શેઠ. 'નીલમ' ઉપનામથી તેઓ ગઝલ સર્જન કરી રહ્યા છે. આજના પ્રતિષ્ઠિત કવિઓની પંગતમાં તેમનું એક નામ છે. ૪થી ડિસેમ્બર, ૧૯૪૮માં જન્મેલા આ કવિએ અર્થશાસ્ત્ર વિષયમાં બી.એ. કરી જામનગરને કર્મભૂમિ બનાવી જામનગરમાં પ્લાસ્ટિક પેકિંગ મટિરિઅલ્સનો વ્યવસાય શરૂ કર્યો છે, ને તેમાં સફળતા પ્રદાન પણ કરી છે.

આ ગઝલકારના અત્યાર સુધીમાં ૧૬ જેટલાં ગઝલ વિષયક પુસ્તકો બહાર પડી ચૂક્યા છે. તેમની ૫૦ જેટલી ગઝલો તો ઉર્દુભાષામાં અનુવાદિત થઈ છે અને ભાવકોમાં અભીષ્ટ થઈ છે.

ભૂપેન્દ્ર શેઠ 'નીલમ'ની પ્રત્યેક તામીરમાં હૃદયલક્ષી ઉત્તુંગ વિચારોનું સંસ્કારમંડિત મોજું નિખાર પામી અભિવ્યક્ત થયેલું જોઈ શકાય છે. કવિનો અનુભવ, દૂરંગામી દૃષ્ટિ અને અભિવ્યક્ત કરવાની કવિની કલાએ સીધા, સાદા અને સરળ શબ્દોમાં લખાયેલી ગઝલોનો સુદઢ દેહ ઘડ્યો છે. કવિએ ગઝલોમાં નિરૂપેલું સૌંદર્ય અનુભવદત્ત હોવાનું સ્ફુટ થઈ રહ્યું છે અને એ અનુભૂતિ, દર્શનતામાં કલ્પનાનો વિનિયોગ સંક્રમણ થતાં હૃદયંગમ ગઝલો કવિની કલમમાંથી આવિર્ભાવ પામી છે.

વણિકનું લક્ષ્ય સદૈવ વેપાર વાણિજ્યમાં જ આવેષ્ટિત થયેલું હોય છે, પણ **ભૂપેન્દ્ર શેઠનું લક્ષ્ય સેવા તરફ સંબધ્ધ અને નિમગ્ન રહ્યું છે. પરોપકારી રંગે રંગાયેલું તેમનું હૃદય અતિ ઋજુ છે, સંવેદનશીલ છે.** અન્યને મદદરૂપ થવું એ તેમનો જીવનમંત્ર છે.

ભૂપેન્દ્ર શેઠ માત્ર કવિ-શાયર જ નથી, પુસ્તકપ્રેમી અને સારા સંગ્રાહક પણ છે. **પુસ્તકો અને સંગ્રહ કરેલી અમૂલ્ય વસ્તુઓ સાચવવા માટે તેમણે અલગ ફ્લેટ ખરીદ્યો છે. આવું આપણે ક્યાંય જોયું નહીં હોય, પણ વાત સત્ય છે. તેમની પાસે એક મ્યુઝિયમમાં સમાય તેટલાં પુસ્તકો છે.** ઉપરાંત ૩૦૦૦થી વધારે અમૂલ્ય ટિકિટો તથા ૧૦૦૦ જેટલી ગણેશજીની વિવિધ આકાર, ભાતવાળી મૂર્તિઓ સંગ્રહમાં સચવાઈ છે.

આ કવિની રસ નિષ્પતિ તામીરો 'અખંડ આનંદ', 'શહીદે ગઝલ', 'કવિ', 'કવિતા', 'સંસ્કૃતિ દર્શન', 'શબ્દસર', 'તમન્ના', 'ધબક' તથા એવા બીજા ઘણાં પ્રતિષ્ઠિત શ્રેણીમાં આવતા સામયિકોમાં પ્રગટ થઈ રહી છે.

સર્જક - વિવેચક - કવિ શ્રી રાધેશ્યામ શર્મા સહિત અનેક મૂર્ધન્ય કવિ-સર્જકોએ ભૂપેન્દ્ર શેઠ 'નીલમ'ની ગઝલોનો આસ્વાદ કરાવતાં લેખો લખ્યા છે અને અનેક અખબારોએ આ કવિની સાહિત્યિક નોંધો લીધી છે.

બિલકુલ સાદા, સીધા, સરળ અને અલંકાર રહિત શબ્દોમાં તેમણે ગઝલો રચી છે. સરળતાથી સમજાય તેવા જ શબ્દોનો ઉપયોગ કર્યો છે. આજે જ્યારે સર્જકો પોતાના લેખ - કાવ્યોને શણગારી નવી તારીરમાં બાંધી નવા જ તહરીર બનાવવા પ્રયત્નશીલ રહેલા દેખાય છે ત્યારે આ કવિ એવા આડંબરમાં કે દેખાદેખીમાં પડ્યા વિના સરળ વાણીમાં પોતાની કલારૂપ ગઝલો ભાવકો સામે રજૂ કરી રહ્યા છે.

અલંકારોનો લેપ કર્યા વગર સરળ અને હૃદય તરત સ્વીકારી લે, સમજી લે એવા સીધા શબ્દો વડે કવિએ લય-લાલિત્ય અને ભાવવિશ્વ ઊભું કર્યું છે તે અદ્ભુત છે. **બહારથી મામૂલી જેવા દેખાતા શે'રોનું હાર્દ તીવ્રતમ છે, સ્ફોટક છે. જો અર્થઘટનમાં ગોથું ખાઈ જવાય તો ગઝલનું મૂળ સ્વરૂપ પકડાતું નથી** અને રસથી ભાવક અલિપ્ત રહી જાય તેવી શાબ્દિક માંડણી કવિએ ગોઠવી છે.

ભૂપેન્દ્ર શેઠ 'નીલમ'નો આ શે'ર જુઓ. પ્રથમ દૃષ્ટિએ તે એકદમ મામૂલી જેવો લાગે છે પણ ભીતરમાં કંઈ અર્થો પેદા કરે છે :

*મારા વહેતાં ઝળઝળને તાગું છું,*
*મારો ચહેરો પાછો માગું છું.*
*મારી પરિચિતતા, મારું સંવેદન,*
*ઢળતા દિવસે હું મુજ-શો લાગું છું.*

ઝળઝળ એટલે ઝળઝળિયા - આંસુ. આંખના આંસુને કવિ તાગે છે, પ્રમાણે છે. એ આંસુના તાગ પછી કવિ પોતાનો મૂળ ચહેરો તલાશી, એ પાછો માંગે છે. મૂળ ચહેરો એટલે બાળપણનો ચહેરો એમ સમજી શકાય. આંખમાં આંસુ ત્યારે જ આવે જ્યારે વ્યક્તિ વિષાદમાં, વિષણ્ણમાં અને વ્યથાથી કુંઠિત થઈ ગઈ હોય. કવિ નિર્દોષ બાળપણને માંગે છે કે જેમાં નિર્દોષતા હોય, દુનિયાની ઝંઝાળો, દુનિયાના સ્વાર્થી સંબંધો જેને સ્પર્શ્યા ન હોય. ઢળતા દિવસે એટલે વૃદ્ધાવસ્થા સમયે કવિ કહે છે કે હું બાળક જેવો લાગું છું કારણકે વૃદ્ધાવસ્થા આવે છે ત્યારે જ માણસને જીવનનું ખરું ભાન થાય છે. લાગણીઓ, ઓળખાણો, કાચા-પાકા સંબંધો — એ બધું કેવું શ્રેયસ્કર, કેવું સમુચિત અને કેવું સલુકાઈભર્યું રહ્યું હતું તે સમજાય છે.

*કવિનો વધુ એક શે'ર જોઈએ :*

*ચાલ મન દોડી, ચઢાવ નજીક છે,*
*હાથવેંત જ છે, પડાવ નજીક છે.*
*વમળ ખળભળતા ભલે નજરે રહે,*
*બાજુમાં તારા જ નાવ નજીક છે.*

મધ્યમ બહરની આ ગઝલમાં કવિ મનને ચઢાવ પર ચઢાવવાની વાત કરી રહ્યા છે. મનને પ્રીત તરફ દોડાવી પ્રેમના ચઢાણે ચડાવવાનો અહીં સંકેત વ્યક્ત કરાયો છે. પ્રિયતમાને મળવા કવિએ મનનો સહારો માંગ્યો છે. જો મન જ દોડે નહીં તો ધાર્યું લક્ષ્ય પાર ન પડે. પ્રીતમાં હંમેશાં ખળભળાટભર્યા માનવીય ચંચુપાતનાં વહેણોનાં વમળો અવરોધક બની રસ્તા રોકતા હોય છે ત્યારે કવિ કહે છે કે આવા વિષમ, પર્યેષણા અને પરિતાપ પેદા કરતાં વમળોને જોયા વગર હે મહેરબાં! તું નાવને ગતિમાન કર અને મળવા દોડી આવ. નાવ એ શ્રદ્ધા, વિશ્વાસ અને હિંમતનું પ્રતીક બતાવાઈ છે.

*કવિ ભૂપેન્દ્ર શેઠનો વધારે એક શે'ર જોઈએ :*

*ભાગ્ય ક્યાં છે, ક્યાં કશું વેચાય છે,*
*માલ પણ પડતરના ભાવે જાય છે.*
*સાર શું? ભૂલી જવાના પરીચિતો?*
*કામ ક્યાં આવ્યા? સહજ સમજાય છે!*

રમલ છંદમાં લખાયેલી આ ગઝલ અનુભવદત્ત છે. કવિને થયેલો કે તેમણે જોયેલી અનુભૂતિનો અહીં નિર્દેશ છે. મત્લાના શે'રમાં વેપારીની વ્યથાનું કથન છે. વેપારી જેવો સ્પષ્ટ શબ્દનો ઉલ્લેખ ભલે નથી, પરંતુ સાંકેતિક અર્થમાં વેપારીની વ્યથા દર્શાવી છે. વેપારીઓનું ધ્યેય પોતાનો માલ વધારે વેચાય તેના તરફ જ હોય છે, જ્યારે ઘરાકી નીકળતી નથી અને માલ વેચાયા વગરનો પડ્યો રહે છે ત્યારે વેપારી ભાગ્ય ઉપર દોષ ઢોળે છે ને પડતરને ભાવે માલ વેચી કાઢે છે.

બીજા શે'રમાં પરીચિતો, સંબંધોની વાત છે. સગા-સંબંધીઓ કે ઓળખીતા - પારખીતા એ બધા સુખના જ સાથીદારો હોય છે. આ સંબંધોનો દોર ક્યારેય એકસરખો - સળંગ નથી રહેતો. તેમાં ગમા અને અણગમાની આંટીઓ પડ્યા જ કરતી હોય છે. ખરે સમયે કોઈ સગાં-સાગવા કામ નથી જ આવતાં એવું કવિને મહેસૂસ થાય છે, સમજાય છે. એને ભૂલી જવા એ કાંઈ સાર નથી. સંબંધો મને-ક-મને પણ નિભાવવા પડે છે, એમ કહી કવિ મન મનાવે છે.

કવિનો સંકેતાત્મક અને માનવ સ્વભાવ સ્ફુટ કરતો શે'ર માણીએ :

*આભ વિહરે ભલેને પંખી બધાં,*
*વૃક્ષ ઉપર ઘર બંધાતું હોય છે.*

'આભ' એ ઊંચાઈનું પ્રતીક છે અને 'પંખી' એ માનવમનનું એક ઉડ્ડયન છે. **માણસ હંમેશાં મોટાઈ, હું પદમાં જ ઉડી રહ્યો હોય છે. ધરતી પર તેનો પગ જ નથી છબકતો. પણ છેવટ તો તેને આશરો ઘર જ આપે છે.** 'વૃક્ષ ઉપર ઘર' એ ઝંઝાળનાં તણખલાનાં પ્રતીક છે. માણસ ગમે તે કક્ષાએ પહોંચ્યો હોય તો પણ ઝંઝાળરૂપી આ તણખલાં તેને વીંટળાતા જ રહે છે. વૃક્ષ હોય તો જ ડાળો - રેસા જેવાં તણખલા હોય ને? તેથી કવિએ વૃક્ષ ઉપર ઘરનો સંકેત કરી શે'રને ઊંચાઈ બક્ષી છે.

*કવિનો હર્યોભર્યો વધારે એક શે'ર આ રહ્યો :*

*પાણિયારે મુજ તરસ તરસાય છે,*
*કોણ મારામાં સતત ભીંજાય છે?*

કવિ ભૂપેન્દ્ર શેઠ પાસે કવિતા રચવાની સાવ જુદી જ ઢબ છે, જુદી શક્તિ છે. શક્તિથી કવિત્વ ઉત્પન્ન થાય છે, અભ્યાસથી વધે છે. તેમાં ચારુત્વ આપવામાં વ્યુત્પત્તિ બળવાન છે. પ્રતિભા તેનું કારણ છે. વ્યુત્પત્તિ એ તો વિભૂષણ છે.

ગઝલ એના સ્વરૂપગત સ્વભાવ મુજબ કોઈ સળંગ ભાવવિશ્વની વાહક નથી હોતી. **પ્રત્યેક શે'રના રંગરૂપ અલગ હોય છે. 'નીલમ'ની ગઝલોમાં ગુંથાયેલા પુષ્પરૂપી શે'રો છંદની સરળ ચાલને કારણે લયમાં વહેતા દેખાય છે.** છંદની ચાલ એના વિષય, કથન, વર્ણન ને તહરીરની આંગળી ઝાલી ખળખળતાં દેખાય છે.

*આ કવિનો વધારે એક શે'ર જોઈએ :*

***ખોટ ખાતી માન્યતા પણ હોય છે,***
***એટલે ત્યાં શૂન્યતા પણ હોય છે.***

ભૂપેન્દ્ર શેઠનો આ શે'ર વાંચ્યા પછી મને 'કવિલોક'માં છપાયેલી મારી ગઝલનું સ્મરણ થઈ ઉઠ્યું. બંનેમાં એક જ ભાવ છે પણ રજૂઆત અલગ છે. આ રહ્યો મારો શે'ર :

***થોડી શક્યતા હશે ને ઝાઝી શૂન્યતા હશે,***
***વિશ્વના પ્રત્યેક ખૂણે માંદી સભ્યતા હશે.***
***આ દીવાલ એક દિવસ બેસવાની છે મિત્રો,***
***એની માવજતમાં ભલે ખૂબ ભવ્યતા હશે!***

કવિ ભૂપેન્દ્ર શેઠ 'નીલમ'ની ગઝલના ભાવાત્મક શે'રો હૃદયને પરિતોષ કરી રહ્યા છે. તેમની સાદગીભરી અભિવ્યક્તિ શે'રોને સંતર્પણ સાંકળમાં બાંધી રહ્યા છે. ગઝલમાં કોમળ મિસરાનો લયાત્મક વિન્યાસ પણ આવિર્ભાવ પામતો જોઈ શકાય છે.

પ્રત્યાયન વિના સાહિત્યનું અસ્તિત્વ જ નથી. સર્જકના ભાવ-વિશ્વનું સહૃદયી સંવેદનતંત્રમાં સંક્રમણ થાય તો જ સાહિત્ય કાલજયી બને. ભૂપેન્દ્ર શેઠ લખે છે :

***શોધો તો ખોવાતો, પાછો હું દેખાતો,***
***હું ને હું પાછો જો, અમથો હું અથડાતો.***

કવિતા-ગીત, ગઝલ કે કોઈ સ્વરૂપની કવિતા એક મૌન આંદોલન જ છે. મૂંગા રહીને જ એણે વિસ્તરવાનું હોય છે. આ વિસ્તાર એટલે રસનિષ્પતિનો વિસ્તાર. **મનુષ્ય સામે ભીતરથી રણઝણતો ભાવ બહાર લાવી, પ્રત્યેક મનુષ્યને કંઈક આપી રસઝરમર બનાવી, એને વિસ્તારતું શબ્દતત્ત્વ એટલે કવિતા.**

કવિ ભૂપેન્દ્ર શેઠની ગઝલો તપાસતાં ઘણી જગ્યાએ છંદનું બંધન તૂટ્યું છે. છતાં ભાવમંડિત ગઝલ ખંડિત જોવાતી નથી. ભાવ જાળવવા કવિએ છંદ તોડ્યો હશે એવું ફલિત થાય છે. કવિની વ્યાસંગ શબ્દોની પૂજા બની ગઈ છે. ઘણી ગઝલોમાં મોટાભાગની વાત-કથન, પારિભાષિક રીતે અને વ્યવધાન રાખીને કહેવાઈ છે. ભાવકને જે કંઈ ખુલ્લા જેવું લાગે ત્યાં પણ અને તેની પાછળ પણ માર્મિક અને સુષુપ્તભાવો સાથેનો અર્થ છે.

કવિનો આ શે'ર જુઓ. સાંકેતિક અર્થ શું સમજાવે છે?

***દોસ્તો! ખંડેર સમ આ મહેલ પણ,***
***ખાસ ભીતર ભવ્યતા પણ હોય છે.***

અનેક અર્થો નિપજાવતો આ શે'ર છે. ભાવક પર તેને છોડી દઈએ. કયો અર્થ લેવો તે ભાવક નક્કી કરે. ભાવકને એ અધિકાર છે. જો તેનું વિવરણ કરીએ તો અનેક અર્થો સમજાવવા પડે. જે સ્થળ સંકોચને કારણે અહીં મુનાસિબ નથી.

ગઝલ, એ મુખ્યત્વે તો પ્રેમગોષ્ઠિની વાહક છે. સંબોધન અને સાયુજ્યનું પ્રણય કાવ્ય છે. આપણા માનસપટ પર ચિરકાળ રહી જાય તેવા ઘણા શે'રો આ કવિની ગઝલોમાં દર્શનીય છે.

નીલમની ઘણી ગઝલો વાચાળ બની ગઈ છે. જે ગઝલશાસ્ત્રની દૃષ્ટિએ દોષ ગણાય છે. **કવિએ ગઝલની અર્થમયતા જળવાઈ રહે તે માટે ગઝલને મૌન બનાવવી જરૂરી છે, તો જ ગઝલને પરિમાણ મળશે.** જોકે બધી જ ગઝલો બોલકી નથી, એ પણ આનંદની વાત છે. કવિએ ભલે ક્યાંક ક્યાંક છંદ છૂટ લીધી હોય, પણ ગઝલને એના એક વિશિષ્ટ લય સાથે સંબદ્ધ પણ કરી છે. જેથી છંદદોષ ક્ષમ્ય ગણાય.

અંતે મારી એક ગઝલના બે શે'ર સાથે વિરમું છું.

*હતાં અડાબીડ વૃક્ષ પતઝડનાં આગમન પૂર્વે,*
*વસંતે દસ્તક દીધી તો પર્ણો ખરી જતાં જોયા.*
*તૂટી પડ્યું ઘર સંબંધનું છેક મૂળથી આખું,*
*કૂંપળ બની ભીંતે કોઈને પાંગરી જતાં જોયા!*

***C/o. "સંસ્કૃતિ દર્શન" કાર્યાલય,***
***રતનપરા શેરી નં.-૧, બાગ દરવાજા,***
***માણાવદર-૩૬૨ ૬૩.૦ (જિ. જુનાગઢ) મો. ૮૭૩૫૯૦૨૪૨૪***

*કાયમ આનંદમાં રહેવા માટે સુવિધાઓ નહીં,*
*સમજણની જરૂરત છે.*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે...**

| | | |
|---|---|---|
| એકાઉન્ટ નામ | : | શ્રી કચ્છી જૈન સેવા સમાજ – અમદાવાદ |
| Account Name | : | Shri Kutchi Jain Seva Samaj - Ahmedabad |
| બેંકનું નામ | : | સિન્ડિકેટ બેંક - પાલડી બ્રાંચ, અમદાવાદ |
| Bank Name | : | Syndicate Bank, Paldi Branch, Ahmedabad. |
| A/C No. : | : | 70072010016032 • IFSC : SYNB0007007 |

*જ્યારે પણ રકમ મોકલાવવામાં આવે ત્યારે તેની જાણ વૉટ્સએપ નંબર : ૯૫૩૭૭ ૨૩૪૭૪ પર કરવી જરૂરી છે.*

કચ્છ

### ડિસેમ્બર માસ દરમિયાન

# જ્યારે ભુજ આખાએ ઉજાગરો કર્યો વાત ૧૯૭૧માં પાકિસ્તાનના બોમ્બમારાની

**દિલીપ વૈદ્ય,**
કચ્છ મ્યુઝિયમના પૂર્વ અધિકારી

ભારત - પાકિસ્તાન વચ્ચે ૧૯૬૫માં કચ્છના રણ વિસ્તારના છાડબેટ પ્રશ્ને યુદ્ધ થયું હતું. આ યુદ્ધમાં મધ્યસ્થી તરીકે સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા બ્રિટનના અધ્યક્ષપદે ઈરાન અને યુગોસ્લાવિયાના પ્રતિનિધિઓના બનેલા પંચની નિમણૂંક થઈ હતી. પાકિસ્તાન તરફથી ઈરાનના નસરુલ્લા અને ભારત તરફથી યુગોસ્લાવિયાના એલેક્ષ બેમ્બસે રજૂઆત કરી હતી. ભારત-પાકિસ્તાન બંનેએ આ પંચનો ચુકાદો સ્વીકારવા બાંહેધરી આપી હતી. પંચે છાડબેટના ૧૦ ટકા જમીન પર પાકિસ્તાનનો અધિકાર માન્યો હતો. જો કે જમીન પાકિસ્તાનને અપાઈ હતી. આ જમીન પાકિસ્તાનને આપવા સામેનો સત્યાગ્રહ, જે કચ્છ સત્યાગ્રહ તરીકે ઓળખાયો, તે સરહદ પર થયો. તેમનો સૂત્રોચ્ચાર "કચ્છ હો યા કોહિમા, ભારત હમારી ધરતી મા" – આખા ભારતમાં પ્રસિદ્ધ થયો. આ સત્યાગ્રહમાં દેશના ટોચના વિરોધ પક્ષના નેતાઓ અટલબિહારી વાજપેયી, જ્યોર્જ ફર્નાન્ડિઝ, રાજનારાયણ વગેરે જોડાયા હતા. સરપટ નાકે તેઓને જેલમાં રખાયા હતા.

કચ્છના છાડબેટ પરના આ યુદ્ધ પછી ૧૯૭૧માં બાંગ્લાદેશની મુક્તિ માટે ભારત-પાકિસ્તાન વચ્ચે ફરી યુદ્ધ થયું. **નોંધપાત્ર છે કે, છાડબેટ પરની લડાઈ કરતાં ૧૯૭૧ની લડાઈની અસર કચ્છમાં વધુ થઈ.** ભુજથી સરહદે જલ્દી પહોંચવાની જરૂર સત્તાવાળાઓને સમજાઈ અને ૧૦૦ કિ.મી.નો ડામર રસ્તો ભુજ ખાવડાનો બંધાયો. આ રસ્તો પાકિસ્તાનના પ્રમુખે લડાઈ કરી તેથી બંધાયો. તેથી લોકો તેને ટીખળમાં 'ઐયુબખાન રોડ' કહેતા.

બાંગ્લાદેશ પ્રશ્ને ૧૯૭૧માં ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થયું. **દુશ્મનોએ ત્યારે ભુજ વિમાન મથકને નિશાન બનાવ્યું હતું. ૫મી ડિસેમ્બરથી ૧૪ ડિસેમ્બર સુધી બોમ્બમારો ચાલુ રહ્યો હતો. શહેરથી વિમાનમથક ૭ કિ.મી. દૂર હોવા છતાં ધડાકાઓથી ઘરના બારી-બારણા ધ્રૂજી ઉઠતા. તા. ૧૪મી ડિસેમ્બરે ૨૧ બોમ્બ પડ્યા ત્યારે ભુજમાં કોઈએ નિંદર કરી ન હતી.** સરકારની સલામતીની ખાતરી છતાં ભુજના નાગરિકો એસ.ટી. સ્ટેશને ધસ્યા હતા. સંપન્ન લોકો મોંઘા ભાડા ખર્ચી, ટેક્સીથી સલામત સ્થળે ભુજથી દૂર પહોંચ્યા હતા.

ભુજ વિમાનગૃહ વળતા હુમલા માટે અગત્યનું હોઈ તેને તાત્કાલિક **માધાપરની મહિલાઓએ વિમાનપટ્ટીને જોખમ વચ્ચે પણ રિપેર કરી આપી હતી.** મહિલાઓની આ કાર્યવાહી માટે વાયુદળ વડા એર ચીફ માર્શલ પી.સી. લાલે માધાપરની મુલાકાત લીધી અને મહિલાઓને લડાકુ વિમાન માઈરેજની નાની પ્રતિકૃતિ જાન્યુઆરી-૧૯૭૨માં ભેટ આપી હતી. અન્યત્ર બોમ્બ હુમલાઓમાં અંજાર પાસે અત્યંત દાહક નેપામ બોમ્બ પડ્યો હતો, જે હાલ ભુજ મ્યુઝિયમમાં છે. આ બોમ્બ પરના લખાણ મુજબ તે અમેરિકન બનાવટનો હતો. જો કે, અમેરિકા વારંવાર આ યુદ્ધમાં પોતે તટસ્થ હોવાનું ગાણું ગાયા કરતું હતું. શેક્સપિયરે કહ્યું છે તેમ, **મિત્ર હસતો હોવા છતાં તે હકીકતમાં દુશ્મન હોય તેમ બની શકે.** વડાપ્રધાન ઈન્દીરા ગાંધીએ પણ માધાપરની બહાદુર મહિલાઓની પ્રશંસા કોલ્હાપુરની જાહેરસભામાં કરી હતી.

યુદ્ધ દરમિયાન લશ્કરના વડા ફિલ્ડ માર્શલ માણેકશાહે ભુજની મુલાકાત લઈ સરપટ નાકા બહાર ઊભેલા યુવાનોની સાથે વાતચીત કરી હતી.

ભારતીય લશ્કરે નગરપારકર કબજે કર્યું હતું. ત્યાંની લાઈબ્રેરીમાં પાકિસ્તાની રેલવે સ્ટેશનોની માહિતીવાળું પુસ્તક જોતાં તેમાં જૂનાગઢ, વેરાવળ વગેરેને દુશ્મન ભારતના કબજા હેઠળના ગણાવ્યા હતા. પત્રકારોને પણ આ સ્થળે લઈ જવાયા ત્યારે મૂળ આ વિસ્તારના, પણ ત્યારે ગાંધીધામ રહેતા 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'ના ખબરપત્રી નિર્મળભાઈ વાસવાણી નગરપારકરની ધૂળ કપાળમાં લગાવી અત્યંત ભાવુક બની ગયા હતા. કચ્છ - નગરપારકર વચ્ચે થોડા સમય માટે બસ સર્વિસ ચલાવવામાં આવી હતી. ■

### આમ થાય તો ઘણું

આ દેહ ને દુનિયા છોડીને
એક દિન તો જાવું છે બધાને,

કર્મોનો ભાર અતિશય વેંઢારી
ઝુકવા, ડગમગમવા, વળી જવાથી શું?

આવા ભારને વળગણોથી લદાયેલ 'હું'ને
લાગે કે હળવો કરી શકું તો ઘણું.

*'આરસી' શાહ - અમદાવાદ ● ફોન : (૦૭૯) ૨૭૪૩૮૧૬૩*

નવલિકા

# નવો સૂરજ



નટવર આહલપરા

માધુરી સ્કૂલમાં ભણતી હતી. ખૂબ જ ચંચળ અને હસમુખી. ચહેરો જાણે ચાંદ જ. આકર્ષક આંખો, માધુરી અતિ લાડ-પ્યારમાં ઉછરી હતી. પિતાનો ધંધો ફૂલ્યોફાલ્યો હતો. સંતાનમાં માધુરી એકની એક હતી. માતા-પિતાને માધુરી ઉપર અનહદ લાગણી હતી.

માધુરી સ્કૂલમાંથી કોલેજમાં આવી. પિતા પાસે પચાસ રૂપિયા માંગે તો સો રૂપિયા મળતા હતા. કોલેજમાં પણ ખૂબ જ રમતિયાળ અને આનંદમાં રહેતી હતી. સૌ કોઈ તેના મિત્રો હતા. તેને તો મિત્રો સાથે હરવું-ફરવું અને પિક્ચર જોવાનો ખૂબ જ શોખ હતો. ભણવામાં ખાસ ધ્યાન આપતી ન હતી. મિત્રો, રેસ્ટોરાં અને પિક્ચરમાં દિવસ ક્યાં પસાર થઇ જતો, તેની તેને ખબર જ પડતી નહીં.

કોલેજમાં તે જે ક્લાસમાં ભણતી હતી, તે ક્લાસમાં અનુરાગ નામનો એક ખૂબ જ શાંત અને ગંભીર સ્વભાવનો છોકરો પણ ભણતો હતો. તેના મિત્રો ઘણા હતા, પણ તે સ્વભાવમાં થોડોક ગંભીર હતો. તેના શાંત અને ગંભીર સ્વભાવથી માધુરી તેના તરફ આકર્ષાઈ હતી. એક દિવસ બંનેની મુલાકાત કેન્ટીનમાં થઈ હતી. માધુરીએ અનુરાગ પાસે તેની નોટબુક માંગી અને કાલે પાછી આપીશ એમ કહી બંને છૂટા પડ્યા.

તે રાત્રે માધુરી સૂઈ શકી નહીં. આખી રાત અનુરાગના વિચારોમાં પસાર કરી. બીજા દિવસે તેણે નોટબુકમાં એક પત્ર મૂકી અનુરાગને આપ્યો. પત્રમાં મળવાનો સમય લખેલો. બંનેની મુલાકાતો થઈ. માધુરીએ અનુરાગનો હાથ પકડી કહ્યું : 'હું તારા અસ્તિત્વને પ્રેમ કરું છું. હું તારા રોમેરોમને સ્પર્શ કરું છું ત્યારે મારા જીવનમાં વસંત ખીલી ઉઠી હોય તેવો ભાસ થાય છે. હું તારા વગર નહીં રહી શકું! હું તને દિલોજાનથી ચાહું છું.'

અનુરાગ થોડીવાર વિચારોના વમળમાં ખોવાઈ ગયો. **પછી માધુરીને જીવનભર સાથ આપવાનું વચન આપી બેઠો.** તે દિવસે માધુરી અને અનુરાગ હસતા મુખે એકબીજાથી છૂટા પડ્યા.

માધુરીના પિતા જો કે થોડાક ગરમ સ્વભાવના હતા. તેના માતા-પિતાની ઈચ્છા માધુરીના લગ્ન કોઈ સારા કુટુંબના ડૉક્ટર કે એન્જિનિયર છોકરા સાથે કરવાની હતી. પણ બીજે દિવસે માધુરીએ પોતાની સર્વ તાકાત ભેગી કરી, માતા-પિતાને અનુરાગ વિશે વાત કરી. જો કે પિતા થોડાંક નારાજ થયા પણ, તેની મમ્મીએ અનુરાગને ઘેર બોલાવવાનું આમંત્રણ આપ્યું.

એક દિવસ અનુરાગને લઇ માધુરી તેના ઘેર આવી. માતા-પિતા અનુરાગને જોઈ મોંમાં આંગળા નાખી ગયા. પિતા છેવટે ખુશ થઈ બોલ્યા, **'તારી પસંદગી પણ મારા જેવી જ સુંદર છે.'** બંનેના લગ્ન થઈ ગયા.

હવે અનુરાગને સારી નોકરી પણ મળી ગઈ હતી. લગ્ન પછી તરત જ બંને સીમલા - મસુરી ફરવા ગયા. અનુરાગ અને માધુરી સીમલા - મસુરીની ઠંડી ઠંડી બરફીલી હવામાં એકમેકના બાહુપાશમાં હસતા હસતા કોલેજના દિવસો યાદ કરી ખૂબ મોજમજા કરી. માધુરી કહેતી : 'અનુરાગ, હું નહોતી કહેતી, મારે જે જોઈએ છે તે હું હાંસલ કરીને જ રહું છું.' અનુરાગ પણ તેને છાતીસરસી ખેંચીને કહે છે : 'મારે પણ જે જોઈએ છે, તે હું હાંસલ કરીને જ રહું છું.'

બંને સીમલા-મસુરી ફરી પાછા આવે છે. અનુરાગ પોતાની નોકરી જોઈન કરી દે છે. બંનેનું દાંપત્યજીવન ખૂબ જ આનંદ અને ઉમંગમાં પસાર થાય છે.

અનુરાગ અને માધુરીના લગ્ન જીવનની આજે ૮મી વર્ષગાંઠ હતી, પણ ઘરમાં ખાસ ઉત્સાહ - આનંદ નહોતો. માધુરી ખૂબ જ ઉદાસ દેખાતી હતી. જો કે છેલ્લા ત્રણ-ચાર વર્ષોથી માધુરી નંખાઈ ગઈ હતી. **તેનો હસમુખો ચહેરો જાણે અરીસામાં સંતાઈ ગયો હતો!** તેને ઊંડે ઊંડે દિલમાં માતૃત્વની અતૃપ્ત ઝંખના સતાવ્યા કરતી હતી. અનુરાગ પણ હવે નોકરીથી આવી ખૂબ જ થાકેલો લાગતો હતો. બંને વચ્ચે હવે વાતચીત પણ ઓછી થઈ ગઈ હતી. બંને કામ પૂરતી જ વાતો કરતા હતા. બંને વચ્ચે એક અદૃશ્ય દીવાલ ઊભી થઈ ગઈ હતી.

અનુરાગે પોતાની નોકરીમાં કરેલી બચત માધુરીની દાક્તરી તપાસ કરાવવા પાછળ ખર્ચી નાખી હતી. મુંબઈમાં જશલોક અને ટાટા હોસ્પિટલોના સારા-સારા ડૉક્ટરોને બતાવી જોયું. પણ બધાની એક જ વાત હતી કે, માધુરી મા બની શકશે નહીં. જો કે ખુદ માધુરી પણ આ વાત જાણતી હતી.

**માતૃત્વની ઝંખનાને લીધે અનુરાગ અને માધુરી જાણે**

**કે, નદીના સામ-સામે કિનારા ઉપર ઊભા રહી જિંદગી જીવતા હોય તેવું લાગતું હતું.**

આજે મુંબઈથી અનુરાગ અને માધુરીનો કોલેજકાળનો મિત્ર મયૂર, તેમની લગ્નની ૮મી વર્ષગાંઠ ઉજવવા આવવાનો હતો. માધુરી બારીની બહાર ખુલ્લા આકાશમાં ઉડતાં પક્ષીઓને નિર્જીવ નજરે તાકી રહી હતી. અનુરાગ હીંચકા ઉપર બેઠો બેઠો છાપું વાંચતો હતો. ત્યાં જ કાળા રંગની ટેક્સી બંગલાના ફાટક પાસે આવી ઊભી રહી. તે મયૂર હતો. અનુરાગ તેને આવકારવા દરવાજા પાસે ગયો અને માધુરીને બૂમ પાડી, 'માધુરી... માધુરી... જો કોણ આવ્યું છે?' જો કે માધુરી રૂમમાંથી બહાર ન આવી. આજે માધુરી ખૂબ જ થાકેલી અને ઉદાસ લાગતી હતી.

મયૂર પાંચ વર્ષ બાદ અનુરાગના ઘરે આવ્યો હતો. જમીને બધા ડ્રોઈંગ રૂમમાં બેઠા. મયૂર પૂછે છે, 'કેમ ભાભી, શું ચાલે છે?' માધુરી કહે છે, 'ઠીક.' મયૂર ફરી પૂછે છે, 'કેમ આજે આટલા ઉદાસ લાગો છો?' અનુરાગ વચમાંથી વાત બદલી નાખે છે અને કહે છે, 'તેને એકલા હાથે કામ બહુ રહે છે. માટે થાકેલી લાગે છે.' ત્યારબાદ અનુરાગ મયૂરને બહાર લઈ જાય છે. બાગમાં લઇ જઇ તેમને બધી જ વાત સમજાવે છે. બંને ઘેર પાછા ફરે છે.

લગ્નની ૮મી વર્ષગાંઠની ઉજવણી સમાપ્ત થાય છે. અનુરાગ પણ મયૂર સાથે ઓફિસના કામનું બહાનું કાઢી મુંબઈ જાય છે.

મયૂર તેને એક અનાથાશ્રમમાં લઈ જાય છે. જ્યાં ઉછળતા - કૂદતાં નાના-નાના ભૂલકાઓને અનુરાગ એકીનજરે જોયા જ કરે છે. આશ્રમની બધી કાર્યવાહી પૂર્ણ કરી, ત્રણ વર્ષના બાળકને લઇ અનુરાગ મુંબઈથી અમદાવાદ જવા નીકળે છે.

જે દિવસે તે અમદાવાદ પહોંચે છે, તે જ દિવસે માધુરીની ૩૪મી વર્ષગાંઠ હોય છે. સવારના સાત વાગ્યા હોય છે. ટેક્સી બંગલાના દરવાજા આગળ આવી ઊભી રહે છે અને અનુરાગ બૂમ પાડે છે : 'માધુરી... માધુરી... બહાર આવ.' માધુરી બહાર આવે છે. અનુરાગ ટેક્સીવાળાને પૈસા ચૂકવી ઘરમાં દાખલ થાય છે.

અનુરાગ માધુરીને કહે છે : 'માધુરી, જો કોણ આવ્યું છે? આ છે મલય. આજે હું તને તારી ૩૪મી વર્ષગાંઠ પર ભેટ આપું છું.' માધુરી આમ એકાએક આવા શબ્દો સાંભળીને સ્તબ્ધ બની જાય છે. ૩-૪ મિનિટ માટે મલય સામે જોયા જ કરે છે. બંનેની આંખો એક થાય છે. **મલયનો સુંદર ગુલાબ જેવો ચહેરો, નાની નાની કાળી આંખો જોઈ ફરી એકવાર માધુરીના હૃદય સાગરમાં માતૃત્વનાં મોજાં ઉછળે છે.** જાણે કે કેટલાંય વર્ષો પછી તેના હૃદય સાગરમાં કોઈ બાળક માટે પ્રેમની ભરતી આવી હોય.

માધુરી બે ડગ આગળ વધે છે અને મલયને જમીનથી ઊંચકી લઈ પોતાની છાતીએ લગાડી દે છે. મલય પણ માધુરીને 'મમ્મી... મમ્મી...' કહી તેના બાહુપાશમાં જકડાઈ જાય છે.

અનુરાગ બંનેને થોડીવાર જોયા કરે છે. પછી તેની આંખોમાંથી હર્ષનાં બે અશ્રુ ટપકી પડે છે.

અનુરાગ અને માધુરી ફરી એકવાર નજીક આવી જાય છે. મલય પણ ખૂબ જ ચંચળ સ્વભાવનો! બંને મલયને લઇ હરવા-ફરવા જાય, પિક્ચર જોવા જાય. આમ, તેમના વચ્ચેની તિરાડ સંધાઈ જાય છે. દિવસો પસાર થતા જાય છે.

મલય હવે પાંચ વર્ષનો થઈ ગયો હતો. સવારે અનુરાગ અને માધુરી વહેલા ઊઠી, પરવારી જાય છે કારણકે આજે મલયને સ્કૂલમાં એડમિશન માટે જવાનું હતું.

માધુરીની આંગળી પકડીને ચાલતો મલય બંગલાની બહાર આવે છે. સૂર્યનાં કિરણો ત્રણેયના ચહેરા ઉપર પડતા હોય છે ત્યારે માધુરી મલયને પોતાની છાતીએ દબાવી દઇ અનુરાગને કહે છે : 'જાણે લાગે છે કે આજે કોઈ નવા સંબંધનો સૂરજ ઉગ્યો!' અનુરાગ કહે છે : 'સૂરજ તો રોજ એનો એ જ ઉગે છે અને આથમે છે.' ત્યારે માધુરી કહે છે : **'ના, આ તો મારા જીવનમાં ઊગેલા નવા સંબંધના નવા સૂરજની હું વાત કરું છું.'**

ત્રણે જણ ધીમે ધીમે સૂર્યના પ્રકાશમાં પડતા પડછાયાને ઓળંગતા ઓળંગતા સ્કૂલે પહોંચે છે.


*'શ્રી પવનતનય' - ૩, વિમલ નગર,*
*યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૫.*
*ફોન : (૦૨૮૧) ૨૫૬૧૦૫૧ મો. ૯૯૭૪૦ ૦૯૦૪૨*

## જીવનના સોનેરી નિયમો

*જે ખોલ્યું હોય તેને બંધ કરો.*
*જે શરૂ કર્યું હોય તેને પૂરું કરો.*
*જે તોડ્યું હોય તેની જવાબદારી સ્વીકારો.*
*જે અધરું હોય તેમાં મદદ લો.*
*જે ઉધાર લીધું હોય તે પરત કરો.*
*જે કિંમતી હોય તેની કાળજી લો.*
*જે અસ્તવ્યસ્ત હોય તેને વ્યવસ્થિત કરો.*
*જે ખસેડો તેને યથાસ્થાને પાછું મૂકો.*
*જે આવડતું ના હોય તે કરો નહીં.*
*જે બગડ્યું ના હોય તેનું સમારકામ ન કરો.*
*જે જરૂરી ના હોય તે બોલો નહીં.*
*જે શબ્દો કોઈનો દિવસ સુધારી શકે તે બોલો.*
*જે વાત કોઈને હાનિકર્તા હોય તે તમારા મનમાં જ રાખો.*

જીવનનૌકા

# મેં વિચાર બદલ્યો છે!



એમ. ડી. સોલંકી

મનોજકુમાર, તમે મનોમન અકળાઈ રહ્યા હતા. એસ.ટી.ની બસ એના આવવાના નિયત સમય કરતાં અડધો કલાક વીતી જવા છતાંય આવી નહોતી. તમે રાહ જોઇને થાક્યા હતા. તમે વિચારતા હતા – જવા દો ને, આ એસ.ટી. તંત્રનો વહીવટ જ સાવ અણઘડ કહેવાય! સમયસર બસ આવે જ નહીં એ તો કાંઈ ચાલે? બસ મોડી આવશે કે પછી આવશે જ નહીં એવું વિચારીને પેસેન્જરો ખાનગી વાહનમાં બેસી જાય છે અને આ ખાનગી વાહનવાળા જબરા! બસ આવવાના થોડા સમય પહેલાં જ પોતાનું વાહન લઇને હાજર થઈ જાય. જેટલા ઝપટમાં આવે એટલાને પોતાના વાહનમાં બેસાડી જાય.

દસેક મિનિટ પછી તમારા કાને કોઈ વાહન આવવાનો ધીમો અવાજ સંભળાયો. બસ આવતી હોય એવો અવાજ છે. રસ્તો વળાંકવાળો હોવાથી વાહન છેક બળિયાદેવની દેરીથી આગળ આવે ત્યારે જ જોઈ શકાય. અવાજનું પ્રમાણ વધ્યું હતું અને એટલે જ મનોજકુમાર, તમારા ચહેરાના હાવભાવ પણ બદલાવા માંડ્યા હતા. મનમાં થયું, હાશ! હવે બસ આવી!

બસમાં બેસવાની જગા ન મળવાનો તો સવાલ જ નહોતો. બસની રાહ જોઈને થાકેલા પેસેન્જરો ખાનગી વાહનમાં બેસીને જતા રહ્યા હતા. દસેક પેસેન્જરોને લઈને એસ.ટી.ની બસ તાલુકા મથકે જવા ઉપડી. કંડક્ટર પાસેથી ટિકિટ લઇને મનોજકુમાર, તમે ત્રણની સીટમાં આરામથી ગોઠવાયા. અને પાછું તમારું મન વિચારવા લાગ્યું – 'એસ.ટી.ની આ જાહેર સેવા જનતા માટે સારી જ છે. આવડાં મોટા એસ.ટી. તંત્રને એના પણ વહીવટી - આર્થિક પ્રશ્નો હોય અને ડ્રાઈવર - કંડક્ટર ભાઈઓ પણ આખરે તો આપણા સમાજમાંથી જ આવે છે ને? એમને પણ ઘર, કુટુંબ અને સામાજિક ફરજો નિભાવવાની હોય એટલે ક્યારેક મોડું-વહેલું થઈ જાય તો પેસેન્જરોએ ચલાવી લેવું જોઈએ.'

...અચાનક ડ્રાઈવરે બ્રેક મારીને બસ ઊભી રાખી. તમારા વિચારવામાં જાણે કે ખલેલ પડ્યો. તમે દરવાજા તરફ નજર કરી તો આધુનિક પહેરવેશમાં સજ્જ એક યુવતી બસમાં દાખલ થઇ અને તમારી આગળની ત્રણ સીટમાં બેસી ગઈ. ટિકિટ આપવા ઊભા થયેલા કંડક્ટરે સાહજિક પૂછ્યું, 'કેમ બેન, આજે આ બસમાં? નિશાળ છૂટી ગઈ?'

'આજે હું સવારે સવા નવની બસમાં આવી હતી. તાલુકા મથકની પે-સેન્ટર શાળામાં જવાનું હોવાથી આ બસમાં નીકળી છું.'

'સવા નવની બસ' એવા શબ્દ સાંભળતાં જ મનોજકુમાર, તમારા મનમાં કંઈક યાદ આવી ગયું – મારા પાડોશી છગનભાઈ એકવાર કહેતા હતા – 'મનોજભાઈ, આપણા ગામમાં આવતી સવા નવની બસમાં ડ્રાઈવર - કંડક્ટર બંને સગા ભાઈઓ જ છે. એટલે બસનું નામ પણ 'ભાઈ-ભાઈ' રાખ્યું છે. આ બસ એટલી રેગ્યુલર છે કે સવા નવ વાગે આપણાં ગામના બસ સ્ટેશને અચૂક આવી જ જાય. અરે! ગામનાં માણસો તો આ બસને આવતી જોઈને જ બોલી ઊઠે, લ્યો, ભાઈ-ભાઈની બસ આવી ગઈ! સવા નવ થઈ ગયા.' મનોજકુમાર, તમારા ચહેરા પર આછો આછો મલકાટ આંટો મારી ગયો. કેવી સમયસૂચકતા કહેવાય! અને પછી તો ખુદ તમે જ તમારી પર મનોમન હસી પડ્યા. આ કેવું કહેવાય? ઘડીક પહેલા તમે જેના માટે બળાપો કાઢતા હતા એ જ એસ.ટી. તંત્રને બિરદાવવા બેસી ગયા! આ માનવમનની ગતિને પણ ગહન માનવી જ પડે. ખરું ને મનોજકુમાર?

દસેક મિનિટ પછી બસ પાછી ઊભી રહી. બીજી બે શિક્ષિકા બહેનો હસતી હસતી આવીને તમારી આગળની સીટમાં બેસી ગઈ. ત્રણની સીટમાં બેઠેલી એ ત્રણેય બહેનો થોડીવાર પછી એમની વાતોમાં મશગુલ બની ગઈ.

બસ આગળ વધતી જતી હતી તેમ મનોજકુમાર, તમારા મનમાં પણ વિચારોનું ઘોડાપુર ઉભરાતું હતું – 'વકીલે આજે બે વાગે મળવાનો સમય આપ્યો છે. સમયસર પહોંચી તો જવાશે. વકીલની ફી ગમે તેટલી થાય પણ વહેલી તકે આ વાતનો નિવેડો લાવી જ દેવો છે. એકવાર કવિતા સાથે છૂટાછેડા થઈ જાય એટલે આપણે ગંગા નાહ્યા! હજુ મારી ઉંમર ક્યાં વધારે થઈ છે, મને તો એક કરતાં એકાસી કન્યા મળી રહેશે. અને એ પણ કવિતાનેય ટક્કર મારે એવી! પછી તો કવિતાનેય સમજાઇ જશે કે ના, ના, મનેય માથાનો મળ્યો હતો. સામાજિક રીતે કવિતા છૂટાછેડા આપવા તૈયાર નહોતી. એટલે જ તો આ વકીલની સલાહ લેવી પડી ને? ભલું થજો મારા માસીની દીકરી ભાવનાનું, એણે જ મને આ વકીલ ગોઠવી આપ્યો અને વકીલ પણ ભારે હોંશિયાર

કહેવાય. એણે તો અગાઉથી જ મને બાંહેધરીય આપી દીધી. 'મનોજલાલ! તમે મજા કરો. તમે જરાય ચિંતા કરશો નહીં. આવા છૂટાછેડાના કંઈક કેસ મેં ઉકેલી નાખ્યા છે. તમારું કામ તો હું ફટાફટ કરી દઈશ. હા, પણ તમે મારી ફી તૈયાર રાખજો.' ત્યારે મેં પણ કહેલું, 'વકીલ સાહેબ, એકવાર તમે મને કવિતાની પળોજણમાંથી પાર ઊતારો એટલે ભયોભયો! તમારી ફી તમે કહેતા હો તો એડવાન્સમાં આપી દઉં...'

હવે બસે એની નિયત ગતિ પકડી લીધી હતી. કંડક્ટરભાઈ પણ એમની કામગીરી પૂરી કરીને બારી બહાર જોતાં આરામથી બેઠા હતા. મનોજકુમાર, તમારા મનમાં તેજ ગતિએ વિચારો આગળ વધી રહ્યા હતા. 'ભાવનાએ મને સમયસર સાચી હકીકત જણાવી દીધી એટલે સારું થયું. અત્યાર સુધી તો હું અંધારામાં જ રહ્યો ગણાઉંને? સાચા અને સારા સગા આને કહેવાય! આમ તો ભાવના મારા દૂરના માસીની દીકરી છે. એ કાંઈ મારા અંગત સગામાંય નથી. આમ છતાંય એ મારા માટે કેવી લાગણી બતાવે છે. આ જમાનામાં આવી રીતે કોઈ બીજાના કામમાં ખોટી ના થાય. એણે મને કહ્યું હતું – 'મનોજકુમાર, હું તમને બધોય સહકાર આપીશ. પણ જોજો મારું નામ બહાર ન આવે.' ભાવનાએ મને કવિતા વિશે આવું કહ્યું ના હોત તો પછી સરવાળે મારું આખુંય કોળું શાકમાં જ જાતને? આ તો ભાવના અને કવિતાની પે-સેન્ટર શાળા એક જ છે એટલે આ બધી બાબતોની એણે તપાસ કરીને મને જાણકારી આપી. પછી તો મેં પણ મારી રીતે નિશાળમાં જઇને જાતતપાસ કરી લીધી. સાલું, મનેય દાળમાં કંઈક તો કાળું દેખાયું! કવિતા હસી હસીને એના સ્ટાફના શિક્ષકો સાથે કેવા ટોળટપ્પા કરતી હતી. અમારા લગ્નથી માંડીને આજ સુધી કવિતા મારી સામે ક્યારેય આવું તો હસી જ નથી! મને જોયા પછી એ સાવ મિંદડી જ બની ગયેલી. જાણે ચોરી પકડાઈ ગઈ હોય એમ. એ દિવસે મેં પણ એને ખખડાવવામાં કંઈ જ બાકી નહોતું રાખ્યું. રંગે હાથે પકડાઈ ગઈ એટલે કવિતા કેવી છોભીલી પડી ગઈ હતી. મને જોઇને આખોય સ્ટાફ કેવો સડક થઇ ગયો હતો! મેં પણ બધાની સામે ડબલ પાવર રાખીને જ વાત કરેલી. એટલે નિશાળના આખાય સ્ટાફને પણ ખબર પડી ગયેલી કે કવિતાના ઘરવાળા કાંઈ રેંજીપેંજી નથી. એ તો ભલભલાને ભૂ પીવડાવે એવા છે...'

મનોજકુમાર, તમારા મનમાં દોડતાં વિચારોના ઘોડાને અચાનક બ્રેક લાગી અને તે ઊભા રહ્યા....કારણ? તમારી આગળની ત્રણની સીટમાં બેઠેલી શિક્ષિકાઓની વાતચીતમાં તમને બે-ત્રણ વખત કવિતાના નામનો ઉલ્લેખ સાંભળવા મળ્યો. તમારા મનમાં જાણે કે ઝબકારો થઈ ગયો. તમે બીજું વિચારવાનું બંધ કરી આંખો મિંચીને સરવા કાને આગળની સીટમાં થતી વાતચીત સાંભળવા લાગ્યા.

'...અલી, કવિતા તો સાવ ભોળી છે. એનું બોલવું - ચાલવું અને વાણી વ્યવહાર એકદમ ચોખ્ખા જ છે. હું એની સાથે નોકરી કરું છું. મને એનો પૂરેપૂરો અનુભવ છે. એના હસમુખા અને મિલનસાર સ્વભાવથી કવિતાએ બાળકો - સ્ટાફના શિક્ષક ભાઈ-બહેનો સૌના દિલ જીતી લીધા છે. શાળાના શૈક્ષણિક કામકાજમાં એ ક્યારેય પાછી પડતી જ નથી. સાંસ્કૃતિક કાર્યક્રમોમાં એ જ પહેલી હોય છે. કોમ્પ્યુટરની કામગીરી પણ એ ખૂબ સરસ રીતે નિભાવે છે. પણ એને એના ઘરવાળા તરફથી કનડગત છે. મને એક દિવસ કહેતી હતી : 'પલ્લવીબેન, મારા લગ્નના બે-એક વર્ષ સુધી સારું ચાલ્યું. નાની માનસીના જન્મ પછીના છએક મહિના બાદ મનોજે મારી પર શંકા-કુશંકા કરવા માંડી. ક્યારેક નાની વાતને મોટું સ્વરુપ આપી, સામાન્ય વાતમાં પણ મારી સાથે ઝઘડો કરે. નશો કરીને એલફેલ બોલે અને ક્યારેક તો મારી પર હાથ પણ ઉપાડી લે. પણ નાની માનસીની સામે જોઈ હું એ બધું જ સહન કરી લેતી હતી. હાલમાં બાર મહિનાથી હું મારા પીયરમાં જ છું.'

'એના ઘરવાળા નિશાળમાં આવ્યા હતા એ સાચી વાત?'

'હા. કોઈકે એમની કાનભંભેરણી કરી હશે, એટલે એ નિશાળમાં આવીને અસભ્ય વર્તન કરી ગયેલા. હું તે દિવસે રજા પર હતી. પણ બીજા દિવસે મને સ્ટાફ પાસેથી જાણવા મળેલું. એ દિવસે એમણે કવિતાની ભારે બેઇજ્જતી કરી નાખી હતી. હમણાં તો એની દીકરી માનસી બીમાર હોવાથી કવિતા રજા પર છે.'

'કવિતાના ઘરવાળા સરકારી નોકરી કરે છે?' એક વિદ્યા સહાયક બહેને પૂછ્યું.

'ના, ના. એ કોઈ કંપનીમાં જાય છે. બી.એ. થયા પછી નોકરી ના મળી એટલે કંપનીમાં જાય છે. પણ પાવર કલેક્ટર જેટલો રાખે છે. સરકારી નોકરી મળશે એવું ધારીને કવિતાએ એમની સાથે લગ્ન કર્યા હતા.'

મનોજકુમાર, તમે ગંભીર બનીને શિક્ષિકા બહેનોની વાત સાંભળી રહ્યા હતા.

'હમીરપરની શાળામાં મારી સાથે નોકરી કરતી ભાવનાએ એક દિવસ અનાયાસે મને કહી દીધેલું – કવિતાના લગ્ન મારા દૂરના માસીના દીકરા સાથે થયેલા છે. આમ તો હું જ કવિતાની નણંદ બનવાની હતી પરંતુ કવિતાએ જ મારા ભાઈ સાથે લગ્ન કરવાની ના પાડી દીધી હતી. આ વાતનો ડંખ આજે પણ મારા કાળજે ડંખે છે. એ વળી એના મનમાં શું સમજતી હશે? અમારી પે-સેન્ટરની શાળાઓની મીટિંગોમાં પણ ભાવના હંમેશાં કવિતાનું ઘસાતું જ બોલે છે.'

'હા...આ...આ... હવે તાળો મળી ગયો.' પલ્લવી ઉતાવળથી બોલી ગઈ.

'તાળો? શેનો તાળો?'

**'ભાવનાએ એના ભાઈના લગ્ન કવિતા સાથે ન થવાનું મનદુઃખ રાખી કવિતા વિશે એના પતિની કાનભંભેરણી કરી, કવિતાના ઉજળા ચારિત્ર્ય પર ડાઘ લગાડવાના પ્રયત્ન કર્યા.** એટલું જ નહીં, કવિતાના પતિના કાનમાં કવિતા વિશે ઝેર રેડ્યું અને કાચા કાનના એના પતિને કવિતા સાથે છૂટાછેડા લેવા માનસિક રીતે તૈયાર પણ કર્યા. બાકી કવિતા તો સો ટચનું સોનું છે. એક દિવસ બપોરની રીસેસમાં કવિતાએ મને કહેલું – 'પલ્લવીબેન, મારા પતિ મારાથી છૂટાછેડા લેવાની વાત કરે છે, પણ છૂટાછેડા લેવાની મારી જરાય ઇચ્છા નથી. હું પ્રાથમિક શિક્ષિકાની નોકરી કરું છું એટલે છૂટાછેડા પછી મને તો પાતળું-પોચું મળી જાય! પણ મારી નાની દીકરી માનસીનું શું થાય? અમારા છૂટાછેડા થવાથી મારી માનસી કાં તો પપ્પા વગરની બને અથવા પછી મમ્મી વગરની થાય! **અમારા પતિ-પત્નીના ઝઘડામાં નાહકની નિર્દોષ માનસીની જિંદગી ધૂળધાણી થઈ જાય. ના, ના, મારે છૂટાછેડા લેવા જ નથી.** પતિ છે, એટલે ક્યારેક ગુસ્સો કરે, આડું-અવળું બોલે, પણ એવું તો હું સહન કરી લઈશ. મારી માનસી માટે હું બધું જ સહન કરવા તૈયાર છું. મને વિશ્વાસ છે કે મારા પતિને આજે નહીં તો કાલે સાચી વાત જરૂર સમજાશે. આપણે પણ બાળકોને ભણાવીએ છીએ ને કે ધીરજના ફળ મીઠા!'

'પલ્લવી, એક વાત કહું?' સીટની છેવાડે બેઠેલી શિક્ષિકાએ કહ્યું, 'કવિતા સાથે **એમના પતિ જો છૂટાછેડા લેશે તો એ એના પતિની એમના જીવનની સૌથી મોટી ભૂલ હશે.** કવિતા જેવી નોકરી કરતી, સાલસ અને મળતાવડા સ્વભાવની પત્ની એમને ફરી ક્યારેય મળશે જ નહીં. આ તો જીવ બળે છે એટલે કહેવું પડે.'

'વાત તો સાવ સાચી છે, પણ છૂટાછેડા લેવાની જીદે ચડેલા કવિતાના પતિને આ સાચી વાત સમજાવે કોણ?' પલ્લવી બોલી.

મનોજકુમાર, તમે તમારી આગળની સીટમાં બેઠેલ ત્રણેય ત્રાહિત શિક્ષિકા બહેનોની વાત સાંભળી ખરેખર ગંભીર બની ગયા. તમને થયું – **'મારે ભાવનાની વાત પર ભરોસો રાખવાને બદલે મારી પત્ની કવિતા પર ભરોસો રાખવાની જરૂર હતી.** ભાવનાની ઉપજાવી કાઢેલ વાતને સાચી માનીને મેં મારી પત્ની કવિતાને ભારોભાર અન્યાય કર્યો છે. કવિતા નિર્દોષ અને નિષ્કલંક છે. કવિતાએ ભાવનાના ભાઈ સાથે લગ્ન કર્યા નહીં, એ વાતનું મનદુઃખ રાખી ભાવનાએ વિલન બનીને અમારા સંસારબાગને ઉજ્જડ કરવાની પેરવી કરી. કવિતા સાથે બદલો લેવાની આગમાં સળગતી ભાવનાએ જ જાળ બિછાવી અને એ ભેદી જાળમાં જાણે-અજાણે હું પણ ફસાઈ ગયો. કવિતા વિશે મારા કાનમાં ઝેર રેડ્યું. ગંગાના પ્રવાહ જેવી પવિત્ર કવિતાના ચારિત્ર્ય પર મેં ભાવનાના કહેવાથી શંકા કરી. કવિતા અમારી નાની દીકરી માનસી માટે મારી ગમે તેવી હરકતોનેય સહન કરવા તૈયાર છે. માનસી મારી પણ દીકરી છે. **કવિતા અને માનસી પ્રત્યેની મારી ફરજ હું ચૂકી ગયો છું. હવે હું નશાની ખરાબ કુટેવને સાવ ભૂલી જઈશ.** કવિતા, તું સાવ નિર્દોષ છે. ભૂલ તો મારી જ હતી. હું સામા પગલે કવિતા પાસે જઈને મેં એને કરેલા અન્યાય બદલ માફી માંગીશ. માનસી સાથે કવિતાને હું મારા ઘરે તેડી લાવીશ. ગઈ ગુજરીને ભૂલી જઈને ઉજ્જડ થવા આવેલ અમારા સંસારબાગને નવપલ્લવિત કરવાના પ્રયત્ન કરીશ. સારું થજો આ ત્રણેય શિક્ષિકા બહેનોનું, જેમણે મને સાચી હકીકતથી વાકેફ કર્યો. એટલું જ નહીં, ખરાબે ચઢેલી અમારી જીવન નૌકાને મઝધારમાંથી હેમખેમ કિનારે લાવવા સાચી દિશાની સમજ આપી.'

તાલુકા મથક આવતા ત્રણેય શિક્ષિકા બહેનો બજારમાં ઉતરી ગઈ. એસ.ટી. બસ સ્ટેશનમાં પહોંચી ત્યારે મનોજકુમારના સાસરી ગામ અણિયોર જવાની બસ ઉપડવાની તૈયારીમાં જ હતી. ઝડપ કરું તો આ અણિયોર જતી બસ મળી જાય એમ વિચારી એમણે હાથ ઊંચો કરી ડ્રાઈવરને બસ થોભાવવા વિનંતી કરી. ઝડપભેર મનોજકુમાર બીજી બસના પગથિયા ચઢતા હતા ત્યાં જ એમના ખિસ્સામાં રહેલો મોબાઈલ ફોન રણક્યો. સામે છેડે વકીલ બોલતા હતા – 'મનોજભાઈ, તમે કાગળિયા લઈને જલ્દી આવો, હું તમારી રાહ જોઉં છું.' જવાબમાં બસની સીટમાં ઉંચા-નીચા થતા મનોજભાઈએ કહ્યું, 'ના, ના, વકીલ સાહેબ, હવે મારાથી નહીં અવાય. મેં વિચાર બદલ્યો છે.'

એસ.ટી. બસના ડ્રાઈવરને પણ જાણે કે મનોજકુમારની અણિયોર પહોંચવાની ઉતાવળની ખબર પડી ગઈ હોય તેમ એમણે બસને પૂરપાટ દોડાવી અને ત્યારે કવિતા - માનસીને મળવા અધીરા બનેલા મનોજકુમારના ચહેરા ઉપર આનંદની આછી આછી ઓકળીયું લીંપાતી જતી હતી.


*૩/૨૮, ઇન્દ્રપ્રસ્થ સોસાયટી, મુ. કલિકુંડ,*
*તા. ધોળકા, જિ. અમદાવાદ.*
*મો. ૯૦૯૯૯ ૪૧૨૪૦*

## બે ટ્રેનોને ભચાઉ રેલવે સ્ટેશને સ્ટોપેજ અપાયું

સયાજી નગરી અને કચ્છ એક્સપ્રેસ ટ્રેનને ભચાઉ રેલવે સ્ટેશન ખાતે સ્ટોપેજ આપવાનો મહત્ત્વપૂર્ણ, મુસાફરલક્ષી નિર્ણય રેલવે દ્વારા લેવામાં આવ્યો છે. દાદર-ભુજ તા. ૧૭ ડિસેમ્બરથી રોજ ૪.૦૦ વાગે ભચાઉ પહોંચીને ૪.૦૨ કલાકે ભુજ માટે ઉપડશે. પરતમાં ૦૦.૩૪ કલાકે ભચાઉ પહોંચીને ૦૦.૩૬ કલાકે દાદર માટે ઉપડશે. બાંદ્રા ટર્મિનસ - ભુજ સ્પેશિયલ તા. ૧૭ ડિસેમ્બરથી રોજ ૦૬.૦૬ કલાકે ભચાઉ પહોંચીને ૦૬.૦૮ કલાકે ભુજ માટે ઉપડશે. જ્યારે પરતમાં ૨૨.૧૪ કલાકે ભચાઉ આવીને ૨૨.૧૬ કલાકે બાંદ્રા ટર્મિનસ માટે ઉપડી જશે.

તકેદારી

# તમારી પુત્રી માટે કેવો પતિ પસંદ કરશો...?



દિનેશ પાંચાલ - જર્નાલિસ્ટ

રૉબર્ટ લમ્બકેએ કહ્યું છે : 'પ્રેમ આવે છે ચોર પગલે અને જાય છે બારણું પછાડીને!' એ કથનનું સ્મરણ એટલા માટે થયું કે હમણાં એક ગામમાં અક્ષરશઃ એવી જ ઘટના બની. ગામના એક માણસે વર્ષો પૂર્વે પ્રેમલગ્ન કરેલાં. એમને ચાર સંતાનો થયાં. વર્ષો વીતી ગયાં. ધીમેધીમે ખબર ના પડે તે રીતે પ્રેમ લુપ્ત થતો ગયો ને કંકાસ વધતો ગયો. વાછરડું સાંકળ તોડીને ભાગી જાય અને ખૂંટો રહી જાય એમ પ્રેમ લગ્નમાંથી પ્રેમ અત્તરની જેમ ઊડી ગયો. રહી ગયાં માત્ર લગ્ન! એટલેથી જ અટક્યું હોત તો ઠીક હતું પણ કોઈ એક ક્ષણે બંનેને લાગ્યું કે હવે સાથે રહી શકાય એમ છે જ નહીં, એટલે બંને અલગ થઈ ગયા. પત્નીએ ગામમાં એક બીજું ઘર ભાડે રાખ્યું અને વર્ષો પૂર્વે જે ઘરમાં એણે કંકુ પગલાં પાડ્યાં હતાં તે ઘરનું બારણું પછાડીને ચાલી ગઈ.

એક તરોપામાં બે સ્ટ્રો મૂકીને સાથે નારિયેળ પાણી પીતાં મેં એમને જોયા હતા. એ બંને આજે અલગ ચૂલે રાંધી ખાય છે તે નિહાળી, વધુ એક વાર દુઃખદ પ્રતીતિ થઈ કે **માનવ જીવનમાં પ્રેમ જ વધુ મહત્ત્વનો છે, લગ્ન નહીં! પ્રેમ હશે તો લગ્ન અનિવાર્ય નથી. પણ પ્રેમનું પંખીડું ઊડી ગયું હશે તો લગ્નસંબંધ ઘંટીના પડિયા જેવું ભારરૂપ બની રહેશે.** સમાજમાં એવાં સેંકડો ઘંટીનાં પડિયાં હરતાં-ફરતાં જોવા મળે છે. તેઓ જીવે ત્યાં સુધી વિક્રમ રાજાની જેમ પ્રેમની લાશ ખભે ઊંચકીને ચાલતાં રહે છે. પગ પર વાહનનું પૈડું ફરી વળે પછી પગ બાહ્ય ત્વચાને આધારે આખો દેખાય. ભીતરનું સળંગ હાડકું બે ટુકડામાં વહેંચાઈ ગયેલું હોય તેમ ઘણાંના લગ્નજીવનમાં ફ્રેક્ચર થયેલું હોય છે. તેઓ છૂટા થઈ શકવાની આસાન સગવડના અભાવ સાથે જીવ્યે જતાં હોય છે. એમનું કહેવાતું સહજીવન એક હાથકડીમાં બંધાયેલા બે કેદીઓ જેવું હોય છે. તેમની પાસે બધું હોય છે, માત્ર પ્રેમ નથી હોતો.

એક દિવસ એક વૃદ્ધ દંપતીને મેં બગીચાના એક બાંકડા પર બેઠેલું નિહાળ્યું. હજી હું બોલવાની તૈયારી કરતો હતો કે અહો... કેવું સુખી જોડું કર્તાએ નિરમ્યું દીસે! ત્યાં જ એમના કોઈ આગલા ઝઘડાનું અનુસંધાન જોડી બંને એવાં લડી પડ્યાં કે મારા શબ્દો મોંમાં જ થીજી ગયા. એ ડોસા-ડોસી ક્યાં તો નાના પૌત્રોને સાચવવાની અવેતન નોકરીમાંથી કંટાળીને ભાગી છૂટ્યાં હતાં, ક્યાં પોતાના ઝઘડા માટે ઘરનું વાતાવરણ માફક ન આવતાં, બગીચામાં આવ્યા હતા. આવા વૃદ્ધો ઘર તરફ પાછા વળે ત્યારે એમની વચ્ચે દેખાતું પચાસેક ડગલાનું અંતર હિમશિલાની ટોચ જેવું હોય છે. બંને વચ્ચેના માનસિક અંતરનું માપ કાઢવા માટે આપણે પરકાયા પ્રવેશની વિદ્યા શીખવી પડે.

ફીયોદોર દોસ્તોયેવસ્કીએ કહ્યું છે : **'પ્રેમ હોય તો માણસ સુખ વિનાય જીવી શકે!'** આપણે એમાં એટલું ઉમેરીએ – પ્રેમ હોય તો માણસ ઝેર પીનેય જીવી શકે. પ્રેમ ન હોય તો સો તોલા સોનાથી લદાયેલી શ્રીમંત પત્નીય ભીતરમાં બોરબોર આંસુડે રડતી હોય એવું બને છે. એવી એક શેઠાણીને મારુતિ કારમાં બેસીને પોતાના પતિ જોડે ઝઘડતાં મેં નજરે જોઈ છે. પેટમાં વ્હેંતના ખાડાવાળાં ભિખારીઓ અન્નના અભાવે રીબાતા હોય છે, એ રીતે આવા માણસો પ્રેમની ભૂખથી રીબાતા હોય છે. એરકન્ડિશન્ડ ઓરડામાં ડનલૉ પીલો પર સૂતેલાં દંપતીઓનાં દિલ ક્યારેક કુવૈતના કૂવાઓની જેમ ભડકે બળતા હોય છે. દુનિયાભરના સ્મશાનોમાં રોજેરોજ બળતી લાશોને વાચા ફૂટે તો જાણી શકાય કે કેટલાં બધાં માણસો પ્રેમના અભાવે સમય કરતાં થોડાં વહેલાં મરતાં હોય છે. **મધર ટેરેસાએ એ જ ફરિયાદ કરી હતી. 'માણસને બ્રેડનો ટુકડો મળે એ પૂરતું નથી, પ્રેમ પણ મળવો જોઈએ!'** સબસે ઊંચી પ્રેમ સગાઈ.

મૂળ વાત મુરતિયો પસંદ કરવા અંગેની છે. હમણાં એક વડીલની દીકરી પરણી. તેમણે અંત સુધી એવો આગ્રહ જારી રાખ્યો કે દીકરી માટે મુરતિયો શુદ્ધ શાકાહારી જ જોઈએ. માંસાહારી મુરતિયો કામદેવ જેવો હોય તોય ના પરવડે. દીકરીના માવતરને દીકરીને કેવા માણસો મળશે તેની ચિંતા રહેતી હોય છે. એથી તેમની અપેક્ષા ખોટી ન હતી. **પણ તેમણે મુરતિયો શાકાહારી જ હોય એ વાતને એટલું મહત્ત્વ આપ્યું કે તેઓ અન્ય જરૂરી ચકાસણી કરવાનું ચૂકી ગયાં.** તેમની અપેક્ષા મુજબનો એક મુરતિયો મળ્યો અને લગ્ન થઈ ગયા. પાછળથી ખબર પડી કે તે ચારિત્ર્યનો એવો લંપટ હતો કે બે સમાંતર સંસાર ચલાવતો હતો. માથે ડુંગર જેવડું દેવું થઈ ગયું હતું. એક દિવસ એ વડીલે ડુસકા જેવા સ્વરમાં કહ્યું : 'ચોખ્ખો મુરતિયો શોધવાની લ્હાયમાં અમે દીકરીને દુઃખી કરી બેઠાં. હવે

શું કરવું તે સમજાતું નથી.' **દીકરી માટે સુપાત્ર પતિ શોધવાનું કામ છીપલાંના ઢગલામાંથી મોતીવાળું છીપલું શોધવા જેટલું કઠિન હોય છે.**

લગ્નમાં કોણ કઈ વાતને મહત્ત્વ આપે છે એ અંગે સંસ્કૃતના એક શ્લોકમાં સરસ વાત કહી છે.

*કન્યા વરયતે રૂપમ્ માતા વિતમ્ પિતા શ્રુતમ્*
*બાંધવા કુલમ્ ઈચ્છન્તિ, મિષ્ટાન્નમિતરે જનાઃ*

(કન્યા મુરતિયાનું રૂપ જુએ છે, માતા પૈસો જુએ છે, પિતા શિક્ષણ જુએ છે, કુટુંબીજનો કુળ જુએ છે અને જાનૈયાઓ મિષ્ટાન્નમાં શું બનાવ્યું છે તે જુએ છે!)

બસ ગાડીમાં કેવળ ચાર-પાંચ કલાકની મુસાફરીમાં પણ આપણે બાજુની સીટ પર કોઈ સારા મુસાફરની અપેક્ષા રાખતા હોઈએ છીએ. જીવનભરના સાથી માટે તો હજાર ગળણે ગાળીને પાણી પીવું પડે. અને તોય સારો જીવનસાથી મળવો એ લોટરીના ઈનામ જેવો ભાગ્યઆધીન મામલો બની રહે છે. ભાગ્યવશાત્ પાત્ર સારું મળ્યું તો જીવન સફળ, નહીં તો ડગલે ને પગલે હીબકાં, ડૂસકાં ને રિબામણીનો પાર નહીં. વળી સારા પાત્રની સજ્જનતા પણ સંજોગ આધારિત. છતાં એટલું નિશ્ચિત કે માણસ ઘણી બધી રીતે સારો હોય તો જ આદર્શ પતિ બની શકે. એક બે સદ્‌ગુણોની સાથે ઢગલેબંધ દુર્ગુણો હોય તેવો મુરતિયો અનેક ખામીઓવાળા વહાણ જેવો ગણાય. ભાગ્યે જ એ સંસારસાગર પાર કરે છે. મુરતિયાની ચકાસણી અંગે દરેકના પોતાના દૃષ્ટિકોણ અલગ હોય છે. **પરંતુ કેટલીક બાબતો અંગે બૌદ્ધિક અભિગમથી વિચારવું જરૂરી બને છે.** મુરતિયો માંસાહારી હોય અથવા ન હોય એ તેના સારાનરસા હોવાની સાબિતી નથી હોતી. તે સરેરાશ એક માણસ તરીકે કેવો છે તેના પર વિશેષ ધ્યાન આપવું જોઈએ.

કોઈ પતિ માંસ ન ખાતો હોય પણ પત્નીના દેહમાંથી માંસનો લોચો બહાર નીકળી જાય એવો સખત માર મારતો હોય તો ફાયદો ખરો? (એવા શાકાહારી જલ્લાદ કરતાં પ્રેમથી પત્ની જોડે બેસી ચીકન બીરિયાની ઉડાવતો માંસાહારી હજાર દરજ્જે સારો!) માણસ દારૂ ન પીતો હોય અને પત્નીનું લોહી પી જતો હોય તો તેનું નિર્વ્યસનીપણું સહેજ પણ રાહતદાયક ખરું? દારૂ પીનારાઓની પ્રશંસા ના કરીએ પણ દારૂ, તાડી કે બીડી સિગારેટ પીવામાં લોહી પીવા જેટલી વેદના નથી થતી. મુરતિયાનો પોતાની માલિકીનો બંગલો હોય એવી અપેક્ષા રાખનાર વાલીઓએ એ પણ ચકાસી લેવું ઘટે કે પોતાનો બંગલો ધરાવનાર એ માણસ ક્યાંક બે-ત્રણ ઠેકાણે પોતાનું દિલ તો ભાડે નથી આપી બેઠો ને! મુરતિયાનો ગ્રીનકાર્ડ પણ દીકરીના ભાવિસુખનો ગેરંટીકાર્ડ નથી હોતો. માલદાર મુરતિયા જોડે જ દીકરીને પરણાવવાનો આગ્રહ રાખનાર વડીલોએ યાદ રાખવું જોઈએ કે પ્રત્યેક પૈસાદાર પતિ દિલદાર નથી હોતો. જેને ત્યાં પ્રતિ માસ કેવળ વ્યાજની આવક સાંઈઠ હજાર થાય છે એવા એક કંજૂસ માણસની પત્નીને લગ્ન પ્રસંગે પાડોશી પાસેથી ઉછીની સાડી માંગીને પહેરતાં મેં જોઈ છે. સટ્ટો-જુગાર ન રમતો મુરતિયો ક્યારેક વાંકડા માટે એવી મેલી રમત રમે છે કે દીકરીનાં માવતર જિંદગીભર રાતા પાણીએ રોતાં રહે છે. પરસ્ત્રી સામે ઊંચી આંખ ન કરનારો મુરતિયો કોને ન ગમે? પણ એવો ડાહ્યોડમરો મુરતિયો પોતાની પરણેતર જોડેય આંખ ન મિલાવી શકે એવી સ્થિતિમાં હોય ત્યારે તેનું 'ડાહ્યાપણું' પત્ની માટે મોરવીંછુના ડંખ જેવું પીડાકારક બની રહે છે.

*સી-૧૨, મજૂર મહાજન સોસાયટી,*
*ગણદેવી રોડ, જમાલપોર,*
*નવસારી-૩૯૬ ૪૨૭ (ગુજરાત). મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮*

---

## વર્ષા અડાલજાની નવલકથાનું એક અમરપાત્ર
## ઉમરશીભાઈ કુરુવા

**(અનુસંધાન : પાના નં. – ૩૦ ઉપરથી ચાલુ)**

હતા. **પૂ. મહાત્મા ગાંધી પતિ-પત્નીને સજોડે આશીર્વાદ આપી રહ્યાનો ફોટો તેમના ઘરમાં રહેલ આલ્બમમાં જોવાની, આ લખનારને તક સાંપડી હતી.**

પ્રમિલાબેને પણ તેમના જીવન દરમિયાન સામાજિક કાર્યકર, લેખક, મેગેઝિનના તંત્રી જેવી વિવિધ પ્રવૃત્તિમાં સક્રિય યોગદાન આપેલ. **એ જમાનામાં કચ્છમાં મહિલા ગૃહઉદ્યોગ સહકારી મંડળીની સ્થાપના કરી હતી.** શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મુખપત્ર "મંગલ મંદિર"ના તંત્રીની જવાબદારી પણ સંભાળી અને તેને મેગેઝિન તરીકે ઊંચાઈ બક્ષી.

શ્રી ઉમરશીભાઈના પરિવારમાં બે પુત્રી અને એક પુત્ર. નાના પુત્રી ચૌલાબેન ગુજરાત પ્રવાસન નિગમમાં મેનેજરપદે સેવા બજાવી નિવૃત્ત થયા. તેઓ પણ પુસ્તક લેખન અને સામાજિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે. મોટા પુત્રી હેમાંગિનીબેન લાલકા હાલ અમેરિકા વસવાટ કરે છે. હેમાંગિનીબેનના પતિ આઈ.પી.એસ. અધિકારી હતા અને ઉત્તર પ્રદેશના ડાયરેક્ટર જનરલ ઑફ પોલીસના સર્વોચ્ચ પદેથી નિવૃત્ત થયેલ. પુત્ર શ્રી જિતેન્દ્રભાઈ, વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલ હતા. પરંતુ કમનસીબે તાજેતરમાં ૬૦ વરસની વયે બ્રેઈન હેમરેજની ટૂંકી માંદગીમાં ચિરવિદાય લીધી.

પછાતોના બેલી, અત્યંત ઋજુ - રણકતો સ્વર ધરાવતા, સમાજસેવાની ભાવના સાથે ઉચ્ચ અધિકારી બનનાર, નિખાલસ - લાગણીશીલ વ્યક્તિત્વ ધરાવતા એક સાચુકલા માનવી શ્રી ઉમરશીભાઈએ ૨૦ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ આ સંસારની વિદાય લીધી.

શ્રી ઉમરશીભાઈની કામગીરી અને સ્મૃતિને સાદર વંદન.

તકેદારી

# આપણું લાગવું અને આપણું હોવું એ સમજવામાં વરસો નીકળી જાય છે



ભોલાભાઈ ગોલીબાર

જાણીતા લેખક લુઈ સૂકરે પોતાના પુસ્તકમાં લખ્યું છે કે, 'એનાથી કોઈ ફેર નથી પડતો કે તમે ભરેલું ડગલું મોટું છે કે નાનું. ફક્ત એ સમજી લો કે તમે જે ડગલું ભર્યું એ સાચી દિશામાં તો ભર્યું છે ને, નહિં તો તમારી ઉર્જા, સમય અને તક વેડફાશે.' લુઈની વાત ઘણી રીતે મહત્ત્વની છે. મોટાભાગે આપણે કંઈ જાણ્યા, જોયા, સમજ્યા વગર ખોટી દિશાની પસંદગી કરી નાખીએ છીએ. સમય વીતતા આપણને અહેસાસ થાય છે ત્યારે ઘણું મોડું થઈ ચૂક્યું હોય છે. આ સંદર્ભમાં મને એક વાર્તા યાદ આવે છે.

એક વખત ગામડાંના રેલવે સ્ટેશન પર એક ટ્રેન રોકાઈ. ટ્રેનમાંથી એક ફોજી સ્ટેશન પર ઉતર્યો. એના હાથમાં એક મોટી પેટી અને બિસ્તરો હતો. સ્ટેશન બહાર જઇ એણે ટેક્સીવાળાને પૂછ્યું, 'ભાઈ, કેમ્પ ઑફિસ જવાનું છે. ચાલીશ?'

ટેક્સીવાળાએ કહ્યું, 'હા, જરૂર ચાલીશ. પણ ભાડું બસ્સો રૂપિયા થશે.'

ફોજીએ કહ્યું, 'અરે બસ્સો રૂપિયા તો બહુ જ વધારે કહેવાય. થોડા ઓછા કર.'

ટેક્સીવાળાએ કહ્યું, 'ના સાહેબ, આનાથી ઓછું ભાડું નહીં થાય. ચાલવું હોય તો ચાલો.'

ફોજી તો ટેક્સીવાળાની વાત સાંભળી પેટી અને બિસ્તરો ઉપાડી કેમ્પ ઑફિસ તરફ ચાલવા લાગ્યો. વીસ મિનિટ પછી ફોજી થાકી ગયો અને પોતાની આસપાસ કોઈ વાહન શોધવા લાગ્યો. ફોજીને દૂરથી આવતો પેલો ટેક્સીવાળો દેખાયો, જેણે એની પાસેથી થોડીવાર પહેલા બસ્સો રૂપિયા માંગ્યા હતા. ફોજીએ ટેક્સીવાળાને હાથ બતાવ્યો અને કહ્યું, 'ભાઈ, લઇ જા મને કેમ્પ ઑફિસ.'

ટેક્સીવાળાએ કહ્યું, 'હા સાહેબ, હું લઇ તો જઇશ, પણ હવે કેમ્પ ઑફિસ જવાના ચારસો રૂપિયા થશે.'

ફોજીએ ગુસ્સે થતાં કહ્યું, 'હવે તું મારી મજબૂરીનો ગેરફાયદો ઉઠાવી રહ્યો છે!'

ટેક્સીવાળાએ કહ્યું, 'ના સાહેબ, હું તમારો કોઈ ગેરફાયદો નથી ઉઠાવી રહ્યો. તમે તો ફોજીભાઈ છો. હું શું કામ તમારો ગેરફાયદો ઉઠાવું? હકીકતમાં વાત એમ છે કે તમે કેમ્પ ઑફિસથી વિરુદ્ધ દિશામાં ખૂબ દૂર આવી ગયા છો. હવે તમારે કેમ્પ ઑફિસ જવા જે સ્ટેશને ઉતર્યા હતા એ સ્ટેશન પાસેથી થઇને જ આપણે કેમ્પ ઑફિસ જવું પડશે. કેમ્પ ઑફિસ માટે તમે જ્યાંથી ચાલતા આવ્યા ત્યાં સુધી તો પાછા જવું જ પડશે અને ત્યાંથી પછી આગળ જવું પડશે. એટલે હું ભાડું વધારે માગું છું.' ટેક્સીવાળાની વાત સાંભળી ફોજી ચૂપચાપ ટેક્સીમાં બેસી ગયો.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે, **'જો તમારી દિશા ખોટી છે, તો એ વાતથી કોઈ ફરક નથી પડતો કે તમારી આગળ વધવાની ઝડપ કેટલી છે.'**

એક અમેરિકન તત્ત્વચિંતકે કહ્યું છે, 'વધારે પડતા આત્મવિશ્વાસના શિકાર લોકો બેદરકારીભર્યું ડગલું ભરે છે, જેની એમને ખબર પણ નથી પડતી. જો આપણે આમાંથી કંઈક શીખીશું તો આપણે સાચી દિશામાં આગળ વધીશું અને સફળ પણ થઈશું.'

*ગોલીબાર પબ્લિકેશન્સ,*
*કાશીરામ ટેક્ષટાઈલ્સની પાછળ,*
*એશિયન પેઈન્ટ્સ ગોડાઉનની બાજુમાં,*
*બોમ્બે હાઈવે, નારોલ, અમદાવાદ-૩૮૨ ૪૦૫.*
*ફોન : ૨૫૩૨૯૧૮૧, ૨૫૩૨૯૬૭૧*

## આત્મવિશ્વાસ

તમે જો માનતા હો કે તમે હારશો
**– *તો તમે હારી જ જવાના.***

તમે જો માનતા હો કે તમારા હિંમત નથી
**– *તો તમે કાયર જ રહેવાના.***

તમને જીતવું તો ગમે જ,
પણ તમે એવું વિચારતા હો કે તમે જીતી નહીં શકો,
**– *તો ખાતરી રાખો કે તમે નહીં જ જીતો.***

સફળતાનો પાયો છે આત્મવિશ્વાસ.

જીંદગીની દોડ જીતનાર હંમેશાં
શક્તિશાળી જ હોય એવું જરૂરી નથી.

જેણે જીતવાનો સંકલ્પ કરી
આરંભ કર્યો હોય તે જ જીતે છે.

સંસ્કૃતિ

# કન્યાદાન



પારૂલ દેસાઈ

કોઈપણ રીતે કે કોઈપણ પ્રકારની અપેક્ષા વગર, કોઈ સ્વાર્થ કે ગણતરીઓ રાખ્યા વગર પોતાની પાસે જે હોય તે અન્યને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઉપયોગી થવાના હેતુથી આપવામાં આવે તેને દાન કહેવાય. દાનમાં ત્યાગની ભાવના રહેલી છે. પ્રાચીન સમયથી ભારતીય સંસ્કૃતિમાં દાનની મહત્તા છે.

*દાનવ્યમિતિ યદ્દાન દીયતેડનુંપકારિણે ।*
*દેશે કાળે ચ પાત્ર ચ તદ્દાનં સાત્વિક સ્મૃતમ્ ॥*

ટૂંકમાં કહીએ તો દેશ, કાળ (સમય) અને પાત્રને અનુરૂપ અપાતું દાન જ સાત્ત્વિક કહેવાયું છે. **આદિકાળથી ધન, ગાય, વસ્તુ કે કન્યાદાનનું મહત્ત્વ છે.**

શિવજીનાં લગ્ન સમયે પાર્વતીનું 'કન્યાદાન' તેના પિતાએ કરેલું. પોતાનું અંગ એવી દીકરીનું દાન સંસારરથને વેગ આપવા માટે સાત્ત્વિક ત્યાગની ભાવના સાથે કરાય છે. જો આ વ્યવસ્થા ન હોય તો વંશ - કુટુંબ, સમાજ આગળ વધી ન શકે. તેથી પોતાની પુત્રીને અનુરૂપ સુપાત્રને કન્યાદાન કરાય છે.

શ્રી મોરારિબાપુ કહે છે કે — **'દીકરો બાપનો હાથ છે, પરંતુ દીકરી તો બાપનું હૈયું છે.** કન્યાદાન કરતી વખતે પિતા જમાઈના હાથમાં દીકરીનો હાથ નહીં પણ પોતાનું હૈયું સોંપે છે.'

આ એક આર્ય વ્યવસ્થા છે અને સદીઓથી તે ચાલી રહી છે. પરંતુ આજે સમય જતાં પવિત્રતાની મૂર્તિ - દૈવી સ્વરૂપ દીકરીના કન્યાદાનનું પાસું જ પલટાયું છે. લોભ અને લાલચના કારણે આ પવિત્ર સંસ્કારમાંય પરિવર્તન આવ્યું છે. કન્યાદાન તો આજેય થાય છે, પરંતુ એ ઉપરછલ્લી વિધિ માફક જ છે.

જીવનરથના બે ચક્ર સમાન સ્ત્રી - પુરુષ સાથે મળી આ રથને આગળ ધપાવે છે ત્યારે બંનેને સમાન મહત્ત્વ મળવું જરૂરી છે. પરંતુ સમાજે પોતાને મળતા આ ''દાન'' અમુકે તો પોતાની માલિકી ગણી, નવવધૂને ગુલામ બનાવવાનું શરૂ કર્યું છે. કેટલાક લોકોએ લક્ષ્મીના અવતાર સમી એવી દીકરીને ''સાપનો ભારો'' સમજી, બોજ બનાવી દીધી છે.

લગ્ન બાદ પતિ માટે માત્ર ઉપભોગનું સાધન અને કુટુંબ માટે ફૂલટાઈમ હાઉસ-હોલ્ડ વર્કર (નોકરાણી) તરીકે જ પત્નીને જોવાઈ રહી છે. પોતાની ઇચ્છા મુજબ તેણી કાંઈ ન કરી શકે તેવા જડ નિયમોની બેડી તેના પગમાં પુરુષ પ્રધાન સમાજે પહેરાવી દીધી છે.

તેણીની નાની અમથી ભૂલમાં પણ અત્યાચાર, હિંસા ગુજારાઈ રહી છે અને તેને કુટુંબનું ઉપેક્ષિત પાત્ર બનાવી, તેની મહત્ત્વાકાંક્ષી પાંખોને જ કાપી, તેને પાંગળા જેવી બનાવી દેવાઈ છે. આ સત્ય બાબત છે, ને સમાજમાં આપણે તે જોઈ રહ્યા છીએ.

દીકરાની લ્હાયમાં સ્ત્રી ભ્રૂણ હત્યા માટે સ્ત્રીને મજબુર કરાય છે ત્યારે તેની માનસિક, શારીરિક દુર્દશા - વ્યથાને ધ્યાનમાં લેવાતી નથી.

આ એકવીસમી સદીમાં પણ કન્યાપક્ષ તરફથી ''આણા''ના નામે આડકતરું દહેજ વરપક્ષને અપાય છે. અગાઉ શીખ, પૈઠણ, આંકડો કે દહેજની સીધી માંગણી હતી. પરંતુ વર્તમાન સમયમાં રિવાજના નામે ચીજવસ્તુઓ કે ભેટસોગાદો વગેરે લેવાય છે.

જ્યારે કોઈ કન્યાપક્ષવાળા એ ન આપી શકે ત્યારે સ્ત્રીને હેરાન પરેશાન કરવામાં આવે છે. અહીં ''દાન'' શબ્દ (લિજ્જત થઈને નહીં પણ) લજ્જીત થઈને કન્યાનું ગૌરવ હણે છે.

**કન્યાદાન સ્વીકારતી વેળાએ શ્વસુરપક્ષે પુત્રવધૂને દીકરી માની, તેને ઉની આંચ પણ ન આવવા દેવાની પ્રતિજ્ઞા લેવી જોઈએ.**

નારી, એ સંસ્કૃતિનું પ્રતીક છે અને તેનું માન - સન્માન હંમેશાં જળવાઈ રહે તે માટે સમાજના દરેક વર્ગે સભાન બનવું એ આજના સમયની માંગ છે. ''દીકરી ને ગાય, દોરે ત્યાં જાય'' એવી વિચારસરણી સમાજે બદલવી પડશે.

કન્યાદાન આપણે શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે કરીએ છીએ અને ''ૐ તદ્ વિષ્ણોઃ પરમ પદમ્'' એ મંત્ર બોલીએ છીએ પણ એ જ દીકરીને ઘરમાં તો સાપનો ભારો ગણી તેનું જતન કરીએ છીએ. આ વિરોધાભાસ ગણાય છે.

દાન આપવું એ કર્તવ્ય છે, એવા ભાવથી જ દાન અપાય છે. **નિઃસ્વાર્થભાવે અપાતું દાન સાત્ત્વિક દાન છે. ફળની આશા સાથે અપાતું દાન કે કલેશપૂર્વક કે પ્રત્યુપકારની અપેક્ષાથી અપાતું દાન ''રાજસ'' દાન કહેવાયું છે.** અને પાત્ર જોયા વિના, અયોગ્ય દેશ-કાળમાં અને કુપાત્રને અપાય છે તે દાન ''તમસ'' કહેવાયું છે. દાનના બદલામાં પોતાનું સાંસારિક કાર્ય સિધ્ધ કરવાની અપેક્ષાથી દીધેલું દાન, ચાહે પછી એ કન્યાદાન હોય કે અન્ય કોઈને આપેલું દાન હોય, તે ફળતું નથી.


ઘરમાં ઉછરતી દીકરીને લક્ષ્મી ગણી, તેની પરવરીશ કરી, પછી જ તેનું ''કન્યાદાન'' કરાય તો જ ફળ મળે છે. આ બાબતે વિચાર કરવાની તાતી જરૂર છે.

***''નીલયમ'', સહકાર નગર મેઇન રોડ, મહિલા કોલેજ પાછળ, એસ.બી.એસ. સોસાયટી, રાજકોટ.***
***મો. ૯૪૨૯૫ ૦૨૧૮૦***

વ્યક્તિ / સંસ્થા વિશેષ

મુંબઈ આકાશવાણીની દરિયાપાર ગુજરાતી સમાચાર સેવાના સંપાદક

# માંડવીની સર્જક પ્રતિભા : નાનાલાલ વસા



ભરત'કુમાર' પ્રા. ઠાકર

ઈસુનું ૨૦૨૧નું નૂતન વર્ષ આરંભાઈ ચૂક્યું છે. ૨૦૨૧ના વર્ષમાં આઠેક કચ્છી વ્યક્તિ વિશેષોના શતાબ્દી અવસર આવે છે. તેમાં એક મૂળે કચ્છ-માંડવીના વતની, મુંબઈ આકાશવાણીના સમાચાર સંપાદક અને જાણીતા પત્રકાર - લેખક નાનાલાલ મોતીલાલ વસા (૧૯૨૧-૧૯૯૭)નો પણ સમાવેશ થાય છે. લેખન ક્ષેત્રમાં તેઓ એક અભ્યાસુ કટારલેખક, વાર્તાકાર, વિજ્ઞાનલેખક અને સાગરકથા લેખક પણ હતા. વર્ષના પ્રારંભે જ આવતી એમની શતાબ્દી પ્રસંગે એમને યાદ કરીએ...



**શ્રી નાનાલાલ વસા**

જન્મ : તા. ૦૫-૦૧-૧૯૨૧

નિધન : તા. ૨૫-૦૯-૧૯૯૭

- **તાંત્રિક કારકિર્દીથી આરંભ :**

નાનાલાલભાઈ વસાનો જન્મ આજથી બરાબર એક સદી પહેલાં ૫મી જાન્યુઆરી, ૧૯૨૧ના કચ્છના બંદરીય શહેર માંડવી ખાતે થયો હતો. માધ્યમિક શિક્ષણ વતનમાં અને કરાંચી શારદા મંદિરમાં તથા ઉચ્ચ વિજ્ઞાન શિક્ષણ વિલ્સન કૉલેજ (મુંબઇ) અને ફર્ગ્યુસન કૉલેજ (પૂના)માંથી મેળવ્યું હતું. રેડિયો ઇજનેરીને લગતો ટેકનિકલ ડિપ્લોમા મેળવી રેડિયો વ્યવસાયમાં ઝંપલાવ્યું અને તેના અનુસંધાને આખાય અવિભક્ત ભારતનો પ્રવાસ કર્યો.

ગુજરાતી સાપ્તાહિક 'રેડિયો'નું ટેકનિકલ તંત્રીપદ સંભાળ્યું. 'નૂતન ગુજરાત' અઠવાડિક (અમદાવાદ)માં રેડિયો અંગેની વિશિષ્ટ કટાર સંભાળી અને એક દાયકા પર્યંત 'ઉપનગર સંદેશ' (મુંબઈ) અખબારનું પણ સફળ સંચાલન કર્યું. **માત્ર ત્રીસ વર્ષની યુવાન વયે ૧૯૫૧માં તેઓ નગરપાલિકા ચૂંટણીમાં બોરીવલીમાંથી ચૂંટાઈ આવેલા** અને ત્રણેક વર્ષ સુધી તેની જાહેર સ્વાસ્થ્ય સમિતિના અધ્યક્ષ રહ્યા હતા.

દરમિયાન, તેઓ આકાશવાણીના મુંબઇ કેન્દ્રમાં જોડાયા અને તેની દરિયાપારના ગુજરાતીઓ માટેની સમાચારસેવાના સંપાદક તરીકે લાંબો સમય કાર્ય કરી ૧૯૭૯માં સેવાનિવૃત્ત થયા હતા. એમના પ્રકાશિત થયેલા લેખો-પુસ્તકો અને પ્રસારિત થયેલા રેડિયો વાર્તાલાપો પરથી એ સહેજે જાણી શકાય છે કે વિજ્ઞાન એમનો રસનો વિષય હતો.

- **વિજ્ઞાન-સાગર-તંત્રજ્ઞાન :**

ઉત્તરે રણથી અને દક્ષિણે દરિયાથી વીંટળાયેલા કચ્છ પ્રદેશના લેખકોની કૃતિઓમાં આ બે વસ્તુ ન આવે તો જ નવાઈ. ચંદ્રશંકર બુચ 'સુકાની' (૧૮૯૬ – ૧૯૫૮). ડૉ. મનુભાઈ પાંધી (૧૯૧૪ – ૧૯૮૪), વનુભાઈ પાંધી (૧૯૨૮ – ૧૯૯૪) જેવા કચ્છના ઠીક ઠીક લેખકોએ સાગર 'ખેડ્યો' છે. તેમ નાનાલાલભાઈની રગરગમાં પણ જાણે સમુદ્રની લહેરો ઉછળતી. **એમની સાગરકથાઓ અને દરિયા વિશેના એમના લેખોએ ઘણાનું ધ્યાન ખેંચ્યું છે.**

**તો, પુરાતત્ત્વ વિષયક એમની જાણકારી પણ આશ્ચર્ય ઉપજાવે એવી હતી.** વિદેશ પ્રવાસ દરમિયાન દુનિયાભરનાં વિખ્યાત સંગ્રહાલયોની પણ એ મુલાકાત લઈ આવ્યા હતા. સાથે સ્થાનિકે પણ એટલા જ પ્રવૃત્ત હતા. મુંબઈનાં પરાંઓની સામાજિક પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લેતા. બાલભારતી, નાગરિક સંઘ જેવી સંસ્થાઓના સ્થાપક પણ તેઓ જ હતા.

નાનાલાલભાઈએ લખેલાં પુસ્તકોમાં વિજ્ઞાનની પગદંડી, વિજ્ઞાન વિહાર ઉપરાંત રેડિયો કેવી રીતે કામ કરે છે? (૧૯૬૭), આકાશવાણીનું સમાચારતંત્ર (૧૯૭૧), ભારતમાં ટેલિવિઝન (૧૯૭૨), ટેલિફોન કેવી રીતે કામ કરે છે? (૧૯૭૩), ચંદ્ર પર માનવી, ચંદ્ર પર જઇને શું કરીશું? જેવી કેટલીક રસપ્રદ પરિચય પુસ્તિકાઓ પણ લખી છે.

- **માધુર્ય-મમતા-મીઠપ :**

મૂળરાજ રૂપારેલ (૧૯૩૫-૧૯૯૭) સંપાદિત અને પ્રસન્ન પ્રકાશન (મુંબઇ) પ્રકાશિત કચ્છી વાર્તાકારોના વાર્તાસંગ્રહ 'ખારાં પાણી, મીઠી કૂંપળ' (૧૯૭૭)માં નાનાલાલ વસાની પણ વાર્તા 'યાતના ત્રીસ મહિનાની' સ્થાન પામી હતી.

શ્રી રૂપારેલ નોંધે છે તેમ નાનાલાલભાઈને મળવું એટલે

જાણે એક ચલિત જ્ઞાનકોષને મળવું! છૂટા પડવાનું મન ન થાય એવો મધુર સ્વભાવ. એ માંડવીના છે કે માંડવી એમનું છે, એ મૂંઝવણ થાય એટલી હદે વતન પ્રત્યે મમતા. સારાનરસા અનુભવો છતાં કચ્છના પ્રશ્નોમાં એ ખૂબ રસ લેતા.

આવા મીઠપવાળા માનવી નાનાલાલ વસાનું ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૯૭ના મુંબઈ (બોરીવલી) ખાતે અવસાન થયું. પોતાના ત્રણેય પુત્રો (રાહુલ, પ્રશાંત અને પુલીન)ને એમણે તબીબી કારકિર્દીમાં આગળ વધાર્યા હતા. પુલીનભાઈ ચિકિત્સક સાથે કચ્છના ઇતિહાસ-પુરાતત્ત્વના પણ એટલા જ અભ્યાસુ છે. જન્મ શતાબ્દી પ્રસંગે આપણી હાર્દિક આદરાંજલિ.

- **આ વર્ષની શતાબ્દી પ્રતિભાઓ :**

લેખના આરંભે જેનો ઉલ્લેખ કર્યો છે તે ૨૦૨૧માં જેમની શતાબ્દી આવે છે એવી અન્ય પ્રતિભાઓનો પણ છેલ્લે નામોલ્લેખ કરી લઈએ. ચાલુ વર્ષે કચ્છી સાહિત્યકાર-પત્રકાર, 'વીસમી સદી' માસિકના તંત્રી **હાજી મહંમદ અલારખ્યા શિવજી** (૧૮૭૮–૧૯૨૧)ની પુણ્ય શતાબ્દી, જ્યારે અબડાસાના ધારાસભ્ય **ખીમજી નાગજી પટેલ - લીંબાણી** (૧૯૨૧ – ૧૯૯૬), બન્નીના અગ્રણી ધોરડોના સરપંચ **દાદા ગુલબેગ મિંયાહુસેન મુતવા** (૧૯૨૧ – ૧૯૯૯), મુંબઈ સ્થિત રાજકીય અગ્રણી - કચ્છી લોકકળાપ્રેમી **કરશનદાસ વીરજી (કે.વી.) ઠક્કર** (૧૯૨૧ – ૨૦૦૫), વાગડના સર્વોદય અગ્રણી **મણિભાઈ ન્યાલચંદ સંઘવી** (૧૯૨૧ – ૨૦૦૮), દિનારાના ગાંધીવાદી અગ્રણી **છગનલાલ નરોત્તમદાસ અમદાવાદી** (૧૯૨૧ – ૨૦૦૦), ગાંધીધામ મૈત્રી મંડળના સંચાલક - કેળવણીકાર **કૃષ્ણા કોડુમલ ભંભાણી** (૧૯૨૧ – ૨૦૧૫)ની જન્મ શતાબ્દી મનાવાશે.

*'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧, ખડિયા તળાવ સામે, વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

## કોઈપણ વસ્તુને પોઝિટિવ વિચારીએ તો "કોવિડ-૧૯"એ શું શીખવાડ્યું?

- ❖ જીવનમાં સ્વચ્છતા લાવતા શીખવાડ્યું.
- ❖ ફેમિલી સાથે સમય વિતાવતા શીખવાડ્યું.
- ❖ બહારનું નહીં ખાવાનું શીખવાડ્યું.
- ❖ પોતાની ફરમાઈશ વગરનું ગરમ અને ટાઈમસર જમતાં શીખવાડ્યું.
- ❖ બાળકોને બહારનું જંકફૂડ નહીં ખાવાનું શીખવાડ્યું.
- ❖ મૃત્યુ પાછળ બેસણાં ન કરવાનું શીખવાડ્યું.
- ❖ લગ્ન પ્રસંગમાં ખોટા ખર્ચા ન કરવાનું શીખવાડ્યું.
- ❖ હોટલ / શોપિંગના ખર્ચા બચાવતા શીખવાડ્યું.
- ❖ Birthday wishes, Congratulations, Get well soon and sympathy જેવી અનેક લાગણી Social Media – Mobileથી આપતા શીખવાડ્યું.
- ❖ છોકરાઓને ઘરે ટ્યુશન કરાવતાં શીખવાડ્યું.
- ❖ બાળકોને ઓનલાઇન શિક્ષણ લેતા શીખવાડ્યું.
- ❖ ઇસ્ત્રી વગરના કપડાં પહેરતાં શીખવાડ્યું.
- ❖ રોજ ઘરે જ શેવિંગ કરતાં શીખવાડ્યું.
- ❖ ઘરે જ દીકરાના માથાના વાળ કાપતાં શીખવાડ્યું.
- ❖ શારીરિક કસરત અને યોગ કરતાં શીખવાડ્યું.
- ❖ શરીરને માનસિક, શારીરિક આરામ આપતાં શીખવાડ્યું.
- ❖ રસોડામાં પત્નીને મદદ કરતાં શીખવાડ્યું.
- ❖ ભગવાનની પૂજા-પાઠ દરરોજ ઘરે જ કરતાં શીખવાડ્યું.
- ❖ પોલીસ, ડૉક્ટર, નર્સ અને સફાઈ કર્મચારીઓનું સમ્માન કરતાં શીખવાડ્યું.
- ❖ આપણા જીવ અને જીવનની કિંમત શીખવાડી.
- ❖ ઓછી આવકમાં ઘર કઈ રીતે ચલાવવું તે શીખવાડ્યું.
- ❖ માણસને માણસાઈ શીખવાડી.
- ❖ ઝૂમ, વર્ચ્યુઅલ, વેબિનાર જેવા ડિજિટલ માધ્યમથી કાર્યવાહી શીખવાડી.
- ❖ ઓનલાઇન સર્ચ, ખરીદી, આર્થિક વ્યવહાર કરતાં શીખવાડ્યું.
- ❖ નવી/જૂની રમતો રમતા કરી દીધા.
- ❖ ઘણી બધી ચીજવસ્તુઓ વિના તથા બહારના મનોરંજન કાર્યક્રમો વિના પણ ચાલી શકે, તેવી પ્રતીતિ થઈ.
- ❖ Adjustment કરતાં શીખવાડ્યું.
- ❖ જીવનશૈલીમાં બદલાવ લાવતાં શીખવાડ્યું.
- ❖ કોઈપણ પ્રસંગો નાના પાયે થઈ શકે છે, તે શીખવાડ્યું.

***આ સિવાય બીજી ઘણી બધી બાબતોને સામેલ કરી શકાય.***

***કોવિડ-૧૯, સમજો તો એક બોધપાઠ પણ છે.***

*દરેક સમસ્યાનો છેલ્લો રસ્તો માફી જ છે,*
*ક્યાંક આપી દો અને ક્યાંય માંગી લો.*


વ્યક્તિ / સંસ્થા વિશેષ

# વર્ષા અડાલજાની નવલકથાનું એક અમરપાત્ર ઉમરશીભાઈ કુરુવા

પ્રા. પૃથ્વી શાહ

આઝાદી પ્રાપ્ત થઇ છતાં પછાત વર્ગનો માણસ કચ્છના મોટાભાગના ગામડાંઓમાં માણસ હોવા છતાં માણસો વડે જ માણસોથી દૂર હડસાયેલો રહ્યો હતો. કદાચ ગામડાંના પછાત વર્ગના લોકો અમાસના અંધકારમાં જ રહ્યા હોત, પણ આઝાદી બાદ સરકારે તેમના વિકાસ માટે કદમ ઉઠાવ્યા. જિલ્લા પછાત વર્ગ અધિકારી નિમ્યા. કચ્છને ઉમરશીભાઈ જેવા ઉમદા, નિષ્ઠાવાન, સમાજસેવાને વરેલા અધિકારી સાંપડ્યા. **ઉમરશીભાઈએ તેમની કામગીરીથી પછાત વર્ગના લોકોને સુખી થવા અને આગળ ધપવા એક બારણું ખોલી આપ્યું.**

ખ્યાતનામ લેખિકા વર્ષા અડાલજાએ 'ગાંઠ છૂટ્યાની વેળા' નામની નવલકથા લખી છે. તેમાં ૧૯૬૦ સુધી કચ્છમાં અસ્પૃશ્યતા, ગામડાંઓમાં પછાત વર્ગની દયનીય હાલત વગેરેનું વિસ્તૃત વર્ણન છે. પછાત વર્ગના વિકાસ માટે સરકાર તરફથી ઉમરશીભાઈ નામના અધિકારીની નિમણૂંક થઈ અને એ પાત્રની નિષ્ઠા અને માનવતાથી ધબકતી કામગીરીનું વર્ણન છે. વાસ્તવમાં આ માત્ર કાલ્પનિક પાત્ર નથી, નવલકથાનું અમરપાત્ર એ કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના મૂળ કચ્છના જ ગોધરા ગામના વતની અને અમદાવાદને કાયમી વસવાટ બનાવનાર શ્રી ઉમરશીભાઈ જેઠાભાઈ કુરુવા પોતે છે. સમગ્ર જૈન સમાજને ગૌરવ અપાવનાર વ્યક્તિત્વ છે.



ઉમરશીભાઈના દિલમાં સમાજસેવાની ભાવના. પોતાના લોકોનું કલ્યાણ સાધવા મુંબઈ છોડી કચ્છ નોકરીમાં જિલ્લા પછાત વર્ગ અધિકારી તરીકે આવ્યા. એ સમયે કચ્છની ધરતીમાં પાણીની તંગી, શિક્ષણ સંસ્થાઓ માત્ર શહેરી વિસ્તારમાં મર્યાદિત પ્રમાણમાં. આભડછેટ અને માથે મેલું ઉપાડવાની પ્રથા. ગામડાંમાં તો ફાનસથી અજવાળા પથરાતા. ગામડાંમાં પાણીના વલખા, ગામડાંઓમાં સાપ-વિંછીનો ભારે ઉપદ્રવ, ધૂળિયા રસ્તા. ગામડાંઓમાં ગાડા, મુસાફરીનું એકમાત્ર સાધન. અસ્પૃશ્યતાની ભયંકર જડ. ગા**મડાંમાં બે બળદની જોડ ન હોય તો હરિજન સ્ત્રી તેમાં જોડાતી. આવી કારમી ગરીબાઈ.** ઉમરશીભાઈએ આવા કેટલાક અત્યંત ગરીબોને ચોકીદાર જેવી નોકરીમાં રાખી રોટલા ભેગા કર્યા હતા. સમગ્ર ગામ માટે સમૂહ ભોજનનું આયોજન જેવા કાર્યક્રમ ગોઠવ્યા. બીડી-ગાંજાના વ્યસનીને વ્યસન મુક્તિ માટે અરજ કરી, તેના પરિણામ પણ મેળવ્યા હતા. સાવ નાના - સવલત વિનાના પછાત ગામોમાં રાતવાસો કરી ગામની મુશ્કેલી જાણવા પ્રયત્ન કરતા. આમ, પછાત વર્ગના લોકોના ભાગ્ય ઉજળા બનાવનાર અધિકારી બની રહ્યા.

મહારાષ્ટ્રના ખાનદેશ પ્રદેશ તરીકે જાણીતા વિસ્તારમાં ધરમગાંવ ખાતે ૪થી નવેમ્બર, ૧૯૨૨ના રોજ તેમનો જન્મ. નાનપણ તેમણે દુઃખ અને ગરીબીમાં વિતાવ્યું હતું. માત્ર અઢી વરસની ઉંમરે પિતાની છત્રછાયા ગુમાવી હતી. તેમના મોટા બહેને પણ નાની ઉંમરે દીક્ષા લઇ સંસારનો ત્યાગ કર્યો હતો. હંમેશાં ખાદીની સફેદ સાડીમાં સજ્જ રહેતા તેમના માતુશ્રી જૈન ધર્મના નિયમો પાળતા, શાંત સ્વભાવના સન્નારી હતા. નિશાળની ફી ભરવા ફાજલ સમયમાં ઉમરશીભાઈને દુકાનમાં નોકરી પણ કરવી પડી હતી. પાછળથી ટ્યુશન કરી આવક મેળવી, સ્નાતક થયા. બી.એ. પાસ થયા બાદ સોશિયલ સાયન્સ વિષયમાં ટાટાનો ડિપ્લોમા મેળવ્યો. ૧૯૫૧માં તેમને 'ક' વર્ગના કચ્છ રાજ્યમાં જિલ્લા પછાત વર્ગ અધિકારી તરીકે નોકરી મળતાં ભુજ આવ્યા. ૧૯૬૦માં ગુજરાત રાજ્યની રચના થતાં સમાજ કલ્યાણ ખાતામાં અમદાવાદ બદલી થઈ. નોકરીમાં બઢતી પામતા થોડો સમય સમાજ કલ્યાણ ખાતાના ઇન્ચાર્જ ડાયરેક્ટરનું પદ સંભાળેલ. **પાછળથી પછાતવર્ગ વિકાસ નિગમની રચના થતાં તેના સચિવપદે ગાંધીનગર ખાતે નિમણુંક થઈ.** ૧૯૮૦માં વય મર્યાદાને લીધે ગૌરવભેર નિવૃત્ત થયા. સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયા બાદ અમદાવાદમાં જૈનોની વિખ્યાત આણંદજી કલ્યાણજી પેઢીમાં જોડાવા આમંત્રણ મળતા, આ પેઢીમાં વીસ વરસ સુધી મેનેજરપદે સેવા આપી હતી.

ગાંધીવાદી રંગે રંગાયેલા શ્રી ઉમરશીભાઈના લગ્ન જ્ઞાતિ આગેવાન, સ્વાતંત્ર્ય સેનાની અને ધનાઢ્ય પરિવારના શ્રી બી.એન. મહેશ્વરીના પુત્રી પ્રમીલાબેન સાથે ૧૯૪૯માં થયા

(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૫ ઉપર)



સ્વાસ્થ્ય

# તંદુરસ્તી મોંઘી નથી



ડૉ. પલ્લવી શાહ,
"વ્યાખ્યાતા"

*રાત્રે વહેલા જે સૂએ, વહેલા ઊઠે વીર;*
*બળ બુદ્ધિ ને ધન વધે, સુખમાં રહે શરીર.*

શરીરને સુખમાં રાખવાના પેંતરા માણસ યુગોથી કરતો આવ્યો છે. કોઈ સાચી દિશામાં આગળ વધે છે તો કોઈ ખોટી દિશામાં જઇ, પાછળ પડે છે. હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય કે શરીરને તંદુરસ્ત રાખવું અઘરું એટલે કે મોંઘું છે?? ના. કદાપિ નહીં.

માનવ કુદરતનું સંતાન છે. **કુદરતમાં રહેલા પાંચ મહાભૂત તત્ત્વોથી એનું શરીર બનેલું છે. જો આ તત્ત્વોનું શરીરમાં સંતુલન જળવાઈ રહે, તો શરીર ક્યારેય માંદુ પડે નહીં.** આટલી અમથી વાત જો સમજાઈ જાય, તો તંદુરસ્તી હાથવેંતમાં જ. પણ ક્યારેક એવું બને કે અઘરો દાખલો ઝટ આવડી જાય અને સહેલી રકમ સમજાય પણ નહીં! એવું જ તંદુરસ્તીનું છે. કથરોટમાં ગંગા છે ને સ્નાન કરવાનું ચૂકી જવાય છે! કુદરતમાં રહેલા પાંચ તત્ત્વો અને શરીરમાં રહેલા તત્ત્વો વચ્ચે સમતુલા જાળવવી કેમ? એનો જવાબ છે — વધુમાં વધુ કુદરત સાથે રહીને. વધુમાં વધુ કુદરતમાં રહીને! પહેલી જેવું લાગ્યું ને? ચાલો, એનો સરળ અર્થ કરીએ.

એકવાર આદિવાસીની એક વસ્તીમાં અંગ્રેજો પહોંચી ગયા. ત્યાંની પ્રજા આદિમાનવ જેવું જ જીવન ગાળતી હતી. માટીના સાધનો અને ગ્રામ્ય જીવન. એ ગામના મુખીને એક અંગ્રેજે દર્પણ ધર્યું. પ્રતિબિંબ દેખાયું તો પેલાએ પૂછ્યું, 'આ કોણ છે?' અંગ્રેજે કહ્યું, 'એ તું જ છે.' મુખી માનવા જ તૈયાર નહીં. એણે કહ્યું, 'આ હું તો નથી જ, પણ મારા ગામના દરેક જણ બચ્ચાને હું ઓળખું છું. એમાંનું પણ કોઈ નથી. જરૂર આ કોઈ બીજા ગામનો છે!' આપણી હાલત પણ આ આદિવાસી જેવી જ છે. જેણે ક્યારેય પોતાને નિહાળવાનો પ્રયત્ન જ કર્યો નથી. પહેલા તો આપણે એ જોઈએ કે આ પાંચ તત્ત્વો આપણા શરીરમાં કયા સ્વરૂપે રહેલા છે : પૃથ્વી તે આહાર સ્વરૂપે, પાણી રસ અને રક્ત સ્વરૂપે, અગ્નિ-જઠરાગ્નિ અને આંખોની રોશની સ્વરૂપે, વાયુ મૂળ સ્વરૂપે અને આકાશ અવકાશ સ્વરૂપે. આમાંનું કોઈ પણ તત્ત્વ વધી જાય કે ઘટી જાય તો મુશ્કેલી સર્જાય છે.

જે વ્યક્તિનો આહાર અને નિહાર તંદુરસ્ત, તેનું શરીર તંદુરસ્ત. **આ માટે જરૂર છે વધુ ને વધુ લીલાં ફળો અને શાકભાજી ખાવાની, જે શરીરને જરૂરી તત્ત્વો પૂરા પાડે છે.** વળી, જે ખોરાક આપણે લઇએ એનું પાચન પણ યોગ્ય રીતે થવું જોઈએ. યોગ્ય રીતે પચાવવા માટે ખોરાક લેતી વખતે મનમાં રહેલી દરેક પરેશાની, દરેક સમસ્યા બધાને બાજુએ મૂકી, સંપૂર્ણ ધ્યાન ચાવવાની પ્રક્રિયા પર કેન્દ્રિત કરવું જોઈએ.

હવે આહારનું નિયમન કેમ કરવું? તો જરૂર કરતાં એક કવલ ઓછું ખાવું, સાત્ત્વિક ખાવું, ચાવી ચાવીને ખાવું, **પાણી પૂરતા પ્રમાણમાં પીવું અને શુદ્ધ પાણી પીવું.** હવે અગ્નિનો વારો. જો ખોરાક સમયસર લેવાય અને નિદ્રા અને ભોજન સમય વચ્ચે ત્રણથી ચાર કલાકનો સમયગાળો રહે તો જઠરાગ્નિ એનું કાર્ય એકદમ બરાબર રીતે કરી શકે. એ જ રીતે આંખો પર પાણીનો છંટકાવ અને કુમળા સૂર્ય કિરણોનું સેવન આંખની રોશનીને બળવત્તર બનાવે છે. વાયુનું નિયમન ખોરાક અને હલનચલન પર આધારિત છે. વાયુજનક ખોરાકને અવગણવામાં આવે અને ખાસ કરીને સવારે અને એ શક્ય ન હોય તો સાંજે **એકથી દોઢ કિલોમીટર શુદ્ધ હવામાં ચાલવાનું થાય તો વાયુની શી મજાલ કે એ પરેશાન કરે?** જો આ ચાર તત્ત્વોની સમતુલા યોગ્ય પ્રમાણમાં હશે તો અવકાશ આપોઆપ જળવાઈ રહેશે. હવે સમજાયું ને? કે વધુમાં વધુ કુદરતમાં રહેવું અને વધુમાં વધુ કુદરત સાથે રહેવું એટલે શું?

*ખાવાનું ઓછું કરો, પાણી પીઓ બમણું,*
*વ્યાયામ કરો ત્રણ ગણો, હસવું ચાર ગણું.*

તંદુરસ્તીનું બીજું મહત્ત્વનું પાસું છે સ્વસ્થ ઊંઘ. પૂરતા થાક પછીની ઊંઘ મીઠી હોય છે. ઊંઘ આવે ત્યારે જાગવું, દિવસે જાગવાના સમયે ઊંઘવું — આ કુદરતના ક્રમ વિરુદ્ધની ઘટનાઓ છે. જેનાથી વિકૃતિ ઉદ્ભવે છે અને રોગો ઉદ્ભવે છે. મોડી રાત સુધી ટી.વી. જોવું, ઓફિસનું કામ કરવું, મોબાઈલ અને ઇન્ટરનેટનો ઉપયોગ કરવો અથવા કોઈ પણ કારણસરનું જાગરણ કે વધુ પડતી ઊંઘ શરીરના પાચનતંત્રને હેરાન કરે છે. જેના લીધે કબજિયાત અને અન્ય રોગો થાય છે. તંદુરસ્ત વ્યક્તિને તંદુરસ્ત રહેવા માટે છ થી સાત કલાકની જરૂરી ઊંઘ જરૂરી હોય છે — આ પરિબળને આપણે કેટલું મહત્ત્વ આપીએ છીએ?

માણસની પરીક્ષા બે જગ્યાએ થાય છે : એક ખાટલે અને બીજી પાટલે. ખાટલે બેસીને બોલે છે કઈ રીતે? અને પાટલે બેસીને ખાય છે કઈ રીતે? કેટલાક લોકો ખાય છે એવી રીતે

જાણે બીજો ટંક જ આવવાનો નથી. જૈન ધર્મમાં ઉણોદરી નામનું તપ છે. ઉણોદરી એટલે જરૂર કરતાં ઓછું ખાવ. વૈદક શાસ્ત્ર પણ કહે છે કે – જમતી વખતે ભૂખ કરતાં સહેજ ઓછું ખાવું. અતિશય ઉતાવળે, બરાબર ચાવ્યા વગર, વાતો કરતાં કરતાં બેધ્યાનપણે કે ટી.વી. જોતા જોતા જમવું જોઈએ નહીં. બપોરે જમ્યા પછી છાશ અને સાંજે જમ્યા પછી દૂધનો ઉપયોગ અવશ્ય કરવો. ઉક્તિ પણ છે ને....

*દૂધે વાળુ જે કરે, તે ઘર વૈદ્ય ન જાય.*

પચાસની ઉંમર પછી ફળ વધારે ખાવા જોઈએ અને અન્નાહાર ઓછો લેવાથી પાચનમાં સરળતા રહે છે. ચાલતા ચાલતા ખાવું, સ્વાદિષ્ટ ખોરાક વધુ પડતો ખાવો અને ગમે ત્યારે સ્વાદ સંતોષવા ખાવા લાગવું, વધારે પડતો તળેલો, ખાંડવાળો ખોરાક ખાવો – આ બધા રોગનાં ઘર છે. **સાંજે સૂરજ આથમે તેથી પહેલાં ખાઈ લેવાની વાત માત્ર ધાર્મિક દૃષ્ટિએ જ નહીં પણ આરોગ્યની દૃષ્ટિએ પણ ઉત્તમ છે.** સાંજે વહેલું ખાઈ લેવાથી જઠરને ખોરાક પાચન માટે સારો એવો સમય મળી રહે છે અને શ્રમ કરીને થાકેલું પાચનતંત્ર નિદ્રા દરમિયાન વિશ્રાંતિ મેળવી લે છે અને આમ શરીરનું તંત્ર વ્યવસ્થિત ચાલે છે.

*ઓકી ઓકી દાતણ કરો, ચોળી ચોળી ન્હાવ;*
*ચાવી ચાવી ભોજન કરો, ભૂખ વિના ન ખાવ.*

માણસ એકલા ખોરાકથી નથી જીવતો, **પવિત્ર વિચાર એ પણ ઉત્તમ ખોરાક છે.** અન્ય માટે હૃદયમાં દયા, તુચ્છ જીવો માટે અનુકંપા અને દિવસમાં નિશ્ચિત સમયે ઈશ્વરનું સ્મરણ કરવાથી વિચારો પવિત્ર બને છે અને મનોબળ વધે છે. મન શાંત અને સ્વસ્થ રહે છે. જેથી આવેગોને અંદર આવવાના દરવાજા બંધ થઈ જાય છે. આજના ડૉક્ટર્સનું તારણ છે કે રોગનું મુખ્ય કારણ માણસનું મન છે. **જેનું મન સ્વસ્થ, તેનું તન સ્વસ્થ.** ટેન્શન આવ્યું, બ્લડ પ્રેશર વધ્યું, હાર્ટ ઍટેક આવ્યો. મન પરેશાન થયું, કબજિયાત થઈ ગઈ, પરિણામે પેટના દર્દો થયા.

કોઈ પણ સ્થળે ઉત્તમમાં ઉત્તમ છ દાક્તરો છે : સૂર્યપ્રકાશ, નિર્મળ પાણી, સપ્રમાણ આરામ, શુદ્ધ હવા, વ્યાયામ અને સાત્ત્વિક ખોરાક. આ દાક્તરના શરણે જવાથી તેઓ સ્વાસ્થ્ય જાળવી રાખવામાં દરેક રીતે મદદગાર બનશે. વળી, આ દાક્તરો નિઃસ્વાર્થ દાક્તરો છે. ક્યારેય કોઈની પાસે કાંઈ જ લેતા નથી. બલકે ચોવીસ કલાક દરેકની સેવા હર ક્ષણે કરવા તૈયાર હોય છે.

*છેલ્લે એક મજાની શીખ :*

*પાંવ કો ગરમ, પેટકો નરમ, શિર કો રખો ઠંડા;*
*પીછે આયે દાક્તર તો મારો ડંડા.*

*મા આશાપુરા બી.એડ. કૉલેજ ફોર ગર્લ્સ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ● મો. ૯૪૨૯૫ ૪૭૯૬૫*
*ઈ-મેઈલ : plvshah@gmail.com*

## સામાન્ય જ્ઞાન

**(અનુસંધાન : પાના નં. – ૪૬ ઉપરથી ચાલુ)**

આપી મોટી હાનિ અટકાવનાર સાધન ઘણી જાહેર જગ્યાએ તેમજ વિમાન કે ટ્રેનમાં ઉપયોગી થાય છે.

સ્મોક ડિટેક્ટર બે પ્રકારના હોય છે : એક ફોટોઇલેકટ્રિક અને બીજા આયનાઇઝેશન. બંને પ્રકારના સ્મોક ડિટેક્ટર જુદી જાતના ધૂમાડાને ઓળખે છે. ફોટોઇલેકટ્રિક પદ્ધતિમાં લેડ ટ્યુબ દ્વારા ઈન્ફ્રારેડ કિરણો વહેતા હોય છે. **આ કિરણો એક ટ્યુબના છેડેથી પસાર થાય છે. ટ્યુબના બીજા છેડે પ્રકાશિત લેમ્પ હોય છે. આ કિરણો વચ્ચે સંપર્ક હોતો નથી પરંતુ ધૂમાડો પ્રવેશે ત્યારે તેના રજકણો પરાવર્તિત કરે છે અને ઇન્ફ્રારેડ કિરણોની ઝપટમાં આવી જાય છે અને ચેતવણી બેલ વાગે છે.** આયોનાઇઝેશન સ્મોક ડિટેક્ટરમાં એમિરિડિયમ નામનું રેડિયો એક્ટિવ દ્રવ્ય વપરાય છે. એક ગ્રામના ૫૦૦૦મા ભાગ જેટલું આ દ્રવ્ય ઘણું મોટું કામ કરે છે. આ રેડિયો એક્ટિવ રજકણો વહેતા હોય છે. ધૂમાડો પ્રવેશે ત્યારે તેમાં રહેલ નાઇટ્રોજનને કારણે આ પ્રક્રિયામાં ભંગ પડે છે અને વીજપ્રવાહ અટકી જઈ ચેતવણીની ઘંટડી વાગે છે. આમ સ્મોક ડિટેક્ટર આગની અગાઉથી ચેતવણી આપી દે છે. મોટા કારખાનાઓમાં આ સાધન ઉપયોગી થાય છે.

## મોબાઇલ ફોનનું અવનવું

- આધુનિક મોબાઈલ ફોનમાં નાસા દ્વારા ચંદ્ર ઉપર મોકલાયેલા એપોલો-૧૧માં વપરાયેલા કોમ્પ્યુટર કરતાંય વધુ ક્ષમતા હોય છે.
- મોબાઈલ ફોન ઉપર સૌથી વધુ બેક્ટેરિયા હોય છે.
- જાપાનમાં લોકો સ્નાન કરતી વખતે પણ મોબાઇલનો ઉપયોગ કરે છે. તેથી ત્યાંના ૯૦ ટકા ફોન વોટરપ્રુફ હોય છે.
- મોબાઇલ ફોન દ્વારા પ્રથમ વાતચીત ૧૯૭૬માં મોટોરોલાના શોધક માર્ટિન કૂપરે કરેલી.
- મોબાઈલ ગુમાવવાથી કે બગડી જવાથી લોકોને ગુસ્સો અને રોષ પેદા થાય છે. આ સ્થિતિને 'નોમોફોલિયા' કહે છે.
- મોબાઇલ ઉપર વીડિયો અને ફોટા સૌથી વધુ અપલોડ થાય છે. આ ટ્રાફિક, વેબ ટ્રાફિકનો ૨૭ ટકા ભાગ રોકે છે.
- **સ્માર્ટફોનની ટેકનોલોજી વિવિધ ૨૫૦૦૦૦ શોધખોળોના સમન્વયથી બનેલી છે.**
- મલેશિયામાં મોબાઈલ ફોનમાં મેસેજ દ્વારા છૂટાછેડા લેવાનું કાયદેસર ગણાય છે.
- ઘણી વખત લોકો આસપાસના લોકોથી દૂર રહેવા સ્માર્ટફોનમાં વ્યસ્ત હોવાનો ડોળ કરે છે. એક સર્વેમાં ૪૭ ટકા લોકોએ આ વાત કબૂલી હતી.



સ્વાસ્થ્ય

# ટમેટું રે ટમેટું



પારૂલ દેસાઈ

ટમેટું રે ટમેટું... ગોળ ગોળ ટમેટું... લાલ લાલ ટમેટું... નદીએ ન્હાવા જાતું'તું... આ રમત અને આ ગુજરાતી જોડકણા શીખીને મોટા થયા હશે એ સૌ વાંચકોની નજરે શૈશવના સંસ્મરણો તાજા થયા હશે. તાજા લાલ અને લીલા ટામેટાં, ટમેટાં કે ટોમેટો... ફળ કે શાકભાજી જે કહો તે દરેક વ્યક્તિએ ક્યારેક તો ખાધું જ હશે. સ્વાદે ખાટું-મીઠું આ ટમેટું લીસી ચળકતી છાલવાળું અને અંદરથી સરસ ગરવાળું - પાકું હોય તો રસાદાર ફળ અને કાચું લીલું હોય તો કડક શાકભાજી. જો કે ટમેટાં શાકભાજી છે કે ફળ એ બાબતે ઇ.સ. ૧૮૮૭માં યુ.એસ.માં એક વિવાદ થયો હતો અને ૧૦મી મે, ૧૮૯૩ના રોજ કોર્ટે એવું જાહેર કર્યું કે ટામેટાં એ શાકભાજી છે કારણકે તેને રાંધ્યા વગર સલાડ તરીકે જ ખાઈ શકાય છે. જો કે વનસ્પતિશાસ્ત્ર અનુસાર તો એ 'બોર' જાતિનું ફળ જ છે. અરે, આપણે તો તેનો ઉપયોગ કરવાનું જ કામ છે, તો શું વિવાદ કરવો કે ફળ કે શાકભાજી!

એઝટેક લોકો અને મેસો અમેરિકાની પ્રજા ૭મી સદીમાં ટમેટાંનો ઉપયોગ ખોરાક તરીકે કરતી હતી એમ જાણવા મળે છે. તેનું વતન પશ્ચિમ-દક્ષિણ અમેરિકા હોવાનું માનવામાં આવે છે. મેક્સિકોમાં તેની ખેતી કરવામાં આવતી. **પરંતુ યુરોપિયન લોકોએ વિશ્વને 'ટમેટાં'ની ઓળખ કરાવી છે.** શાકભાજી કહો કે ફળ ટામેટું ખાવું તેમજ સૌંદર્ય જાળવવા ઉપરાંત મનોરંજન માટે પણ ઉપયોગ કરવામાં આવે છે. જી હા, મિત્રો, સ્પેનમાં દર વર્ષે ઓગસ્ટ માસના છેલ્લા બુધવારે 'લા ટોમેટીના' નામનો તહેવાર એકબીજા પર ટમેટાં ફેંકીને મનોરંજન મેળવવાના હેતુથી ઉજવવામાં આવે છે. આ તહેવાર વિશે તો ફરી ક્યારેક વિગતે વાત કરશું.

૧૬મી સદીમાં પોર્ટુગીઝ પોતાની સાથે ટમેટાં ભારત લાવ્યા અને ભારતની આબોહવા ટમેટાંની ખેતી માટે ઉત્તમ પુરવાર થઈ. આમ, ભારતીયોને એક નવું શાક-ફળ 'ટમેટું' મળ્યું. ટમેટાંમાં એવા તે કયા ગુણો રહેલા છે કે જેના લીધે તે આજે સૌનું માનીતું અને જાણીતું થઈ ગયું છે? તે જાણવું ગમશે.

૧૦૦ ગ્રામ દેશી લાલ ટમેટામાં ૯૫ ટકા તો પાણી છે. જ્યારે ૧૮ ટકા કેલેરી, ૩.૯ ગ્રામ કાર્બ્સ, ૦.૯ ગ્રામ પ્રોટીન, ૨.૬ ગ્રામ ખાંડ, ૧.૨ ગ્રામ ફાઈબર અને માત્ર ૦.૨ ગ્રામ ચરબી છે. ટમેટામાં વિટામિન એ, સી, કે (૧) અને B9 (ફોલેટ) અને પોટેશિયમ, કેલ્શિયમ, સોડિયમ પણ રહેલું છે. **જેના કારણે કોઈપણ ઉંમરની વ્યક્તિ માટે તે ખૂબ જ જરૂરી બની રહે છે.** વળી સગર્ભાને ફોલેટની વધુ જરૂર હોય ત્યારે પણ ટમેટું જ ફાયદાકારક બની રહે છે.

ટમેટા ખાવાથી ભૂખ લાગે છે. માટે જ આપણે ત્યાં ભોજનની શરૂઆતમાં ટમેટાનો સૂપ પીરસવામાં આવે છે. વળી તે આહારનું પાચન પણ કરાવે છે. ફાઈબર હોવાને લીધે સલાડમાં પણ ખાઈ શકાય છે. **ટમેટાથી હિમોગ્લોબીન વધે છે અને ત્વચાની ફિક્કાશ દૂર થાય છે.** રક્તવિહાર, મેદસ્વીપણું, હરસ, જીર્ણજ્વર, પેટનો દુઃખાવો પણ દૂર થાય છે. ટમેટામાં રહેલું લાયકોપેન નામનું પીગમેન્ટ ફ્રી રેડિકલ્સને લીધે અમુક કેન્સરને થતા અટકાવે છે. લાયકોપેન ચરબીમાં દ્રાવ્ય છે. આથી સલાડમાં ખાવાને બદલે ઘી કે તેલમાં રાંધેલા ટમેટા રોગ સામે વધુ રક્ષણ આપે છે. **વાયુ અને કફ પ્રકૃતિવાળા વ્યક્તિઓ માટે ટમેટા આશીર્વાદરૂપ બની રહે છે.** પરંતુ પિત્ત પ્રકૃતિવાળા વ્યક્તિઓએ તેનું પ્રમાણ ઓછું રાખવું. ટૂંકમાં નિરોગી રહેવા ટમેટા ખાવા જોઈએ.

ટમેટા બ્યુટી કેર માટે પણ ઘણા જ ઉપયોગી છે. તૈલીય ત્વચા પર ટમેટું ચહેરા અને ગળા પર ઘસીને સૂકાય ત્યાં સુધી રહેવા દેવું. ત્યારબાદ તેને ધોઈ લેવાથી વધારાનું તેલ દૂર થઈ ત્વચા કાંતિમય બની જશે. તો નિસ્તેજ બનેલી ત્વચા માટે તે એસ્ટ્રિજન તરીકે કામ કરે છે. ખુલ્લા છિદ્રો અને બ્લેક હેડ્સ - વ્હાઈટ હેડ્સને દૂર કરવા પણ ઉપયોગી છે. જ્યારે તડકામાં ફરવાથી કાળી પડી ગયેલી ત્વચા પર ટમેટાના પલ્પમાં ૧ ચમચી મધ નાખી હળવા હાથે મસાજ કરવો. ૧૫ મિનિટ પછી તેને ઠંડા પાણીથી ધોઈ નાખો. જેથી ત્વચાનો રંગ નિખરશે અને ઠંડક પણ મળશે. ડેડ સ્કીન દૂર કરી તાજગી મેળવવા માટે ૨ ટમેટા, ૧ લીંબુ (છાલ સાથે), ૨ ફુદીનાના પાન, ૨ બરફના ટુકડા બધું મિક્સરમાં ક્રશ કરી દો. પછી તેમાં ૫ ચમચી ખાંડ નાખી ગળા અને ચહેરા અને હાથ પર સ્ક્રબ કરો. ૧ કાકડી અને ૧ ટમેટાનો રસ મિક્સ કરીને એક બાટલીમાં ભરીને ફ્રિઝમાં મૂકી રાખો. જ્યારે પણ બહારથી આવો ત્યારે તેને ચહેરા પર છાંટો. તે ટોનરનું કામ કરશે. ત્વચા હંમેશાં તાજગીભરી અને તેજસ્વી બની રહેશે.

અરે, આમ તો શિયાળાનું ફળ કે શાકભાજી એવું ટમેટું હવે તો બારેમાસ મળે છે. તો તેનો રોજ ઉપયોગ કરી તાજા-માજા બની રહો.

*"નીલયમ", સહકાર નગર મેઇન રોડ, મહિલા કોલેજ પાછળ,*
*એસ.બી.એસ. સોસાયટી, રાજકોટ.*
*મો. ૯૪૨૯૫ ૦૨૧૮૦*

કારકિર્દી

પેરામિલિટરી ફોર્સમાં આસિસ્ટન્ટ કમાન્ડન્ટની પોસ્ટ

# દેશના રક્ષણ અને કેરિયર ડેવલપમેન્ટની ટ્વિન ઓપોર્ચ્યુનિટી

હીરેન દવે

યુ.પી.એસ.સી. દ્વારા દર વર્ષે કેન્દ્રીય અર્ધલશ્કરી દળોમાં આસિસ્ટન્ટ કમાન્ડન્ટ કક્ષાની ભરતી પરીક્ષા યોજાતી હોય છે. સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સી.આર.પી.એફ.) તરીકે ઓળખાતું અર્ધલશ્કરી દળ દેશમાં નક્સલવાદીઓ, માઓવાદીઓ સામે લડત આપવા, તોફાનો અથવા હુલ્લડો વખતે કાયદો અને વ્યવસ્થા જાળવવા, ચૂંટણી માટેનો બંદોબસ્ત વગેરેની ચાવીરૂપ કામગીરી સંભાળે છે. તે દેશનું સૌથી મોટું અર્ધલશ્કરી દળ છે. કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ (સી.આઈ.એસ.એફ.) કેન્દ્ર સરકારના જાહેર સાહસો, અણુઉર્જા મથકો, એરપોર્ટ વગેરેની સુરક્ષા સંભાળે છે. સીમા સુરક્ષા દળ (બી.એસ.એફ.) ભારત-પાકિસ્તાન અને ભારત-બાંગ્લાદેશની સીમાની સુરક્ષા સંભાળે છે. ઈન્ડો તિબેટીયન બોર્ડર પોલીસ (આઈ.ટી.બી.પી.) ભારત-ચીન સીમાની સુરક્ષા સંભાળે છે. સશસ્ત્ર સીમા બળ (એસ.એસ.બી.) ભારત-નેપાળ તથા ભારત-ભુતાન સીમાની સુરક્ષા સંભાળે છે. આ તમામ દળોમાં ભરતી યુ.પી.એસ.સી. દ્વારા યોજાતી સેન્ટ્રલ પોલીસ ફોર્સ પરીક્ષા દ્વારા કરવામાં આવે છે.

- **લાયકાત :**

આ પદ માટે અરજી કરનાર ઉમેદવાર પાસે સરકાર માન્ય વિશ્વ વિદ્યાલયની કોઈપણ વિદ્યાશાખામાં સ્નાતક કક્ષાની ડિગ્રી અને અરજીના વર્ષે ૧ ઓગસ્ટના રોજ ૨૦ વર્ષ પૂર્ણ કરેલ હોય પણ ૨૫ વર્ષ પૂર્ણ કરેલ ન હોવા જોઈએ. આ ઉપરાંત વિવિધ કેટેગરીના વિદ્યાર્થીઓને વય મર્યાદામાં છુટછાટ પણ આપવામાં આવેલી છે. પુરુષ કે મહિલા ઉમેદવાર અરજી કરી શકે.

- **અરજી પ્રક્રિયા :**

આ માટેની જાહેરાત સામાન્યતઃ દર વર્ષે માર્ચ-એપ્રિલ મહિનામાં આપવામાં આવે છે. ઉપર મુજબ લાયકાત ધરાવનાર ઉમેદવારે યુ.પી.એસ.સી. ઓનલાઈન વેબસાઈટ પર અરજી કરવાની હોય છે. યુ.પી.એસ.સી.એ ૨૦૨૧ના કેલેન્ડરમાં દર્શાવ્યા અનુસાર ૧૫મી એપ્રિલ, ૨૦૨૧થી ૫ મે, ૨૦૨૧ દરમિયાન આ ભરતી માટે અરજી કરી શકશે અને ૮ ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ પ્રથમ તબક્કાની લેખિત કસોટી યોજાશે.

- **પસંદગીની પ્રક્રિયા :**

આ પદ માટે સૌપ્રથમ તબક્કામાં એક દિવસની લેખિત સ્વરૂપની પરીક્ષા હોય છે. સામાન્યતઃ જૂન મહિનામાં રવિવારના દિવસે પરીક્ષા યોજાય છે. પરીક્ષામાં બે પ્રશ્નપત્રો હોય છે. બંને પ્રશ્નપત્રમાં લઘુત્તમ પાસિંગ માર્ક યુ.પી.એસ.સી. દ્વારા નક્કી કરવામાં આવે છે. પ્રથમ પ્રશ્નપત્રમાં ગણિત, રીઝનિંગ, ભારતનો ઈતિહાસ, ભારત અને વિશ્વ ભૂગોળ, ભારતની રાજ્ય વ્યવસ્થા અને અર્થવ્યવસ્થા, વિજ્ઞાન અને સમસામાયિક ઘટનાઓનો સમાવેશ થાય છે. તે મલ્ટિપલ ચોઈસ ક્વેશ્ચન સ્વરૂપનું પ્રશ્નપત્ર છે. **જે ઉમેદવારો પ્રથમ પ્રશ્નપત્રમાં આ ધારાધોરણ મુજબ પાસ થાય, તે ઉમેદવારોનું જ દ્વિતીય પ્રશ્નપત્ર ચકાસવામાં આવે છે.** દ્વિતીય પ્રશ્નપત્રમાં નિબંધ અંગ્રેજી કે હિંદીમાં, જ્યારે અન્ય પ્રશ્નોના ઉત્તરો માત્ર અંગ્રેજીમાં જ આપી શકાય છે. ભાગ ૧ નિબંધ ૮૦ માર્ક અને ભાગ-૨ માં કોમ્પ્રિહેન્શન, સંક્ષિપ્તકરણ, વ્યાકરણ અને ભાષા સજ્જતાના અન્ય મુદ્દાઓ ૧૨૦ માર્કના હોય છે.

| પ્રશ્નપત્ર | સમય | માર્ક | કુલ પ્રશ્ન | સ્વરૂપ |
|---|---|---|---|---|
| સામાન્ય બૌધ્ધિક ક્ષમતા | ૨ કલાક | ૨૫૦ | ૨૦૦ | MCQ |
| નિબંધ અને અંગ્રેજી ભાષા કસોટી | ૩ કલાક | ૨૦૦ | ૭ | લેખિત |

લેખિત પરીક્ષામાં સારો દેખાવ કરનાર ઉમેદવારને ફિઝિકલ કસોટી માટે બોલાવવામાં આવે છે.

| કસોટી | પુરુષ | મહિલા |
|---|---|---|
| ૧૦૦ મી દોડ | ૧૬ સેકંડ | ૧૮ સેકંડ |
| ૮૦૦ મી દોડ | ૩ મિનિટ ૪૫ સેકંડ | ૪ મિનિટ ૪૫ સેકંડ |
| લોન્ગ જંપ | ૩.૫ મીટર (૩ પ્રયત્ન) | ૩ મીટર |
| ગોળા ફેંક (૭.૨૬ કિ.ગ્રા.) | ૪.૫ મીટર | – |

(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૬ ઉપર)

કલ્યાણ

# તરણા ઓથે ડુંગર...



પુષ્પાબેન કનકસેન શાહ

***સંસારના વિષમ ભાવોથી લદાયેલા આત્મા માટે એક વિરામસ્થાન સામાયિક છે (ઠાણાંગ-૪). આત્માનો મૂળ સ્વભાવ સમભાવ છે. સામાયિક એટલે સમભાવ. સામાયિકથી રાગદ્વેષને જીતી શકાય છે. શાશ્વત સુખ માટેનાં પ્રલોભનોને હાર મળે છે. મોક્ષરૂપી લક્ષ્મીની સાધના માટેનું અચૂક શ્રેષ્ઠ સાધન છે.***

**(હરિ ગીત)**

*બાર તપને નિપજાવવા, અષ્ટ કર્મને ખપાવવા,*
*મન, વચન, કાયા સ્થિર કરી આશ્રવ દ્વારો વાસવા,*
*કરી બે ઘડી સામાયિક શ્રાવક મોક્ષના સુખને લહે,*
*ત્યજી દેહભાવોને સદાયે આત્મભાવે સ્થિર રહે.*

ભક્તજનો ગાય છે 'તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહીં'. પંક્તિનો શબ્દાર્થ વિચારીએ તો વાત વિચિત્ર લાગે. એક સૂકા, નાના, પવનના હિલોળે ઊડી જાય એવા તણખલાની નીચે ડુંગર હોય! અને હોય તે પાછો દેખાય નહીં! એનો ઉત્તર છે, હા, હોય અને એને જોવાની દૃષ્ટિ ન હોય તો એ દેખાય નહીં. આ તો અગમ નિગમની વાતો છે. એને જાણનારા જાણે અને માણનારા માણે.

અધ્યાત્મની વાતો નિરાળી છે. અહીં દુન્યવી સમાજના માપ-તોલ કામ ન આવે. એમાંની એક બાબત જ વિચારીએ તે એ કે જૈનના મત અનુસાર સામાયિક અને પ્રતિક્રમણ એને આવશ્યક સૂત્ર કહ્યા છે. અવશ્ય કરવાની જેમાં આવશ્યક્તા છે તે ક્રિયા અને ક્રિયા દ્વારા સાધના તે આવશ્યકસૂત્ર બતાવે છે.

સામાયિક સૂત્રનું એવું છે. તરણા ઓથે ડુંગર – એ માટે એક વાર્તા યાદ આવે.

એક રાજકુંવર હતો. એને દૂર દૂર ડુંગર ઉપર એકદંડિયા મહેલમાં રહેતી એક સુંદર કન્યાને પરણવાનું મન થયું. એ તો ચાલ્યો. અનેક મુશ્કેલીઓ દૂર કરતો ડુંગર ઉપર પહોંચ્યો. ડુંગર ઉપર રાક્ષસનો મહેલ હતો. એ મહેલમાં પેલી સુંદર કન્યા રહેતી હતી. રાક્ષસને જીતી શકાય તો પેલી સુંદર કન્યા મળે. કુંવર તો સાહસિક અને હિંમતવાળો હતો. રાક્ષસ બહાર ગયો ત્યારે તે મહેલમાં ઘૂસી ગયો. પેલી કુંવરીએ ડર બતાવ્યો. અહીંથી ચાલ્યો જા, નહિતર મારા પિતા તને મારી નાખશે. પણ કુંવર જાય શેનો? એણે તો લગ્નની વાત કરી. કુંવરી એની હિંમત પર ખુશ થઈ. એણે કહ્યું, 'મારા પિતા એક ખજાનાની શોધમાં છે. એ ખજાનો શોધીને લાવી આપે તો મને પરણાવે.'

પછી કુંવરીએ રસ્તો બતાવ્યો. એક દાબડી આપી. આમાંનું અંજન આંખે આંજજે. તને ખજાનો દેખાશે. રાજકુંવર તો ગયો. ઘણી મુશ્કેલીનો સામનો કરીને તે ખજાનો શોધી લાવ્યો. પેલું અંજન કામ આવ્યું. આંખે આંજ્યું ને ઝળહળતાં ઝવેરાત દેખાયા. એનું કામ સફળ થયું. રાક્ષસે એને પોતાની કુંવરી પરણાવી. એણે ખાધું પીધું ને રાજ કીધું.

આ એક બાલવાર્તા છે. **માણસ ઉંમરમાં ગમે તેટલો મોટો હોય પણ જ્યાં સુધી ધર્મતત્ત્વને પામ્યો નથી ત્યાં સુધી એ બાળક જ છે.** આ બાલવાર્તા એમના માટે છે. એમની આંખે જ્યાં સુધી જ્ઞાનનું, દર્શનનું અંજન નથી અંજાયું ત્યાં સુધી એમને સામાયિક કરવામાં રહેલા લાભ નથી દેખાતા, નથી સમજાતા.

સામાયિક કરે એટલે બે ઘડી નિરાંત. કોઈ આળપંપાળ નથી. શારીરિક કામ નથી, માનસિક તાણ નથી. આશ્રવના પાંચે દરવાજા બંધ અને એનું નિયમન કરનાર મનપંખી એને વિસામાની વેળા. આટલી વાત તો ઉપર ઉપરથી સમજાય એવી છે, પણ હજુ તો ઘણું છે પેલા તરતા બરફના પહાડ જેવું. બહાર તો માત્ર ત્રીજો ભાગ જ દેખાય, બાકી ઊંડે પાણીમાં હોય.

**સામાયિકનો સમયગાળો એટલે વિશ્વભરમાં થતી પાપક્રિયાઓથી નિવૃત્તિ.** એ બધાના ભાગીદાર થતા બચ્યા. એટલો સમય ક્રિયાના ભારથી બચ્યા. દરવાજા બંધ છે એટલે રાવી ન લાગે.

સામાયિકના સમયે મન, વચન અને કાયાના યોગ સ્થિર રહે તેથી મન અને શરીરને શાંતિ તો મળે પણ એમાંય જો આનંદ ચરમ સીમાએ પહોંચ્યો, ઉત્કૃષ્ટ રસ આવ્યો તો આત્મશાંતિ પામી શકે. આ ક્ષણે ગમે તેટલી તકલીફ કે મુશ્કેલી આવે તો પણ ડગે નહીં. આ લાભ સામાયિકનો છે.

સામાયિક કરતાં ઉલટી બાજી સુલટી થાય છે. સંસારી

જીવને સમયે સમયે સાત/આઠ કર્મનો બંધ પડે છે. આયુષ્ય કર્મનો બંધ તો જીવનમાં એક જ વાર પડે, પણ સાત કર્મ તો બંધાયા કરે છે. આ બંધ શુભ પણ અને અશુભ પણ હોય. સામાયિકમાં શુભ કર્મ બંધની શક્યતા ઘણી રહી છે. સામાયિક કરનાર શરીર કે વચનથી અશુભ કર્મ નહીં બાંધે. કદાચ મનની ગતિ રોકી ન શકાય.

એ સમય દરમિયાન સ્વાધ્યાય કરવાથી જ્ઞાનાવરણીય કર્મ ખપે છે. વળી સજ્ઝાય, ધ્યાન, વ્યાખ્યાન શ્રવણની પ્રવૃત્તિથી દેવ, ગુરૂ અને ધર્મ પર શ્રદ્ધા મજબૂત બને છે. ચાર કષાયોની ચોકડી – ક્રોધ, માન, માયા અને લોભનું જોર ઘટે છે. પરિણામે કર્મોના રાજા મોહરાજા - મોહકર્મની પકડ ઢીલી પડે છે. એટલું જ નહીં, પણ મન, વચન અને કાયાથી શાંતિમાં રહેતાં શાતા વેદનીય કર્મ બંધાય. એના વડે સુખ, સગવડ અને સારું સ્વાસ્થ્ય મળે જેથી ધર્મકરણી માટે અનુકૂળતા થાય.

સ્વાતિ નક્ષત્રનું જલબિંદુ જો કાલુ માછલીના મુખમાં ઝીલાય તો સાચું મોતી પાકે. એમ સામાયિક દરમિયાન જો આયુષ્યબંધ પડે તો તે શુભ ગતિનો (માનવ, દેવ કે તિર્યંચ જુગલિયાનો) પડે. દુર્ગતિમાં એટલે કે નારકી, તિર્યંચમાં જવા કોણ ઇચ્છે? જો ન ઇચ્છે તો સદાકાળ સામાયિકમાં રહેવું. બચી જવાશે.

હવે વાત આવી નામ કર્મની. નામ કર્મ શુભ હોય તો શરીર સુંદર, સુડોળ, તેજસ્વી, રૂપાળુ ને કાંતિવાન મળે. સામાયિક દરમિયાન તે કોઈની હાંસી કરવાનો, કોઈના વિરૂપ અંગ ઉપાંગ જોઈ મશ્કરી કરવાનો વિચાર સુદ્ધાં નહીં આવે. તેથી અશુભ બંધ નહીં પડે. એવા જીવો પ્રત્યે કરૂણાનો ભાવ આવે. અનુકંપા થાય એટલે શુભ કર્મનો બંધ થાય. ગુરૂ આદિને વંદન કરતાં, પંચ પરમેષ્ઠિને નમન કરતાં ગોત્ર કર્મ શુભ બંધાય. સામાયિકમાં મન પ્રસન્ન રહે, પ્રફુલ્લ રહે તેથી અંતરાય તૂટે. **આમ, સામાયિકથી સાધક જ્ઞાન, દર્શન અને ચારિત્રના ત્રિવેણી સંગમ તરફ આગળ વધે છે, અશુભ કર્મબંધનથી દૂર રહે છે.**

મોક્ષનું શાશ્વત સુખ કેવું હોય એનો સહજ અને હવાની લહેરખી જેવો શીતલ અનુભવ સામાયિક દ્વારા કરી શકાય છે. દેહભાવથી દૂર થઈ આત્મભાવમાં જવા પ્રયત્ન કરનાર સાધક સંસારી આપત્તિ કે શરીરની બીમારીના કારણે વિચલિત થતો નથી.

સામાયિક તો જૈન શાસનની અદ્‌ભુત દેન છે. રાજેન્દ્ર શાહના શબ્દોમાં કહીએ તો :

***"પંડની પેટીમાં પારસ છે પડ્યો, વાવરી જાણે તે બડભાગિયો, ફૂટેલાં ફૂટે છે કરમજી, આપણ ઘડવૈયા બાંધવ આપણે હોજી."***

પારસમણિનો ઉપયોગ કરી જાણે તે ભાગ્યશાળી. એમ સામાયિકની સાધના કરી જાણે, તેનો મર્મ સમજી, તેનાથી થતા લાભને જાણી સામાયિકનું મૂલ્ય સમજે તે હળુકર્મી જીવ ભાગ્યશાળી.

ભવચક્રના ફેરામાંથી મુક્તિ મેળવવા બે કામ કરવાં પડે. એક નવાં કર્મોને આવતા રોકવા. બીજું, જે બંધાઈ ચૂક્યા છે તેને તોડવા, દૂર કરવા. **કર્મને તોડવા માટે, એની નિર્જરા માટે ભગવાન મહાવીરે તપનો રસ્તો બતાવ્યો છે.** તપના મુખ્ય પ્રકાર બે અને પેટા પ્રકાર બાર. બાર ભેદે તપશ્ચર્યા દ્વારા કર્મની નિર્જરા થઈ શકે અને સામાયિકની ખૂબી તો જુઓ એક સામાયિક કરવાથી બાર પ્રકારનું તપ નીપજે. પ્રશ્ન થાય : "આ વાત શક્ય છે?" જ્ઞાનીજનો કહે છે, "તદ્દન શક્ય છે." એટલે જ તો 'તરણા ઓથે ડુંગર' એમ કહ્યું છે.

*ધન્વંતરી ચિકિત્સાલય,*
*શ્રીજી નગર, મુંદ્રા, કચ્છ.*

## પેરામિલિટરી ફોર્સમાં આસિસ્ટન્ટ કમાન્ડન્ટની પોસ્ટ

**(અનુસંધાન : પાના નં. – ૩૪ ઉપરથી ચાલુ)**

સ્પર્ધાનો અંતિમ તબક્કો ઇન્ટરવ્યૂ હોય છે. જેના ૧૫૦ જેટલા ગુણ હોય છે. આમ કુલ ૬૦૦ ગુણમાંથી મેરિટ બને છે. આ મેરિટ મુજબ ઉમેદવારને કેડરની ફાળવણી કરવામાં આવે છે. **કયા અર્ધલશ્કરી દળમાં જવું તેની પસંદગીનો ક્રમ ઉમેદવારે લેખિત પરીક્ષામાં ઉત્તીર્ણ થયા બાદ નિર્ધારીત કરવાનો હોય છે. જેને ત્યારબાદ બદલી શકાતો નથી.**

મારા લાંબા શૈક્ષણિક અનુભવ પરથી મેં નોંધ્યું છે કે આ પરીક્ષામાં સ્પર્ધાનું તત્ત્વ પ્રમાણમાં ઓછું છે. વયમર્યાદા નીચી હોવાથી અને લોકોને પૂરતી માહિતી ન હોવાથી આ પરીક્ષાનો પૂરતો લાભ લેવામાં આવતો નથી. પણ જો યોગ્ય તૈયારી કરીને પસંદગી મેળવવામાં સફળતા મળે તો ઉત્કૃષ્ટ કારકિર્દીની તકો મળી શકે છે. પેરામિલિટરી ફોર્સમાં આસિસ્ટન્ટ કમાન્ડન્ટની પોસ્ટથી કામગીરીની શરૂઆત થાય છે. જે રાજ્ય પોલીસના ડી.વાય.એસ.પી.ને સમકક્ષ હોય છે અને કેન્દ્રના પગારધોરણના વિશેષ લાભો પણ મળે છે અને આગળ બઢતીની વિપુલ તકો રહેલી છે. **ઉપરાંત ઇન્ટેલિજન્સ બ્યુરો કે રો માં કામ કરવાની તક મળી શકે છે.** મોટાભાગના વિદ્યાર્થીઓ યુ.પી.એસ.સી.ની પરીક્ષા માટે માત્ર સનદી સેવા પરીક્ષા વિશે જ જાણકારી ધરાવતા હોય છે. તેના જ અભ્યાસક્રમ પર આધારીત આ પરીક્ષા એક અનોખી કારકિર્દીનો ચીલો ચાતરી આપે છે.

***ઈશ્વરના ચોપડામાં આપણું બોલેલું, વિચારેલું કે વાંચેલું નથી, પરંતુ આપણું કરેલું નોંધાય છે!***



કલ્યાણ

# જૈન ધર્મ, એ વિશ્વમાં સર્વશ્રેષ્ઠ ધર્મ છે....



ડૉ. અલ્કા એસ. શાહ

જીવનને ઉન્નત અને ઉજમાળ બનાવે - આત્માને શુધ્ધ-બુધ્ધ બનાવે તેવી વિચારધારા અને આચારસંહિતા એટલે ધર્મ. આવી સરળમાં સરળ વ્યાખ્યા ધર્મની કરી શકાય.

સમગ્ર વિશ્વમાં અનેક પ્રકારના ધર્મો અને તેના અનુયાયીઓ છે. મુખ્યતઃ ખ્રિસ્તી ધર્મ, ઈસ્લામ ધર્મ, હિંદુ ધર્મ, બૌધ્ધ ધર્મ અને જૈન ધર્મના અનુયાયીઓ વિશેષ જોવા મળે છે. દરેક ધર્મની પોતાની આગવી વિચારધારા - સિધ્ધાંતો છે અને તેને અનુરૂપ જીવન જીવનારા લોકો તેના ભક્તો કે અનુયાયીઓ કહી શકાય.

**ભારતીય સંસ્કૃતિ અનેક ધર્મોનું જન્મસ્થાન મનાય છે.** ધર્મ અને ભારતીય સંસ્કૃતિ એકમેકના પર્યાય ગણી શકાય. ભારતદેશમાં જ અનેક ધર્મ - સંપ્રદાયો છે, અનેક દેવ-દેવીની પૂજા અર્ચના કરનારા ભક્તો છે. જેમ શિવના ભક્તો શૈવ કહેવાયા, ગૌતમ બુધ્ધના અનુયાયીઓ બૌધ્ધ, તો ઈસુના અનુયાયીઓ ખ્રિસ્તી તરીકે ઓળખાય છે. એ મુજબ જેઓ જિનેશ્વરના ભક્તો છે તેઓ જૈન કહેવાય છે.

અન્ય ધર્મમાં એવું માનવામાં આવે છે કે ઈશ્વરે આ સૃષ્ટિની રચના કરી છે. તો પ્રશ્ન એ થાય કે આ ઈશ્વર એટલે કોણ? શા માટે તેણે સર્જન કર્યું?

જે સર્વજ્ઞ, સર્વશક્તિમાન, સર્વદર્શી, ઈચ્છા-વાસના આદિ તમામ દોષોથી સંપૂર્ણ મુક્ત હોય, વિમલ હોય, પ્રબુધ્ધ હોય તે ઈશ્વર... તો પ્રશ્ન એ થાય કે આવા ગુણસંપન્ન ઈશ્વરે જન્મ-જરા-મરણ, આધિ-વ્યાધિ-ઉપાધિ આ બધાથી ભરેલી સૃષ્ટિની રચના શા માટે કરી? જેમાં કેટલાક ધનવાન તો કેટલાક દરિદ્ર, કોઈ જ્ઞાની તો કોઈ ગમાર, કોઈ રૂપવાન તો કોઈ કુરુપ — આવા ભેદભાવ કેમ રાખ્યા? એમ માનીએ કે પોતપોતાના પાપ-પુણ્ય અનુસાર સૌને સુખ-દુઃખ ઈશ્વરે આપ્યા, **તો પછી વળી પ્રશ્ન એ થાય કે કેટલાકને પુણ્ય કરવાની સુબુધ્ધિ, તો વળી કોઈને પાપ કરવાની દુર્બુધ્ધિ કેમ આપી?** આમ, આવા અનેક પ્રશ્નોમાં આપણે અટવાઈ જઈએ છીએ.

ખરેખર તો આ સૃષ્ટિમાં વસતા દરેકનું પોતાનું આગવું અસ્તિત્વ છે, દરેકનો સ્વતંત્ર આત્મા છે. મુક્તિ માટે દરેકે વ્યક્તિગત પુરૂષાર્થ કરવો પડે છે. મુક્તિ બંધન સુખ-દુઃખ આ સઘળી અનુભૂતિ - અનુભવ આ બધું જ દરેકનું પોતાનું અલગ અને અંગત હોય છે. આથી જ જૈન દર્શન સ્પષ્ટ રીતે કહે છે કે આ સૃષ્ટિનો સર્જનહાર ઈશ્વર નથી, અનાદિકાળથી આ સૃષ્ટિ છે. સર્જન વિસર્જનની પ્રક્રિયા નિરંતર ચાલતી રહે છે પણ બધું જ સ્વયં સંચાલિત છે. આ સંચાલનમાં કર્મસત્તા જ મહત્ત્વનો ભાગ ભજવે છે એવું જિનેશ્વર ભગવંતે સમજાવ્યું છે.

આ જિનેશ્વર કોણ? દરેક ધર્મ એમ તો માને જ છે કે માનવ જીવનનું કોઈ અંતિમ લક્ષ્ય તો છે જ, સ્વર્ગ-દેવલોક-જન્નત — આવા વિધવિધ નામો પણ એને આપેલ છે.

જૈન ધર્મના માનવજીવનનું અંતિમ લક્ષ્ય એટલે મોક્ષ પ્રાપ્તિ. મોક્ષની આ સાધનામાં કોઈ પ્રત્યે તીવ્ર રાગ કે કોઈ પ્રત્યે તિરસ્કાર / દ્વેષની ભાવના હોય તો આ બંને મનોભાવ — રાગ અને દ્વેષ બાધક બને છે. આત્માને દૂષિત અને દોષિત કરનાર આ આંતરિક મનોભાવ શત્રુ સમાન ગણેલા છે. આ સિવાય પણ અન્ય દુષ્ટ મનોભાવ — કામ, ક્રોધ, મોહ, માન, માયા, લોભ આ બધા પણ આંતરિક શત્રુ જ છે પણ **આ બધાનું મૂળ રાગ-દ્વેષ છે.** તેથી જેમણે આ બે મહાન આંતરિક શત્રુ રાગ-દ્વેષને જીત્યા, જેઓ રાગ દ્વેષ વિહીન બન્યા, તે 'જિન' કે 'વિતરાગ' કહેવાયા. જેના બીજા નામ અરિહંત પરમાત્મા (અરિ = શત્રુ, હંત = હણનાર) સર્વજ્ઞ, સર્વદર્શી (તમામ પદાર્થ - તેના પર્યાય - વિચાર - વૃત્તિ સઘળું જાણનાર, જોનાર કેવળજ્ઞાની તે સર્વજ્ઞ - સર્વદર્શી...) પણ છે.

**જિનેશ્વર ભગવંત જે માર્ગે સ્વયં જીવ્યા તે સાધનાનો માર્ગ આત્મસાધકો માટે આરાધ્ય માર્ગ બની ગયો અને તેમણે જીવનને અજવાળવા, આત્માને નિર્મળ બનાવવા - પ્રબુધ્ધ કરવા જે આચાર વિચારનું નિરૂપણ કર્યું તેને જ જૈન ધર્મ કહેવાય છે.**

આમ જૈન ધર્મી એટલે જૈન કુળમાં જન્મેલ વ્યક્તિ એમ માનવાનું નથી પણ કર્મથી જેણે જિન બનવાનું સ્વીકાર્યું એવી હર એક વ્યક્તિ જૈન છે. જ્ઞાતિ, ધર્મ, પંથ, દેશ, વેશ કોઈ બંધન તેમાં નથી. આત્મ સાધનાના દ્વાર સૌ માટે સદાય ખુલ્લા જ છે. નામ કે રૂપ સાથે ધર્મની વ્યાપ્તિ નથી. તેની વ્યાપ્તિ અધ્યાત્મ સાથે છે. **સંપ્રદાય કે અભિનિવેશને જૈન ધર્મમાં સ્થાન નથી.** ધર્મને વેશ કે પરિવેશ સાથે પણ સંબંધ નથી. પરમાત્માએ કહ્યું

છે કે માત્ર શિરમુંડન કરવાથી કોઈ શ્રમણ થતું નથી. ૐનો જાપ માત્ર કરવાથી બ્રાહ્મણ થવાતું નથી, માત્ર અરણ્યવાસથી કોઈ મુનિ નથી. તો માત્ર વલ્કલ કે ચીવર પહેરવાથી કોઈ તપસ્વી થઈ શકતું નથી. સમતાથી શ્રમણ થવાય છે, ને બ્રહ્મચર્યથી બ્રાહ્મણ થવાય છે. જ્ઞાનથી મુનિ ને તપસ્યાથી તાપસ થવાય છે.

**જૈન ધર્મમાં કોઈ ઉચ્ચ કે નીચ નથી.** જાતિભેદ, કુલભેદ, ગોત્ર ભેદને કોઈ જ સ્થાન નથી. માણસ પોતાના કર્મથી ક્ષુદ્ર, વૈશ્ય, ક્ષત્રિય કે બ્રાહ્મણ થાય છે, જન્મથી નહીં. આત્માથી સૌ સમાન જ છે. પોતાના કર્મથી નામ-રૂપ-જાતિને પ્રાપ્ત કરે છે. પ્રભુના શાસનમાં ચારેય વર્ણને સમાન સ્થાન છે. સ્ત્રી-પુરુષ - બ્રાહ્મણ - ક્ષુદ્ર દરેકને સમાન અધિકાર છે. સૌ મુક્તિના અધિકારી છે. **આમ, સર્વજીવની સમાનતા જૈન ધર્મના પાયામાં છે.**

**સમસ્ત જૈન દર્શનનો પાયો કર્મવાદ પર રચાયેલ છે. તમને સુખ-દુઃખ આપવાનું સામર્થ્ય ઇશ્વર કે દેવોમાં નથી. તમારા કર્મો જ તમને સુખી કે દુઃખી બનાવે છે.** આમ, સારું કર્મ - સારું ફળ આપનાર અને ખરાબ કર્મ ખરાબ ફળ આપનાર છે. આ કર્મનો સિધ્ધાંત માનવીને એના કાર્યો માટે સતત જાગ્રત અને સભાન બનવાની પ્રેરણા આપનાર છે.

અન્ય ધર્મોની સરખામણીએ જૈન ધર્મ કોઈ વ્યક્તિની પૂજા - અર્ચના નથી પણ વ્યક્તિના ગુણોની પૂજામાં માનનાર છે. આમ, જૈન ધર્મ સદાય ગુણપૂજક છે, જે તેની શ્રેષ્ઠતા છે. દેવ-ગુરૂ-ધર્મને આ ત્રણેયને સરખું પ્રાધાન્ય આપી તેની પૂજા અર્ચના કરવાનું કહેલું છે. તો વળી સાથોસાથ નિર્મળ જ્ઞાન - સમ્યક્ દર્શન, શુધ્ધ ચારિત્ર અને વિશુધ્ધ તપ — આ ચારને પણ પૂજનીય, વંદનીય જૈન ધર્મમાં ગણેલ છે.

અન્ય દેવી દેવતાઓની મૂર્તિ નિહાળતા શ્રી રામ સાથે સીતાજી હોય છે તો શ્રીકૃષ્ણ સાથે રાધાની મૂર્તિ છે. વિષ્ણુ સાથે લક્ષ્મીજી તો આદ્યપુરુષ મનાતા શિવજી સાથે પાર્વતીના દર્શન કરવા મળે છે. એ જ રીતે તેમના હાથમાં કોઇને કોઈ આયુધ પણ ધારણ કરેલ છે. શ્રી રામના હાથમાં ધનુષબાણ, શંકરના હાથમાં ડમરૂ ને ત્રિશુળ તો શ્રીકૃષ્ણના હાથમાં સુદર્શન ચક્ર કે મુખમાં બાંસુરી છે. વધસ્તંભ પર લોહીલુહાણ ઇસુ ખ્રિસ્ત દશ્યમાન થાય છે. આમ, આ બધું જોતાં એમ થાય કે અન્ય ધર્મમાં જે ભગવાન તરીકે પૂજાયા છે તે સર્વ કામિની - કંચનના રાગી કે શસ્ત્રધારી એટલે દ્વેષી પણ ખરા. આ તેમનું મૂર્તિમંત સ્વરૂપ છે. જ્યારે જૈનના તીર્થંકર ભગવંતોની પ્રતિમા સદાય ધ્યાનસ્થ મુદ્રામાં - એકાકી અને પ્રસન્નતાના - કરૂણાના ભાવને દર્શાવનારી છે. આમ, **વીતરાગનો માર્ગ ત્યાગનો માર્ગ છે. જેમાં મોહને, રાગને કે દ્વેષને કોઈ સ્થાન જ નથી એ પ્રતિમા થકી જ સમજાઈ જાય છે.**

જૈનોના પૂજ્ય - શ્રધ્ધેય - આરાધ્ય દેવાધિદેવ તીર્થંકર પરમાત્મા છે. તીર્થ એટલે સંઘ. જેમાં સાધુ-સાધ્વી - શ્રાવક - શ્રાવિકાનો સમાવેશ થાય. આ ચતુર્વિધ સંઘ (તીર્થ)ની સ્થાપના કરનાર તીર્થંકર મનાયા અને ચતુર્વિધ સંઘ માટે સાધના માર્ગની વ્યવસ્થાનું નિર્માણ કરનાર તીર્થંકર ભગવાન. કાળક્રમે ૨૪ તીર્થંકર બન્યા. જેમણે ધર્મ સાધના - આરાધના માટે સ્પષ્ટ માર્ગ કંડાર્યો. દરેક માટેની આચાર સંહિતા અને એકાંતમયી વિચારધારાનું નિરૂપણ અને પ્રતિપાદન કર્યું. જેમાં આદિ તીર્થંકર શ્રી ઋષભદેવે સૌપ્રથમ સંઘની સ્થાપના કરી અને વર્તમાન કાળના અંતિમ તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીર થયા. એમણે જે શાશ્વત સત્યનો ઉપદેશ આપ્યો, એ જ ઉપદેશ પ્રથમ તીર્થંકરે પણ આપેલ. આમ જૈન ધર્મનું મૌલિક સ્વરૂપ દરેક તીર્થંકરના કાળમાં એકસરખું જ રહ્યું. કદાચ આચરણમાં કાળક્રમે થોડો ઘણો માત્રાભેદ રહ્યો હશે પણ સ્વરૂપ ભેદ તો કોઈ પણ તીર્થંકરના કાળમાં નથી થયો. એ મુજબ **સદાકાળ એકસરખું જૈન ધર્મનું સ્વરૂપ રહ્યું છે, તે તેની આગવી વિશિષ્ટતા ગણાય.**

ગીતામાં કહ્યું છે કે, ‘‘પૃથ્વી પર જ્યારે જ્યારે અધર્મનો ભાર વધી જાય છે ત્યારે તેના નાશ માટે હું ફરીથી જન્મ લઉં છું (यदा यदा हि धर्मस्य....) આમ, અધર્મને દૂર કરવા ઈશ્વર સદેહે ફરીથી જન્મ ધારણ કરે છે તેવી હિંદુ ધર્મમાં માન્યતા છે. જ્યારે જૈન ધર્મ અવતારવાદનો સ્પષ્ટપણે ઈન્કાર કરે છે. ધર્મનું અંતિમ લક્ષ્ય મોક્ષ-મુક્તિ છે. તીર્થંકર જ્યારે દેહથી મુક્ત બને છે, મોક્ષમાં જાય છે ત્યારબાદ તે ફરીને સંસારમાં દેહધારણ કરીને આવે તેવું ક્યારેય બનતું નથી. એકવાર કર્મબંધનથી મુક્તિ પામેલ આત્મા ફરીવાર કર્મોથી બંધાઈ ન શકે માટે એ દેહ ધારણ કરી સંસારમાં ક્યારેય ન આવે. આમ, જૈન ધર્મ અને અન્ય ધર્મોની આ એક પાયાની વિભિન્નતા ગણી શકાય.

‘‘અહિંસા પરમો ધર્મઃ’’ એવું બધા ધર્મોના મૂળમાં છે જ. પણ વિશ્વના અન્ય ધર્મો સ્થૂલ અહિંસાને માને છે, જ્યારે સાચો જૈન ધર્મી સૂક્ષ્મ અહિંસા સ્વીકારનાર છે. તેની અહિંસા મનસા - વચસા - કર્મણા છે. **મન-વચન અને કાયાથી / કર્મથી કદી પણ કોઇને દુઃખ ન આપવું એ જ જૈન ધર્મનો પાયાનો સિદ્ધાંત છે.**

સમગ્ર વિશ્વ વિવિધ પ્રકારના જીવોનો ભંડાર છે. કેવા કેવા પ્રકારના જીવો આ વિશ્વમાં છે એ જાણવું - જોવું - અનુભવવું ખૂબ જ કઠિન છે. પરંતુ સર્વજ્ઞ કથિત શાસ્ત્રોમાં ગાગરમાં સાગરની જેમ વિશાલ શ્રુતસાગરના ખજાનામાં આ દરેકે દરેક બાબતની વિશદ્ વિચારણા - માત્ર જૈન ધર્મમાં જ કરેલ છે. એકમાત્ર સ્પર્શેન્દ્રિય જેની પાસે છે તેવા એકેન્દ્રિય જીવથી માંડીને પાંચે પાંચ ઇન્દ્રિયો ધરાવતા પંચેન્દ્રિય જીવ વિશેની સૂક્ષ્માતિસૂક્ષ્મ સમજ જીવોના ૫૬૩ ભેદ પ્રભેદ દ્વારા જીવ વિચારમાં મળે છે, જે કદાચ આજના વિજ્ઞાનની તોલે પણ ન આવે તેટલી ગહન વિચારણા છે. એનું નાનકડું ઉદાહરણ લઇએ કે બીજા ધર્મોમાં ક્યાંય નિગોદ

અર્થાત્ અનંતકાય વનસ્પતિ કે સંમૂર્છિમ જીવો વગેરેનો વિચાર જ નથી!! જ્યારે એ સૂક્ષ્મ કોટીના જીવની બીજા ધર્મમાં સમજ જ નથી પછી આ જીવોને એ લોકો બચાવી કઈ રીતે શકે?

આ દુનિયામાં કોઈ પણ એવી વસ્તુ નથી જેનાથી જીવના જીવત્વને તોલી શકાય. દરેક જીવ એ સિધ્ધ બનવા સર્જાયેલ છે તેનું જિનેશ્વર ભગવંતોએ આપણને સરસ રીતે સમજાવ્યું છે. એક નાની કીડીનો જીવ હોય કે મહાકાય કુંજરનો જીવ, કોઈ પણ જીવ પ્રત્યે જાણતા અજાણતા પણ દ્વેષ - દુર્ભાવ - બેદરકારી કે અન્યાય ન થઈ જાય એ માટે સાધક આત્માએ સદાકાળ જાગ્રત રહેવાની શીખ ભગવંતે આપેલી છે. "જીવો અને જીવવા દો" — એ સૂત્ર જ જીવનમાં ઉતારવાનું છે એવું નહીં પણ પરમાર્થ માટે જીવોએ આ વાત જીવનમાં વણી લેવાની છે. આમ **સ્વને છોડી સર્વનો વિચાર કરવાનું શીખવનાર એક માત્ર જૈન ધર્મ છે એમ કહી શકાય.** એમાં કહેલું જ છે કે —

*शिवमस्तु सर्व जगतः परहितनिरता भवन्तु भूतगणा ।*
*दोषाः प्रयन्तु नाशं सर्वत्र सुखी भवन्तु लोकः ॥*

કેટલાક લોકો પશુબલિ ચઢાવે, માંસાહાર કરે કે મોજ-મજાને માટે પ્રાણીઓનો શિકાર પણ કરે છે. જૈન ધર્મમાં એવું કહે છે કે જો તમે કોઈને જીવન પ્રદાન નથી કરી શકતા તો એને મારી નાખવાનો અધિકાર તમને કોણે આપ્યો? જેનાથી આપણને ભય પેદા થાય દા.ત. સાપ, વીંછી જેવા જાનવર કે જેનાથી સૂગ ગડે - ગરોળી જેવા પ્રાણી તો જે આપણને નુકસાન કરે - મચ્છર, ઉંદર, ઊધઈ જેવા જીવજંતુઓ — આ બધાને મારી જ નખાય એવું કેટલાય લોકો માને અને એને અમલમાં મૂકતા પણ સહેજે ખચકાટ ન અનુભવે. પણ આ સમયે સાચો જૈન તો આવી વાત સ્વપ્નમાં વિચારે પણ નહીં! કોઈને નુકસાન પહોંચાડવું - મારી નાખવું એ તો મહાપાપ સમાન ગણે. ખરેખર તો દરેક જીવમાં આપણા જેવો જ આત્મા છે, સુખ-દુઃખની લાગણી છે. આપણી જેમ જ દરેક જીવ સુખને ઇચ્છે છે અને દુઃખથી દૂર જવા પ્રયત્ન કરે છે. તો કોઇને મારી નાખવાનું અધમ કૃત્ય કદી ન કરાય એ સાચી સમજ કેવલી ભગવંતે આપી છે.

સમ્યક્ત્વ એ જૈન ધર્મની આરાધનાની - સાધનાની આધારશિલા છે. જે જેવું છે તેવું જ તેના સ્વરૂપને જોવું - જાણવું - માનવું તે સમ્યક્ત્વ છે.

જ્ઞેય - અર્થાત્ જે જાણવા યોગ્ય છે તે જાણવું

હેય - અર્થાત્ જે છોડવા યોગ્ય છે તે છોડવું.

ઉપાદેય અર્થાત્ જે આચરવા યોગ્ય છે, સ્વીકારવા યોગ્ય છે તે સ્વીકારવું.

આમ જો જ્ઞેય, હેય અને ઉપાદેયની સમજ જીવનમાં પ્રગટી જાય તો આપોઆપ જ આત્મા સાધનાના માર્ગે પગરણ માંડશે જ. આ માટે પરમાત્માએ નવ તત્ત્વની અદ્ભુત વાત જૈન ધર્મમાં કહી છે. જીવ - અજીવ - પાપ - પુણ્ય - આશ્રવ - સંવર - બંધ નિર્જરા અને મોક્ષ — આમાંથી જો પૂર્ણતઃ સમજણ પ્રગટે તો મોક્ષમાર્ગ નજીક જાણવો.

અસદ્ વૃત્તિ, અસદ્ વિચાર અને અનાચાર એટલે પાપ. આવા અશુભ કર્મને પાપ કહે છે. જેના કારણે આ પાપકર્મ બંધાય તે બધા જ કારણો પણ પાપ કહેવાય. આવા અસુભ પાપકર્મની ચોક્કસ અસર આત્મા પર પડે જ છે. જેના ફળ સ્વરૂપ આત્મા સંસારમાં ભટકતો રહે છે. અને જન્મ - જરા - મરણ - દુઃખ - ગરીબી - બિમારી - બદનામી - ગુલામી - કુરૂપતા આદિને ભોગવે છે.

જૈન ધર્મમાં જ્ઞાન - દર્શન - ચારિત્રને રત્નત્રયીના નામે ઓળખવામાં આવે છે. આ ત્રણની સમ્યક્ અને સંયુક્ત આરાધના સાધકને મોક્ષમાર્ગ પ્રતિ લઈ જનાર છે. એટલે જ કહેલ છે કે, "सम्यक् दर्शन ज्ञान चारित्राणि मोक्षमार्गः ।"

શ્રમણ ભગવાન મહાવીરે **"ઉપન્નેઇ વા, વિગમેઇ વા, ધુવેઇ વા"** માત્ર આ ત્રિપદીમાં જ સમગ્ર ઉપદેશ આપી દીધો છે... **"ઉત્પત્તિ લય અને સ્થિતિ"** સતત ચાલતી રહે છે. પરિવર્તનની આ પ્રક્રિયામાં મૂળભૂત સ્થિતિ તો એ જ રહે છે. આમ જૈન ધર્મ કોઈપણ વસ્તુ કે પદાર્થને સર્વથા નિત્ય (સ્થિર) કે અનિત્ય (અસ્થિર) માનતો નથી. આ **ત્રિપદીમાં સમગ્ર અને સંપૂર્ણ જૈન તત્ત્વજ્ઞાન સમાયેલું છે.**

એક જ વસ્તુને / વિચારને / વ્યક્તિને અનેકવિધ અભિગમ અને દૃષ્ટિકોણથી જોવા - વિચારવા - મૂલવવાની પદ્ધતિ એટલે સ્યાદ્વાદ. જેનું બીજું નામ અનેકાંતવાદ પણ છે. સ્યાત્ અર્થાત્ કંઈક - અંશમાત્ર. સત્ય હંમેશાં બહુઆયામી હોય છે. તે ક્યારે પણ એકાંતિક અને આત્યંતિક નથી હોતું. તે હંમેશાં સાપેક્ષ હોય છે. સંસારમાં દરેક પદાર્થ અને ગુણધર્મવાળો હોય છે. તે દરેકના એકથી વધુ ગુણ અને અવસ્થાઓ હોય છે. તે દરેકનું એક સાથે એક સમયે વર્ણન કરવું કોઈ માટે શક્ય નથી. એક સમયે એક જ ગુણ કે અવસ્થા કહી શકાય. આ સાપેક્ષ વિચારણાને સ્યાદ્વાદ કે અનેકાંતવાદ કહે છે. દા.ત. કોઈ એક વ્યક્તિ તેના પિતાનો પુત્ર છે. તો એ જ વ્યક્તિ તેની પત્નીનો પતિ પણ છે અને તેના પુત્રનો પિતા પણ છે. આમ, એક જ વ્યક્તિ પિતા - પુત્ર - પતિ હોવાથી તેની દરેક ઓળખમાં સત્ય તો છે જ. સુપ્રસિદ્ધ વિજ્ઞાની આલ્બર્ટ આઈન્સ્ટાઈનનો સાપેક્ષવાદ — Theory of relativityનો સિદ્ધાંત સ્યાદ્વાદની આ જ વિચારસરણી સાથે સામ્યતા ધરાવે છે. આમ, **સ્યાદ્વાદ એ એક માત્ર જૈનધર્મની જ વિશિષ્ટ બક્ષીસ વિશ્વને છે.**

*(ક્રમશઃ)*

*એ-૫, બ્રિયા પાર્ક, બેંક ઓફ ઇન્ડિયાની પાછળ,*
*ઇલોરા પાર્ક, વડોદરા-૩૯૦ ૦૨૩. ● મો. ૯૪૨૯૩ ૨૩૫૬૭*

પ્રેરણા

# તો મહાનુભાવોની સવિશેષ માહિતી પ્રાપ્ત થઈ શકે



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

નેતા, અભિનેતા, તત્ત્વવેત્તા આદિના જીવન કવનની માહિતી આપવા પત્રકારો, વિદ્વાનો, રિસર્ચ સ્કોલરો અત્યંત પરિશ્રમ કરતા જ હોય છે. મહાનુભાવોના સતત સંપર્કમાં રહેતા તેમના અંગત મદદનીશો, તેમના ડ્રાઈવરો, ઘરના નોકર ચાકર વર્ગ કે રસોઇયાઓ, બગીચાના માળી, હેરકટિંગ કરનારા કે નાઇ, અંગત તબીબો, પત્ની, પુત્ર-પુત્રીઓ કે સમગ્ર પરિવારની જાણકારી મેળવવા પત્રકારો મથતા જ રહે છે. તે માત્ર ને માત્ર લોકોની નેતા-અભિનેતા કે તત્ત્વવેત્તા માટે કંઇક નવું જાણવાની તથા લોક અપેક્ષા પૂર્ણ કરવા માટે હોય છે.

મહાનુભાવોના અંગત જીવન અને જાહેર જીવનમાં સમાનતા દૃશ્યમાન થતી જ નથી. તેમનું જાહેર જીવન ખુલ્લું હોય છે. તેમ છતાં પક્ષાપક્ષીના રાજકારણથી ઘેરાયેલું રહે છે. વિરોધ પક્ષ, નેતાના એક એક શબ્દ પર પ્રહાર કરી પોતાનો કક્કો ખરો કરવા તત્પર હોય છે. વિશ્વમાં કોઈ એવા મહાનુભાવ ભાગ્યે જ જોવા મળે કે જે સર્વમાન્ય હોય.

મહાનુભાવોની અંગત રહેણીકરણી લોકોને જણાવવા પત્રકારોની દોટ કે મથામણ નાનીસૂની નથી. લોકોની જિજ્ઞાસા જાળવવી, લોકોને અવનવું અર્પવું, લોક પ્રશંસા મેળવવા તેઓના પ્રયાસો અવિરત રહે છે. **મહાનુભાવોના ઉપર્યુક્ત અંગત સેવાભાવીઓના નામો ભાગ્યે જ બહાર આવે છે. તેઓના નામ અને કામ તો કાળમાં વિલીન થઈ જાય છે.** મહાનુભાવને કઈ વાનગી વિશેષ પ્રિય હતી? તે તો તેમના રસોઇઘરવાળા જ જણાવી શકે. તેઓ તેમની સાથે કેવી રીતે વર્તતા? ગંભીર રહેતા કે પછી મજાક કરી લેતા? તેમના પરિવાર વિશે કાંઈ પૂછતા? તેમના દુઃખમાં ભાગ લેતા? આ બધું જ એ કર્મચારીઓ જ વર્ણવી શકે. ભોજન માટે મહાનુભાવ ઘરના સભ્યો સાથે બેસતા? મહેમાનો પધારે ત્યારની ભોજન વ્યવસ્થા વિશે ઘણી માહિતી મેળવી શકાય.

મહાનુભાવોના બાગ બગીચાના માળી તેમના ફૂલોના શોખ પર પ્રકાશ પાડી શકે. ટેબલ પરની ફૂલદાનીમાં મનગમતા ફૂલો ગોઠવ્યાની હકીકતો, હારારોપણ સમયના પુષ્પહારોની માહિતી પણ માત્ર માળી આપી શકે છે. પરંતુ રસોઇયા, માળી, ડ્રાઇવર કે અંગત મદદનીશના નામો તથા કુટુંબીજનોના નામો ભાગ્યે જ ઉજાગર થતા રહે છે.

મહાનુભાવોના પહેરવેશ અને શોખ પર પ્રકાશ પાડવા પણ પત્રકાર જગત આજે સક્ષમ છે. કોઇને સેન્ટ - અત્તર કે પરફ્યુમનો શોખ હોય, નવી સ્ટાઈલના વસ્ત્ર પરિધાન પસંદ હોય, કોઇને માત્ર સફેદ વસ્ત્રોમાં જ સજ્જ રહેવાની મહેચ્છા હોય છે. આખરે તો મહાનુભાવો પણ માનવી જ છે.

વિશ્રાંતિ માટે, રીલેક્સ થવા માટે તેઓ પણ ટી.વી. કે ચલચિત્રો નિહાળવા પ્રયત્નશીલ રહે છે. સંગીતના સૂરોમાં ક્યારેક હળવાશની ક્ષણો માણે છે. તેમની અંગત લાગણીઓ જાણવા ભાગ્યે જ કોઈ સમર્થ હોય છે. પરમાત્માની પ્રત્યક્ષતાની શ્રદ્ધા સૌને એકસરખી હોતી જ નથી.

**મહાનુભાવોના જીવન કવનની જાણકારી મેળવવા અવિરત પ્રયત્નશીલ પત્રકાર મિત્રો, સંવાદદાતાઓ અભિનંદનને પાત્ર છે.** આવા મહાનુભાવોના સેવકોના વંશજો પોતાના પૂર્વજોની સેવાઓમાંથી ગૌરવ સાથે પ્રેરણા મેળવશે.

*"સહજાનંદ", ૬/એ, લીમડા લેન,*
*શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય રોડ, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

## જીવો સાચુકલું

તમારી જાત પ્રત્યે પ્રામાણિક રહો.
તમે જેવા નથી તેવા દેખાવાની કોશિશ ના કરો.

લોકોના કાવાદાવાથી વ્યથિત ના થાઓ.
કારણ વગરની ટીકાઓને મન ઉપર ના લો.

તમારી પાસે જીવંતતા હોય, આપવા માટે ઘણું હોય
તો જાવ વહેંચો અને જીવો સાચુકલું!

ભલે હૃદય દર્દથી ફાટી જતું હોય,
આંખો આંસુથી છલકાઈ જતી હોય!

જેટલું સાચું જીવન એટલો વધારે વિકાસ.
તમને ચાહનારા પણ ઘણા છે એ ભૂલો નહીં.
ભૂતકાળ કંઈક બોધપાઠ માટે છે,
આત્મગ્લાનિના બોજ નીચે કચડાઈ જવા માટે નહીં.

## બોધકથા

*હસમુખ રામદેપુત્રા, શિક્ષકશ્રી - રાજકોટ*



### મહાન

પહેલાના સમયમાં એક આશ્રમમાં કેટલાક શિષ્યો અધ્યયન કરતા હતા. ગુરૂજી તેમને સુંદર રીતે અધ્યયન કરાવતા.

એકવાર બે શિષ્યો વચ્ચે ગરમાગરમ ચર્ચા થઇ કે આપણા બંનેમાંથી મહાન કોણ?

પહેલા શિષ્યએ કહ્યું, 'હું મહાન છું.'

બીજા શિષ્યએ કહ્યું, 'તું મહાન ક્યાંનો? તારા કરતા હું મહાન છું.'

બંને વચ્ચે ઝઘડો થયો. તેઓ ન્યાય માટે ગુરૂજી પાસે આવ્યા. પહેલા શિષ્યએ પૂછ્યું : 'અમારા બંનેમાંથી મહાન કોણ છે?'

ગુરૂજી આ સાંભળી હસી પડ્યા અને પોતાનો નિર્ણય આપતા કહ્યું, **'જે બીજાને મહાન સમજે છે, તે જ આ દુનિયામાં મહાન છે.'**

બંને શિષ્યો બોલતા બંધ થઇ ગયા.

## લઘુ કથાઓ

### માતા

'ક્લાસરૂમ'માં સાહેબ વિદ્યાર્થીઓને 'માતૃપ્રેમ' નિબંધ સમજાવી રહ્યા હતા. માતાનો પ્રેમ કેવો હોય તેના ઉદાહરણ આપી રહ્યા હતા. 'પશુ-પક્ષીઓમાં માતૃપ્રેમ જોવા મળે છે.' 'એક માતા સો શિક્ષક સમાન છે.' 'જનનીની જોડ સખી નહીં જડે રે લોલ' – જેવી ઉક્તિઓ દ્વારા વાતને સ્પષ્ટ કરી રહ્યા હતા.

પરંતુ સાહેબે જોયું તો રૂમમાં મનોજ રડતો હોય તેવું લાગ્યું. તેમણે મનોજને ઊભો કર્યો અને પૂછ્યું, 'કેમ રડે છે? શું નિબંધ સમજાતો નથી?'

મનોજે રડતાં રડતાં કહ્યું, 'સાહેબ, માતા કેવી હોય? તે ક્યાંથી મળે?'

સાહેબ આ પ્રશ્નોના જવાબ આપી શક્યા નહીં કારણકે તેમને ખબર હતી કે મનોજનાં જન્મ સાથે જ તેની માતા મૃત્યુની સોડમાં પોઢી ગઈ હતી.

★

### કળા

રાક્ષસે સ્વર્ગમાં જઈ ભગવાનને બૂમ પાડી : "ભગવાન, મને કંઈક કામ આપો. હું શું કરું?"

ભગવાને કહ્યું, 'તારી બધી કળા ક્યાં ગઈ?'

રાક્ષસે દુઃખભર્યા અવાજે કહ્યું, **'મારી બધી જ કળા માણસોએ લઈ લીધી છે! મારી પાસે હવે કંઈ જ રહ્યું નથી. હવે હું શું કરું?'**

ભગવાન નિરુત્તર રહ્યા!

★

### હોળી

રમેશનો જન્મ ભારતમાં થયો હતો. પરંતુ તે પાંચ વર્ષનો હતો ત્યારથી જ અમેરિકામાં પોતાના ભાઈને ત્યાં સ્થાયી થયો હતો. શિક્ષણ પણ અમેરિકામાં જ લીધું. થોડું ગુજરાતી શીખેલો. રમેશ ભાગ્યે જ ભારત આવતો. દેશમાં આવતો ત્યારે બે-ત્રણ દિવસથી વધારે દિવસ રહેતો પણ નહીં.

હવે રમેશ યુવાન થઈ ગયો હતો. પોતાનું નામ બદલીને 'રોબર્ટ' કર્યું હતું. 'રોબર્ટ' કૉલેજ શિક્ષણ લઈ રહ્યો હતો ત્યારે તેનાં ભારતીય માતા-પિતા આવ્યા. રોબર્ટ વિદેશી રંગે રંગાઈ ગયો હતો.

પિતાજીએ રોબર્ટને ભારતમાં આવવાનું આમંત્રણ આપતા કહ્યું, 'ભારતમાં હોળી આવવાની છે. રંગે રમવાની મજા આવશે.'

રોબર્ટે હસતા હસતા પૂછ્યું, 'શું હોલી કોઈ હીરોઈન છે?'

*"અવધ", ન્યુ કેદારનાથ સોસાયટી, કોઠારિયા રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૨. મો. ૯૮૭૯૪ ૮૫૬૬૭*

## વિચારોની અસર

તમારા વિચારો પર કાબૂ રાખો
વિચારો વાણીમાં પરિવર્તિત થાય છે.

તમારી વાણી પર કાબૂ રાખો
વાણી વર્તનમાં પરિવર્તિત થાય છે.


તમારા વર્તન પર કાબૂ રાખો
વર્તન પલટાય છે આદતોમાં

તમારી આદતો પર કાબૂ રાખો
આદતો ઘડે છે તમારું ચારિત્ર્ય.

તમારા ચારિત્ર્ય પર કાબૂ રાખો
તમારું ચારિત્ર્ય જ છે તમારું ભાગ્યવિધાતા.

ક્રાંતિ

# કોરોના : માનવ જીવનશૈલીમાં સમૂળી ક્રાંતિ લાવનાર



દોશી મહેન્દ્ર સાકરચંદ

માઈક્રોસોફ્ટના સહસ્થાપક બિલ ગેટ્સે ૨૦૧૫માં ટેડટોકના પ્રવચનમાં ભવિષ્ય કથન કર્યું હતું કે માનવજાતના અસ્તિત્વને ચેપીલા વાયરસનો ભય છે. આથી આપણે વૈશ્વિક રોગચાળાને નાથી શકવાની સજ્જતા કેળવવાની જરૂર છે. ભાગ્યે જ કલ્પના કરી હશે કે પાંચ વર્ષના ટૂંકા ગાળામાં જ આ ભવિષ્ય કથન હકીકતે ભય સ્વરૂપે સાક્ષાત સામે આવશે. ડિસેમ્બર-૨૦૧૯માં કોરોના વાયરસે સૌપ્રથમ દેખા દીધો અને જોતજોતામાં આખી દુનિયામાં ફેલાઇને માનવજાત પર કબજો કરી લીધો. માનવજાતના ઇતિહાસમાં વિશ્વના પ્રત્યેક દેશના માનવને સ્પર્શતી દરેક પ્રકારની સંવેદનાને પ્રભાવિત કરનારી આ પહેલી ઘટના, કે જેનું સ્વરૂપ કેવું છે તે પણ માનવજાત આજદિન સુધી જાણી શકી નથી. માત્ર આંધળાનું હાથીના સ્વરૂપનું વર્ણન જેવી આંશિક જાણકારી છે. જેની કાલ્પનિક આકૃતિ દરરોજ બદલાતા લક્ષણોને આધારે દરરોજ તેના સ્વરૂપની આકૃતિ દોરી અને ભૂંસીને આંતરીક મનોસ્થિતિમાં સ્થિત થાય છે. તે વાયરસ છે, શિખરની ટોચ પર બેઠેલી માનવજાતિને તળેટીનો અહેસાસ કરાવનારને 'કોરોના'થી ઓળખવામાં આવે છે. આ અદશ્ય વાયરસનું માનવ શરીરમાં વાયરસના કુલ ૦.૦૦૦૦૦૦૫ ગ્રામ જેટલો જથ્થો જ્યારે શરીરમાં વાસ કરે છે ત્યારે તે શરીરને બીમાર કરે છે.

આ વિકરાળ વાયરસથી પ્રવર્તમાન સમયમાં માનવજીવન શૈલીમાં બદલાવ આવ્યો અને નવી સામાન્ય જીવનશૈલી ઉપસી આવી. **પરિણામે એક સાથે સામાજિક, રાજકીય, આર્થિક, માનસિક વલણમાં Revolution આવ્યું અને તેને ટકાવી રાખવા માટે બાહ્ય પ્રકારના પરિવર્તનોની સાથે આંતરિક પરિવર્તને તાલ મેળવીને વ્યવહારુ વલણ અપનાવ્યું.** એ આ દાયકાની માનવ સ્વભાવમાં આવેલી મોટી સિધ્ધિ સાબિત થઈ રહી છે.

આ નવી જીવનશૈલીના પરિવર્તનનું પ્રથમ ચરણ સામાજિક અંતર (Social Distances) અને એમાંથી થતી સામાજિક અલગતા (Social Isolation) – એટલે કે ક્વોરન્ટાઇન (Quarantine)ની પરિસ્થિતિ. સાથોસાથ લાદવામાં આવેલ લોકડાઉન અને તેના કારણે સામાજિક સંબંધો દ્વારા ગાઢ તાણાવાણાથી ગુંથાયેલા સમાજને હવે અલગ રહેવામાં પોતાનું શ્રેય હોવાનું માનતો માણસ, માણસથી દૂર રહેવાની માનસિકતાને બદલાવેલ. સામાજિક જીવનશૈલી સાથે શારીરિક, માનસિક અને આવેગાત્મક સંવેદનાને સંતુલન કરવા માટે ઉદ્‌ભવેલી સમસ્યાની સંવેદનાને મનોસામાજિક પરિપ્રેક્ષ્યમાં માનવજાતને ટકી રહેવા માટેની મથામણ. **'કોરોના' સામેના પડકારની સામે ટકી રહેવા માટે એક સામાન્ય વિકલ્પનો સ્વીકાર એટલે સંઘર્ષ ભરેલ જીવનશૈલીની શરૂઆત.**

અનલોક ૧-૨ ના સમયે આખા વિશ્વની સમસ્યાનો ચહેરો બદલાઈ ગયો અને માનવીની માનવતા સામે સવાલ ઊભા થવા લાગ્યા. સૌથી મોટી કસોટી આ સમયમાં માનવતાની થઈ. લોકડાઉનના કારણે એકલતા અનુભવતા માણસને નજરકેદ લાગતું. 'એકાંતવાસ' વાસ્તવમાં તો માનવીની આંતરિક જગતની ભીતરની એકલતાનો જ અનુભવ કરાવી રહ્યો. પરિણામે માનવીની માનસિક, શારીરિક અને આર્થિક શક્તિ પણ ક્ષીણ થવા લાગી.

આ લોકડાઉને અર્થકારણ અને રાજકારણના સઘળા સમીકરણો બદલી નાખ્યા છે. અત્યારની પરિસ્થિતિને આધારે ભારતના અર્થતંત્રની પરિસ્થિતિને વાતચીતની ભાષામાં કહીએ તો 'મંદી' આવી છે. થોડીક શાસ્ત્રીય સ્વરૂપની ભાષામાં કહીએ તો 'સ્લો ડાઉન' ચાલે છે. ભારત સરકારના પૂર્વ આર્થિક સલાહકાર શ્રી સુબ્રમણ્યમે તેને 'ગ્રેટ સ્લોડાઉન' તરીકે વર્ણવેલ છે. **એટલે કે ભારતનું પ્રવર્તમાન અર્થતંત્ર અત્યારે આઈ.સી.યુ. (I.C.U.)માં છે. મતલબ કે અર્થતંત્ર અત્યારે કટોકટી ભરેલ સ્થિતિમાં છે.** આવી અવઢવ પરિસ્થિતિને સ્થિર તેમજ ટકાવી રાખવા માટે નવી ટેક્નોલોજીની સહાય લેવાની ફરજ પડી. વિશ્વના અન્ય દેશોની તુલનામાં આપણો દેશ ટેક્નોલોજીના અવકાશ - વ્યાપને આંબી શકવા માટે કેટલે અંશે સફળ રહેશે તે આવનાર સમય જ બતાવશે.

લગભગ છેલ્લા ચાર દાયકાથી દુનિયાભરમાં વૈશ્વિકીકરણના વિકાસ અને વિજાણું સાધનો માનવજાતને શાંતિથી રહેવાનો અવકાશ પૂરો પાડે છે. પ્રવર્તમાન ટેક્નોલોજીની આંગળી પકડીને સમાજ ફરી પૂર્વવત થવા માટે પ્રયત્ન કરે એવી કેટલીક સેવાઓનો ઉપયોગ થવા લાગ્યો છે. (અલબત્ત, આમાંની કેટલીક ટેક્નોલોજીને હજુ આપણા દેશમાં

વ્યાપકપણે સ્વીકૃતિ નથી મળી.) જેમાં ઓનલાઈન ખરીદી, વિતરણ, ડિજિટલ નાણાંકીય વ્યવહાર, ઘરેથી કામ (Work from home) જેમાં VPNs (Virtual Private Network), VOiPs (Voice Over Immerse Protocals), વર્ચ્યુઅલ મીટિંગ, વિદ્યાલયથી દૂર રહીને અભ્યાસ, સ્વાસ્થ્યરક્ષક ટેકનોલોજી વગેરે સેવાઓનો સમાવેશ થાય છે.

કોરોનાએ ધર્મ સંસ્થાઓ સામે પણ પડકાર કર્યો છે. જો કે પ્રકૃતિ અને પર્યાવરણ નિર્મળ બન્યા, પણ તેની સામે માનવ જીવન ભયના ઓથાર હેઠળ માસ્ક દ્વારા શ્વાસ લેવાની ફરજ પણ પડી છે.

આમ છતાં આ મહામારીએ વિશ્વના તમામ દેશો અને લોકોને જોડવાનું પણ કામ કર્યું છે. એટલું જ નહીં, પણ આ સંકટે પુરવાર કર્યું છે કે લોકો કોરોનાગ્રસ્ત ના થાય તે માટે તેમજ કોરોનાગ્રસ્ત લોકોની સારવાર માટે થતો ખર્ચ રાજ્ય સરકાર અને ખાસ કરીને ભારત સરકારની સાથે સમાજ ભોગવે છે. એટલે કોરોના મહામારીએ સાબિત કર્યું કે સામાજિક કરારથી ઊભી થયેલી એક સંસ્થા તરીકે રાજ્ય મનુષ્યની જિંદગી માટે આવશ્યક સંસ્થા છે.

***મો. ૯૪૨૮૦ ૨૦૫૦૧***

# SOME GOLDEN RAYS....

Never get tired of doing
little things for others.
Sometimes, those little things
take up a big place in their heart!

A journey of a 1000 miles begins with a single step.

No matter how educated, talented, rich or cool you believe you are, how you treat people ultimately tells all.

Integrity is everything.

"Successful people always having two things on their lips, 'Silence and Smile'. Smile to decode the problem and Silence to avoid the problem."

Kindness makes you the most beautiful person in the world, no matter what you look like.

Forget the things that made you sad and remember those that made you glad. Forget the troubles that passed away and remember the blessings that come each day.

"We suffer more often in imagination than in reality."

Challenges makes you more responsible. Always remember that life without struggle is a life without success. Don't give up and learn not to quit.

***FOUR beautiful thoughts of life :***

Look back & get experience!
Look forward & see hope!
Look around & find reality!
Look within & find yourself!

Efforts and Courage are not enough without purpose and direction.

***Presentation : Dinesh R. Mehta***

## મોજ-મસ્તીમાં માનતો યુવાવર્ગ

પેઢી દર પેઢી બદલાવની સાક્ષી છે. જૂની અથવા જૂનવાણી રીતરસમમાં નવી પેઢીએ સમયાનુસાર નવો બદલાવ કરેલો છે. આ કારણે જ સમાજમાં જનરેશન ગેપ પેદા થાય છે. શું આ સ્વાભાવિક નથી?

મોટેભાગે જનરેશન ગેપ માતા-પિતા તથા સંતાનો વચ્ચે જોવા મળતો હોય છે. આ દર્શાવે છે કે સંતાનો મા-બાપને સમજવામાં અસમર્થ છે અથવા મા-બાપ સંતાનોને સમજવામાં અસમર્થ છે!

**વડીલો મોટેભાગે પરંપરાગત અને રૂઢીચુસ્ત પદ્ધતિમાં માનતા હોય છે** અને સંતાનો પાસે પણ એ જ રીત-રિવાજની અપેક્ષા રાખે છે. આ કારણે બંને પેઢીઓ વચ્ચે ઘર્ષણ સર્જાય છે.

પહેલાના જમાનામાં પડોશીઓ વચ્ચે વાટકી વ્યવહાર હતો અને હવે વાઈફાઈનો પાસવર્ડ શૅર કરવાની યુવાનો રિક્વેસ્ટ કરે છે. **વડીલ ૩૦ રૂપિયા બચાવવા પગે ચાલી નાખે છે અને યુવાનો ૩૦ મિનિટ બચાવવા રિક્ષા કે ટેક્સી કરી રૂપિયા ખર્ચી નાખે છે.**

આપણા વડીલો ધાર્મિક આસ્થા ધરાવતા હોય છે અને હવેની પેઢીમાં આ બધું ઓછું જોવા મળે છે.

**યુવાનોમાં વૈજ્ઞાનિક અભિગમ આવવાથી આ બધી બાબતોમાં તેઓ ઊંડા ઉતરતા નથી!** અગાઉના સમયમાં કપરા સમય વખતે ધાર્મિક આસ્થા સમાજની કરોડરજ્જુ હતી, પણ હવે ઇન્સ્ટાગ્રામ પર સહાનુભૂતિ મેળવવી વધારે જરૂરી બની છે!

ધાર્મિક આસ્થામાં ઓટ આવવાથી જીવનમાં આધ્યાત્મિક મૂલ્યોનો ઉત્તરોત્તર ઘટાડો જોવા મળે છે.

આજના યુવાનો સેવા ઓછી ને જાહેરાત વધારે કરવામાં તથા સોશિયલ મીડિયા પર છવાઈ જવામાં માને છે.

પ્રામાણિકતા અને અખંડિતતા હવે ભૂતકાળની વાતો છે. હાલમાં તેઓ પૈસા અને તાકાત પાછળ આંધળી દોટ મૂકે છે.

સંપત્તિની રીતે જોઈએ તો આજે પહેલાની સરખામણીએ વધારે સંતુલિત છે. સામાજિક વલણે અમીર-ગરીબનું અંતર ઘટાડી દીધું છે.

**આજના જમાનામાં સ્ત્રી-પુરુષના ભેદભાવ લગભગ નાશ પામ્યા છે.** સમાજમાં બંનેને સરખું મહત્ત્વ મળે છે. મા-બાપનો તેઓ પ્રત્યેનો અભિગમ પણ લગભગ સમાન રહ્યો છે.

યુવાનોએ સતત એવી કોશિશ કરી છે કે રોજિંદી જિંદગીમાં તેમને આરામદાયી જીવન, મોજ મસ્તી, નિરાંત અને સંતોષ મળે. આ પ્રમાણે તેમનું વર્તન અને ઇચ્છા હોય છે.

*હેમ મહેતા - ભુજ*

## NEVER BE IMPATIENT

My wife & me had an big argument and we were on "No talk" terms for the last three days...

Finally wife said...

"Now... I count till 10... if you don't talk to me... I'll go to my parents home...!"

She started counting....

Wife : 1... 2... 3...
I : (silent)....!!
Wife : 4... 5...
I : ...(quiet)
Wife : 6... 7...
I : (very happy but calm...)
Climax building up....
Wife : 9....
I : (cheerful in mind...)
Wife : .......
(Quiet)
......
(Quiet)
......
......

Then with controlled excitement, I spurted out... "Count.... count... why don't you count further...?"

Wife : Thank God...!!! You spoke... otherwise I would have left....!!

***From Autobiography "Heavy Penalties of Impatience"***

## દોસ્ત હો તો ઐસા.... શાબાશ!!!



# સમાચાર / માહિતી

**'ટાઈમ' મેગેઝિન દ્વારા પ્રથમવાર 'કિડ ઓફ ધ યર'ની જાહેરાત**

## ભારતીય મૂળની ૧૫ વર્ષીય ગીતાંજલી 'ટાઈમ કિડ ઓફ ધ યર'

'ટાઈમ' મેગેઝિન દર વર્ષે 'પર્સન ઓફ ધ યર' જાહેર કરે છે, પરંતુ આ વખતે 'કિડ ઓફ ધ યર'નો ઉમેરો કર્યો છે. ભારતીય મૂળની ૧૫ વર્ષીય ગીતાંજલી રાવને સંશોધક - વિજ્ઞાની અને સ્ટેમ (એસટીએમઈ-સાયન્સ, ટેકનોલોજી, મેથેમેટિક્સ અને એન્જિનિયરીંગ)ની સમર્થક ગણાવાઈ હતી. ટાઈમ માટે ગીતાંજલીનો ઇન્ટરવ્યૂ ઑપ્સકર વિજેતા હોલીવુડ એક્ટ્રેસ એન્જેલીના જોલીએ લીધો હતો.

**ટાઈમ મેગેઝિને પોતાની નોંધમાં લખ્યું હતું કે બાળકો જ જગતનું ભવિષ્ય નક્કી કરવાના છે, માટે નોંધપાત્ર બાળકોને સન્માનવાનો સમય આવી ગયો છે.** ટાઈમને કિડ ઓફ ધ યર માટે પાંચ હજાર બાળકોના નામ મળ્યા હતા, જેમાંથી ગીતાંજલીને પસંદ કરવામાં આવી હતી. ગીતાંજલીએ પીવાના પાણીના શુદ્ધિકરણ, ટીનેજર્સને ઓનલાઇન થતી હેરાનગતિ જેવા અનેક મુદ્દા પર નોંધપાત્ર કામ કર્યું છે. ટીનેજર્સને ઓનલાઇન ધમકી, અશ્લીલ મેસેજીસ, અન્ય વાંધાજનક સામગ્રી મળતી હોય છે. જેને અટકાવવી જગતની એક મોટી સમસ્યા છે. અગાઉ તેને ફોર્બ્સના થર્ટી એન્ડ થર્ટી ઇનોવેટરમાં પણ સ્થાન મળી ચૂક્યું છે.

કોલારાડો સ્થિત ઘરેથી ઓનલાઇન ઇન્ટરવ્યૂ આપતા તેણે જણાવ્યું હતું કે હું દસ વર્ષની હતી ત્યારે જ મારા માતા-પિતાએ કહ્યું હતું કે મારે કાર્બન સેન્સર ટેકનોલોજી પર કામ કરવાનું છે. તેણે સાયબર બુલિયિંગ (ઓનલાઇન હેરેસમેન્ટ) રોકવા માટે સર્વિસ વિકસાવી છે, જે ગૂગલ ક્રોમ જેવા વેબ બ્રાઉઝરમાં એક્સ્ટેન્શન તરીકે ઉમેરી શકાય છે. એ એક્સ્ટેન્શનને કારણે ઓનલાઇન હેરેસમેન્ટનું પ્રમાણ શરૂઆતી તબક્કે જ ઘટાડી શકાય છે.

## ભારતીય સેનાની ત્રણેય પાંખમાં કામ કરી ચૂકેલા એકમાત્ર ઓફિસરે ૧૦૦ વર્ષ પૂર્ણ કર્યા

ભારતીય લશ્કર, નૌસેના અને વાયુસેના – એમ સૈન્યની ત્રણેય પાંખમાં સેવા આપી ચૂકેલા એકમાત્ર અધિકારી તરીકેનું ગૌરવ ધરાવતા સેવાનિવૃત્ત **કર્નલ પ્રિથિપાલ સિંઘ ગીલે** ૧૦૦ વર્ષ પૂર્ણ કર્યા હતા. પ્રિથિપાલ સિંઘ ગીલે તેમની કારકિર્દીનો પ્રારંભ દ્વિતીય વિશ્વયુધ્ધ પૂર્વે રોયલ ઇન્ડિયન એરફોર્સના યુવા પાઇલટ તરીકે કર્યો હતો. તેઓને કરાંચી સ્ટેશનના પાઇલટ ઓફિસર તરીકે નિયુક્તિ મળી હતી અને તેમણે હાર્વર્ડ એરક્રાફ્ટ સાથે ઉડાન ભરી હતી. આ પછી કર્નલ ગીલની ટ્રાન્સફર ભારતીય નૌસેનામાં કરવામાં આવી હતી. જ્યાં તેઓએ માઇન સ્વિપિંગ જહાજ તેમજ આઈ.એન.એસ. તીર પર સેવા આપી હતી. આ પછી તેમણે ભારતીય લશ્કરમાં ટ્રાન્સફર માંગી હતી અને ત્યાં તેઓને ગ્વાલિયર માઉન્ટેન બેટરી ખાતે તૈનાત કરવામાં આવ્યા હતા. **તેમણે ૧૯૬૫માં પાકિસ્તાન સામેના યુદ્ધમાં પણ ભાગ લીધો હતો.** તેઓ મણિપુરમાં આસામ રાઇફલ્સના સેક્ટર કમાન્ડર તરીકે નિવૃત્ત થયા હતા. ભારતીય સૈન્યની ત્રણેય પાંખમાં સેવા કરનારા આ નિવૃત્ત ઓફિસરની તસવીર રિટા. લેફ્ટ. જનરલ કે.જે. સિંઘે સોશિયલ મીડિયામાં વહેતી મૂકી હતી.

**કચ્છમાં યાયાવર પક્ષીઓનું આગમન**

## દુર્લભ ગણાતું સફેદ કુંજ દેશમાં બીજી વખત દેખાયાનો દાવો

દેશના ઇતિહાસમાં દુર્લભ 'સફેદ કુંજ' તાજેતરમાં ગાંધીધામના જળાશયોમાં જોવા મળેલ છે. કચ્છમાં શ્રીકાર વરસાદ પછી ઠંડીની શરૂઆત સાથે યાયાવર પક્ષીઓનું આગમન ચાલુ થઈ ગયું છે. હજારો કિલોમીટરનું અંતર કાપીને શિયાળામાં કચ્છ તરફ આવતા રશિયા, મોંગોલિયા, યુરોપ તરફથી ઉડાન ભરતા હોય છે અને અમુક પક્ષી હિમાલય ઉપરથી ઉડાન ભરી લેતા હોય છે. ગાંધીધામના વાઇલ્ડ લાઇફ ફોટોગ્રાફર પ્રતીક જોશીના જણાવ્યા પ્રમાણે સંગડ અને માથક વચ્ચેના ખેતર વિસ્તારમાં ૩૦થી પણ વધુ સંખ્યામાં સામાન્ય કુંજ પક્ષીની વચ્ચે આ સફેદ કુંજ પણ જોવા મળ્યું હતું, જે અતિ દુર્લભ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સફેદ કાગડો, સફેદ ચકલી, સફેદ મોરના રેકોર્ડ છે. સફેદ કુંજ કોઈ બીજી પ્રજાતિ નથી પણ કુંજ પક્ષી જ છે. જેમાં રંગદ્રવ્ય સફેદ હોય છે. સફેદ પાંખ, ત્વચા સફેદ હોય છે. જે ભાગ્યે જ જોવા મળે છે. ગુજરાતમાં કુંજ અને કરકરો પ્રજાતિ યુરોપિયન વિસ્તારમાંથી આગમન થતું હોય છે. જેઓ ઓક્ટોબરથી ફેબ્રુઆરી સુધી સમય વ્યતીત કરતા હોય છે. સફેદ કુંજ કદાચ દેશભરમાં બીજી વખત દેખાયું હોવાનું અનુમાન છે.

# સામાન્ય જ્ઞાન

## ક્રિકેટમાં ટોસ ઉછાળવાની પ્રથા

ક્રિકેટ મેચ શરૂ થતાં પહેલા, પહેલો દાવ કોણ લે તે નક્કી કરવા સિક્કો ઉછાળાય છે તેને ટોસ ઉછાળ્યો તેમ કહેવાય છે. જે ટીમનો કેપ્ટન ટોસ જીતે તે પ્રથમ બેટિંગ કોણ કરશે, તે નક્કી કરે છે. ટોસ ઉછાળવાની પ્રથા સાથે રસપ્રદ વાત જોડાયેલી છે. અગાઉ પ્રવાસી ટીમ પ્રથમ બેટિંગ કરે તેવો નિયમ હતો. એટલે ટોસ ઉછાળવાની પ્રથા નહોતી. પરંતુ બંને ટીમ પ્રવાસી હોય ત્યારે મુશ્કેલી થઈ અને ટોસ ઉછાળવાની પ્રથા પડી. યજમાન દેશનો કેપ્ટન ટોસ ઉછાળે અને વાઘ કે કાંટો પસંદ કરવાનો અધિકાર મહેમાન ટીમના કેપ્ટનને હોય છે. સિક્કાની બંને બાજુએ વાઘ અને કાંટા કહેવાનો રિવાજ છે. આજે રમાતી મેચમાં અમ્પાયર કે આયોજકો ટોસ ઉછાળે છે. સિક્કાની બંને બાજુને અંગ્રેજીમાં 'હેડ' કે 'ટેઈલ' કહે છે. આજની ક્રિકેટ મેચમાં નિકલના બનેલા ખાસ સિક્કા વપરાય છે. વર્લ્ડકપ, આઈ.પી.એલ. વગેરે પ્રકારની મેચો માટે ક્રિકેટ એસોસિએશન ખાસ સિક્કો બનાવડાવે છે. **જાણીતા ક્રિકેટર સચીન તેંડુલકરે રમેલી છેલ્લી મેચમાં ટોસ ઉછાળવા માટે સોનાનો સિક્કો ઉપયોગમાં લેવાયેલો.**

## અવાજ સાંભળવામાં ઉસ્તાદ પ્રાણીઓ

સસ્તન પ્રાણીઓમાં અવાજ સાંભળવા માટે બહાર દેખાતા કાન હોય છે. કાનની રચના બહારના અવાજોને એકઠાં કરી તેના મોજાંને જ્ઞાનતંતુઓ દ્વારા મગજ સુધી પહોંચાડવા માટે અનુકૂળ હોય છે. દરેક પ્રાણીઓ પોતાની જરૂરિયાત મુજબના અવાજો સાંભળી શકે છે. માણસ અલ્ટ્રાસાઉન્ડ કે સૂક્ષ્મ અવાજો સાંભળી શકતો નથી, પરંતુ પ્રાણીઓને પોતાના રક્ષણ કે ખોરાકની શોધ માટે સૂક્ષ્મ અવાજો પણ સાંભળવા પડે. કુદરતે તેમને આ માટે અજાયબ શક્તિઓ આપી છે.

ડોલ્ફિન પાણીના તળિયે ૨૫ કિલોમીટર દૂર થતા અવાજ સાંભળી શકે છે. બિલાડી અને કૂતરા ૪૦૦૦૦૦ હર્ટ્ઝ સુધીનો સૂક્ષ્મ અવાજ સાંભળી શકે છે. એક પાંદડું હલે તો પણ બિલાડીના કાન સરવા થઈ જાય. ઉંદરના કાનની અંદરનું પોલાણ પહોળું હોય છે. તેને બહારથી આવતા અવાજ ૧૦૦ ગણા મોટા થઈને સંભળાય છે. આફ્રિકાના બેટ ઈયર્ડ ફોક્ષ પોતાના કાન જમીન તરફ વાળી શકે છે. ચામાચીડિયા અવાજ સાંભળવામાં ઉસ્તાદ છે. તે અલ્ટ્રાસાઉન્ડ સાંભળી શકે છે, વળી પેદા પણ કરી શકે છે. કેટલીક માછલીઓ પણ અલ્ટ્રાસાઉન્ડ સાંભળી શકે છે. જો કે માછલીને કાન હોતાં નથી.

## ક્રિસ્ટલોગ્રાફિક ઇલેક્ટ્રોન માઇક્રોસ્કોપીના શોધક : એરોન કલગ

તબીબી ક્ષેત્રે શરીરના કોષોના ઝીણવટભર્યા અભ્યાસ માટે શક્તિશાળી માઈક્રોસ્કોપ જોઈએ. વિજ્ઞાનીઓએ ઘણાં માઈક્રોસ્કોપ વિકસાવ્યા છે, જે શરીરના સૂક્ષ્મ કોષોની હજારો ગણી મોટી તસવીરો લઈ બતાવે છે. એરોન કલગ નામના બ્રિટીશ વિજ્ઞાનીએ ક્રિસ્ટલોગ્રાફિક ઈલેક્ટ્રોન માઈક્રોસ્કોપી વિકસાવી હતી. આ પદ્ધતિમાં શરીરના કોષોની અણુ કક્ષાએ બે તસવીરો એકઠી કરીને ૩-ડી માં જોઈ શકાય છે કે જેથી વધુ ઉંડાણથી અભ્યાસ થઈ શકે છે. **કલગને આ શોધ બદલ ૧૯૮૨માં કેમિસ્ટ્રીનું નોબલ પ્રાઇઝ એનાયત થયું હતું.**

એરોન કલગનો જન્મ લિથુયાનિયાના ઝેલ્વા ગામે ઈ.સ. ૧૯૨૬માં ઓગસ્ટની ૧૧ તારીખે થયો હતો. તેના પિતા ખેડૂત અને પશુપાલક હતા.

એરોન બે વર્ષનો હતો ત્યારે જ તેનો પરિવાર દક્ષિણ આફ્રિકા જઈ વસેલો. ડર્બન હાઈસ્કૂલમાં પ્રાથમિક અભ્યાસ કર્યા બાદ તેણે વિટવોટરલેન્ડ યુનિવર્સિટીમાં એમ.એસ.સી.ની ડિગ્રી મેળવી હતી. તેને રોયલ કમિશનની ફેલોશિપ મળી એટલે તે પીએચ.ડી. કરવા કેમ્બ્રિજની ટ્રિનિટી કોલેજમાં ગયો.

પીએચ.ડી. પૂરું કર્યા પછી ઈ.સ. ૧૯૫૩માં તે લંડન યુનિવર્સિટીમાં જોડાયો અને લેબોરેટરીમાં સંશોધન કરવા લાગ્યો. આ દરમિયાન તેણે ટોબેકે મોઝેક વાયરસની શોધ કરી. ત્યારબાદ તે કેમ્બ્રિજની મોલેક્યુલર બાયોલોજી લેબોરેટરીમાં જોડાયો અને ફેલોશિપ મેળવી સંશોધન કાર્ય ચાલુ રાખ્યા. આ દરમિયાન તેણે એક્સ-રે ડિફ્રેક્શન આધારિત ક્રિસ્ટલોગ્રાફિક માઈક્રોસ્કોપીની શોધ કરી. નોબેલ ઈનામ મળ્યા પછી તેમને કેમ્બ્રિજમાં પીટરહાઉસ ખાતે પ્રોફેસર તરીકે નિમણૂંક મળી. હાલમાં તેઓ સ્ક્રિપ્ટ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના સભ્ય છે.

એરોન કલગને વિજ્ઞાનમાં આપેલા યોગદાન બદલ નોબેલ ઉપરાંત ઘણા ઍવોર્ડ એનાયત થયા છે.

## આગની ચેતવણી આપતા સ્મોક ડિટેક્ટર

આગની પ્રાથમિક નિશાની ધૂમાડો છે. ધૂમાડો એટલે સળગતી વસ્તુમાંથી નીકળતા વાયુઓ અને રાખના સૂક્ષ્મ રજકણો. સ્મોક ડિટેક્ટર નામનું સાધન ધૂમાડો થાય કે તરત જ ચેતવણી, સાયરન કે ઘંટડી વગાડે છે. આમ, આગની ચેતવણી

(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૨ ઉપર)



ગેમ્સ ગેલેરી

# કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા



ભાવના એ. ઝવેરી

*શિયાળે સોરઠ ભલો, ને ઉનાળે ગુજરાત... એય*
*ચોમાસે વાગડ ભલો... ને મારો કચ્છડો બારેમાસ...*

### *કુછ દિન તો ગુજારો હમારે કચ્છ મેં...*

આ ગેમ દ્વારા કચ્છને જાણો, પામો ને માણો. સાથે સાથે કચ્છીયતનો અહેસાસ કરો.

આપેલા ગેમના પેપરમાં કચ્છની ઓળખ સમા ૧૮ ચિત્રો છે, જે કચ્છની વિશેષતા દર્શાવે છે.

નાના ચિત્રો પાસે એક રાઉન્ડ છે. ઉપર-નીચેના બે મોટા ચિત્ર પાસે બે-બે રાઉન્ડ આપેલા છે. કુલ વીસ રાઉન્ડ છે. આ પેપરની કલર પ્રિન્ટ રમનારની સંખ્યા પ્રમાણે કરાવો. નિયમ અને જવાબ આપેલા છે, તેની પણ ઝેરોક્ષ કરાવી રાખો.

રમનાર બધાને પેપર અને પેન આપો. તે ચિત્રમાં આપેલા બધા જ રાઉન્ડમાં ૧ થી ૯૦ અંકમાંથી મનગમતા અંક લખીને તૈયાર કરો. આ થઇ ગઇ કચ્છીયત ગેમની તૈયારી.

**ખાસ નોંધ** : હોસ્ટને કચ્છના બધા જ સ્થળની માહિતી હોવી જરૂરી છે કેમકે ગેમ દ્વારા કચ્છીયતને મહેસૂસ કરાવવાની છે.


ગેમના નિયમ પ્રમાણે જે નંબર થતા જાય તેના જવાબમાં જે વાક્યો બોલવાના છે તેની યાદી.

**૧.** કચ્છી ઘંટડી-ચાકડો-ડ્રેસ પરિધાનના ત્રણ નંબર થાય તે વિનર.
***જવાબ :*** ______નો રણકાર. ઘરને શોભાવતો ચાકડો, કચ્છી વર્કના ડ્રેસ... આ કામથી જ મારા કચ્છનો મલક ઓળખાય છે.

**૨.** કલ્ચરલ પ્રોગ્રામ, કચ્છી વાદ્યો, પતંગ ફેસ્ટિવલના ત્રણ નંબર થાય તે વિનર.
***જવાબ :*** દેશી ગરબા, મોરચંગ ને તંબુરાના તાલે ગવાયેલું લોકગીત અને કચ્છના સફેદ રણમાં પતંગ ચગાવવાની મજા લૂંટવા જેવી...

**3.** ભૂંગો-ઘોડિયું-શયનકક્ષ – આ ત્રણેય નંબર થાય તે વિનર.
***જવાબ :*** કચ્છના રણમાં ફાઈવ સ્ટાર સમા દેશી ભૂંગામાં રહેવાની મજા જ કંઈ ઓર જ છે.

**૪.** કેરી, છાશ, દાબેલી, કચ્છી ભોજન – આ ચારેય નંબર થાય તે વિનર.
***જવાબ :*** કચ્છની કેસરનો સ્વાદ તો દાઢે જ રહી જાય. રબારણનો ઘડેલો રોટલો, ઓળો ને વલોણાની માખણવાળી છાશ... વળી દાબેલીને થોડી ભૂલાય? નસીબમાં હોય એને જ મળે.




**૫.** પ્લેન (વિમાન) - રાત્રિની રોશની, બંને નંબર થાય તે વિનર.
***જવાબ :*** કચ્છ નકશામાં પણ નો'તું દેખાતું એ હવે બધાના

દિલમાં વસી ગયું... દુનિયામાં ગમે ત્યાં હો, પ્લેનમાં બેસી સીધા કચ્છના રણમાં આવો...

**૬.** ભુજિયાનો ડુંગર - ઊંટ સવારીના બંને નંબર થાય તે વિનર.
***જવાબ :*** ભુજની કલગી સમાન ભુજંગ દેવના દર્શન-પૂજન કરીને કચ્છના સફેદ રણમાં ઊંટ સવારીની મજા માણો.

**૭.** ગામઠી ગામના બંને નંબર થાય તે વિનર.
***જવાબ :*** બન્નીના ગામડામાં આવો, રહો ને માણો કચ્છની મહેમાનગતિ.

**૮.** જેના બધા જ નંબર થઈ જાય તે વિનર.
***જવાબ :*** તેને આ ગીતની બે કડી ગાવાની રહેશે.

*આપણા મલકના માયાળુ માનવી*
*માયા મેલીને વયા જાશું,*
*મારા વાલીડા...*
*હાલો ને આપણા મલકમાં...*

આ રીતે તમે ગેમ રમો ને રમાડો. બધા જ વિજેતાઓને કચ્છી પરંપરાગત વસ્તુઓ ગિફ્ટમાં આપો.

કિટી પાર્ટીમાં કે કપલ પાર્ટીમાં આ ગેમ રમાડવી હોય તો ડ્રેસ કોડ, કચ્છી પોષાક રાખો. અંતમાં બધાને સરપ્રાઇઝ આપો. બેસ્ટ ડ્રેસના વિનર જાહેર કરો. જગ્યાને કચ્છી વસ્તુઓથી ડેકોરેટ કરો. જમણમાં દેશી ભોજન રાખો.


જુઓ તો ખરા, કેવી મજા આવે છે...

I Love my Kutch.


*બેન્કર્સ કોલોની, ૬૯/ડી, ઝવેરી વિલા, ગેટ નંબર-૩,*
*જ્યુબિલિ સર્કલ સામે, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૭૮૭૮૦ ૪૬૩૮૨*

**ગેમ્સ - પઝલ - ક્વિઝ** **આ રમતમાં આપેલ ચાવીઓની મદદથી જવાબો શોધીને ફિલ્મી તોરણમાં ભરો**

(૨) કા.મા. વગરની બચ્ચનની એક ફિલ્મ.
(૩) અપ્પુ રાજાની પત્ની!
(૪) એક ગીતકાર જેમાં 'પતિ' છૂપાયેલો છે.
(૫) એક નિર્દેશક જેમાં 'શુદ્ધ સોનું' છૂપાયેલું છે.
(૬) 'કોઇ મિલ ગયા'ના રોહિતના કાકા.
(૭) 'દિવાનગી'નો દીવાનો અભિનેતા.
(૮) 'ચાઇનાગેટ' ફિલ્મના નિર્દેશક.
(૯) આમિર ખાનની સાઇકલ રેસમાં જીત.
(૮) 'દેશપ્રેમી' ફિલ્મના નિર્દેશક.
(૬) નાયક ફિલ્મનો
(૫) એક ગાયિકા જેમાં 'ઉમેદ' છુપાયેલી છે.
(૪) કુશ્તીબાજ - બજરંગબલી
(૩) 'કુછ ખટ્ટી કુછ મીઠી'માં ડબલ રોલ કરનાર અભિનેત્રી.
(૨) દિલ દિયા હૈ જાન ભી દેંગે.... ફિલ્મ?




**આ રમતમાં _______ની જગ્યાએ આવતા બે અક્ષરો શોધી શબ્દસાથીની રમતમાં જવાબો ભરો**




(૧) _____ ગોટો
(૨) _____ કાર
(૩) _____ મણી
(૪) _____ પાત
(૫) _____ લાદી
(૬) _____ વત
(૭) _____ ખેમ
(૮) _____ મલ
(૯) _____ ખર
(૧૦) _____ ઝેબ
(૧૧) _____ વટ
(૧૨) _____ ચીન
(૧૩) _____ મચ્છ
(૧૪) _____ કડું
(૧૫) _____ નત
(૧૬) _____ ગિરિ
(૧૭) _____ માખી
(૧૮) _____ ખમ
(૧૯) _____ ઝક
(૨૦) _____ લેસ
(૨૧) _____ વારી
(૨૨) _____ ચોર
(૨૩) _____ મસ્ત
(૨૪) _____ ખાનું
(૨૫) _____ સુત

ગેમ્સ ગેલેરી


# ગેમ્સ – પઝલ – ક્વિઝ



સંકલન : કિરણબેન પી. ઠક્કર

## હા કે ના?

૧. ભાકરા-નાંગલ બંધ નર્મદા નદી પર બાંધવામાં આવ્યો છે.
૨. મધ્યપ્રદેશ નજીક વહેતી નદીનું નામ ચંબલ છે.
૩. LIC એટલે લાઈફ ઈન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન.
૪. RBI ભારત સરકારની અધિકૃત બેંક છે.
૫. સમજૌતા એક્સપ્રેસ અમૃતસર - લાહોર વચ્ચે દોડે છે.
૬. 'આનંદ ભવન' મહાત્મા ગાંધીનું જન્મસ્થળ છે.
૭. સ્થાપત્ય કળાનું પ્રતીક 'ગોળગુંબજ' બીજાપુરમાં આવેલો છે.
૮. જહાજ બનાવવાનું ઔદ્યોગિક કેન્દ્ર રૂરકેલામાં છે.
૯. શ્રીરામની નગરી નજીક ગંગા નદી વહે છે.
૧૦. મીઠાનો સત્યાગ્રહ બારડોલીમાં થયો હતો.
૧૧. રવિન્દ્રનાથ ટાગોર સ્થાપિત આશ્રમ શાંતિ નિકેતન છે.
૧૨. 'રાજઘાટ' મહાત્મા ગાંધીનું સમાધિસ્થાન છે.
૧૩. ભારતની સૌથી મોટી મસ્જિદ ભોપાલમાં આવેલી છે.
૧૪. મીનાક્ષી મંદિર અમૃતસરમાં આવેલું છે.
૧૫. સુપ્રસિદ્ધ ગિરિનગર કોડાઈ કેનાલ જમ્મુ - કાશ્મીરમાં આવેલું છે.
૧૬. ડૉ. આંબેડકરને દલિત સમાજના ઉધ્ધારક કહેવાય છે.
૧૭. તેનસિંગ શેરપા એવરેસ્ટના શિખરો સર કરનાર સાહસવીર છે.
૧૮. 'વનસ્પતિ સજીવ છે' કહેનાર ડૉ. હોમી ભાભા.
૧૯. રામકૃષ્ણ પરમહંસ, રાજા રામમોહનરાયના ગુરૂ હતા.
૨૦. રાણી લક્ષ્મીબાઈનું અનુશાસન ઝાંસીમાં હતું.





**નીચેના ચક્રવ્યૂહની રચનામાં પાંચ અક્ષરના શબ્દો ચાવીઓની મદદથી એ રીતે ભરો કે પાંચમો અક્ષર દરેકમાં 'ક' હોય**

## ચક્રવ્યૂહ

(૧) ફાયદાકારક
(૨) કોપરાની બનતી મીઠાઈ.
(૩) દર આઠમે દિવસે પ્રગટ થતું પત્ર
(૪) જેની આરપાર દેખાય તેવું.
(૫) હુકમ પ્રમાણે અનુસરનાર
(૬) ભાવ બતાવનારૂં
(૭) ડર ઉપજાવે તેવું
(૮) પુત્ર
(૯) ૨૬ જાન્યુઆરી, ______ દિન
(૧૦) લશ્કરનો વડો
(૧૧) વસ્તુની કિંમત દર્શાવતી યાદી
(૧૨) સરતચૂક
(૧૩) જીવલેણ
(૧૪) મનને આકર્ષે તેવું
(૧૫) સત્તાને લગતું
(૧૬) લોઢાને આકર્ષવાના ગુણવાળું
(૧૭) જોખમ ભરેલું
(૧૮) વિલન

અનુસંધાન
જુઓ પાના નં.-૪૮ ઉપર





વૈવિધ્ય

# પ્રાચીન-અર્વાચીન પાશ્ચાત્ય કળાઓનો સંગમ : ‘રૂપપ્રદ કલા’



નરેશ અંતાણી

ભારતીય કલા અને સંસ્કૃતિના સંવર્ધનમાં અનેક લોકોએ પોતાનું જીવન સમર્પિત કરી પોતાની કલા સાધનાને સાર્થક કરી છે. આ કલા, એ એક સાધનાનો માર્ગ છે, તો કલા, એ વ્યક્તિની પોતાની ઓળખ અને પોતાનામાં છૂપાઈ રહેલી શક્તિની અભિવ્યક્તિનું પણ માધ્યમ છે. પણ તેને પ્રોત્સાહન અને પ્રેરક બળ આપનારા બહુ ઓછા મળે છે. એવામાં સ્વ. માર્કંડભાઈ ભટ્ટ જેવા વીરલાઓ મળે ત્યારે કલા અને કલા પ્રવૃત્તિને અનોખું બળ મળતું હોય છે.

આપણા દેશને આઝાદી મળ્યા પછી ગુજરાતમાં વડોદરા ખાતે શ્રીમતી હંસાબેન મહેતાના પ્રથમ કુલપતિપદે મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયની સ્થાપના થઇ અને વડોદરાના કલાપ્રિય અને પ્રજાવત્સલ રાજવી સયાજીરાવ ત્રીજાનું સ્વપ્નું વાસ્તવિક બન્યું. હંસાબેન મહેતાએ આ વિશ્વ વિદ્યાલયમાં દ્રશ્ય, સંગીત, નૃત્ય, નાટ્ય અને સ્થાપત્ય જેવી કલાઓને બળ મળે અને દેશના કલા વિદ્યાર્થીઓને આ વિદ્યાઓ શીખવાનું ઘર આંગણે માધ્યમ મળે એવા હેતુથી આ વિદ્યાઓનો ઉચ્ચ અભ્યાસ આપતી ફેકલ્ટી ઑફ આર્ટસની સ્થાપના કરી, અભ્યાસ શીખવવાનું ચાલું કર્યું. જેના સંચાલન માટે કલા ક્ષેત્રનો ઉચ્ચ કક્ષાનો અભ્યાસ અમેરિકામાં મેળવનારા ગુજરાતના અને ભારતના વિશ્વસ્તરના કલાકાર માર્કંડભાઈ ભટ્ટની પસંદગી કરી હતી.

સ્વ. માર્કંડભાઈ ઘર આંગણાના કલાપીપાસુ વિદ્યાર્થીઓની જરૂરિયાત બરાબર સમજી શકતા અને **કલાક્ષેત્રના ઉચ્ચ અભ્યાસ માટે પડતી ભાષાની મુશ્કેલી નિવારવા માટે તેમણે અનેક મહેનતને અંતે પ્રાચીન ભારતીય, ભારતીયથી અર્વાચીન પાશ્ચાત્યકળાઓની ભરપૂર માહિતી આપતું પુસ્તક ‘રૂપપ્રદ કલા’ આજથી સાંઇઠ દાયકા અગાઉ તૈયાર કર્યું હતું.** એ પછી પ્રકાશન કલાના અભ્યાસુ અને વિદ્યાર્થીઓ માટે અપ્રાપ્ય હતું. આ અપ્રાપ્ય પ્રકાશન સુલભ કરાવવાનું બીડું કલા પ્રતિષ્ઠાન સુરતે ઝડપ્યું અને આજે સાંઈઠ વર્ષો પછી એ જ પુસ્તક નવા રૂપરંગ સાથે કલા જગતને પ્રાપ્ત થયું છે.

સ્વ. માર્કંડભાઈ કલાના મુળભૂત સિદ્ધાંતો, સૌંદર્યશાસ્ત્ર, ચિત્રકળા વગેરેના અભ્યાસુ હતા. તેઓ માનતા કે, કલાશિક્ષણ કોઈ પણ જાતના ભેદભાવ વગર સમાજના દરેક સ્તરના અભ્યાસુઓને મળી રહેવું જોઈએ. કલાશિક્ષણ માત્ર તવંગર વર્ગનો જ ઇજારો બની ન રહે તેવું તેઓ માનતા અને એ દિશામાં જ તેઓ કાયમ પ્રયત્નશીલ રહ્યા હતા. કલાના શિક્ષણમાં ચિત્રકળા, શિલ્પકળા, સંગીત, નૃત્ય, તસવીરકળા, સ્થાપત્ય કળા વગેરેનો એકી સાથે અભ્યાસમાં સમાવેશ કરવામાં આવે તો જ વિદ્યાર્થીઓના વ્યક્તિગત વિકાસમાં સંવાદિતા અને લાલિત્યની સમજણ વિકસી શકે એવું તેઓ માનતા. આથી જ વિશ્વ વિદ્યાલય કક્ષાએ કલાનો અભ્યાસ કરતા દરેક વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને ભારતીય સૌંદર્યશાસ્ત્રનો ઇતિહાસ અને તેમાંની વિવિધ પ્રણાલીઓ અભ્યાસમાં મદદરૂપ થાય એ માટે **તેમણે કળાના આ બધા વિષયો એક સાથે જ આવરી લેતું સુંદર પુસ્તક ‘રૂપપ્રદ કલા’ ગુજરાતીમાં લખ્યું.**

ગુજરાતમાં કલાક્ષેત્ર ખૂબ સમૃદ્ધ છે અને તેને વધારેમાં વધારે પ્રોત્સાહિત કરવાના હેતુથી છેલ્લા દોઢ દાયકાથી ગુજરાતની કલાના વિકાસ અને કલાકારોના ઉત્થાન માટે કાર્યરત કલા સંસ્થા કલા પ્રતિષ્ઠાને આ કલાકારોના જીવનમાં રંગ પૂરવાનું બીડું ઝડપ્યું છે. કલા પ્રતિષ્ઠાને અત્યાર સુધી સફળતાના અનેક સીમાચિહ્નો સર કર્યા છે, અનેક પ્રકારની કલાની પ્રવૃત્તિઓ દ્વારા કલાના વિકાસ અને કલાકારોના જીવનમાં અનેક ઊંચાઈ સર કરી આજે કિશોરાવસ્થામાંથી યૌવન સંસ્થા તરીકે સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. કલા વિષયક કલાગ્રંથોનું પ્રકાશન, ચિત્ર વર્કશોપ, કલાશિબિર, કલાવિદ્ સામાયિકનું નિયમિત પ્રકાશન જેવી અનેક પ્રવૃત્તિઓ ઉપરાંત કલાકારોના આર્થિક ઉત્થાન માટે આ કલા સંસ્થા પ્રવૃત્ત છે. **‘જશુભાઈ નાયક કલાનિધિ ફંડ’**ની રચના કરી, એ દ્વારા વન-મેન શો અને ગ્રુપ શો નું આયોજન કરવામાં આવે છે. **આ ઉપરાંત કલાકારોના અંગત જીવનમાં પણ આવતી આપત્તિના સમયે પણ આ સંસ્થા કલાકારના એક સ્વજનની જેમ સાથે ઊભી રહે છે.**

કલા પ્રતિષ્ઠાને પોતાની આ સુંદર પ્રવૃત્તિની શોભામાં એક વધુ યશકલગીનો ઉમેરો આ અપ્રાપ્ય પુસ્તક “રૂપપ્રદ કલા”નું પ્રકાશન કરી કર્યો છે. અત્યાર સુધી આ સંસ્થાએ ૨૭ કલાગ્રંથો આપ્યા છે. રૂપપ્રદ કલાના બે ભાગના પ્રકાશન દ્વારા ૨૮ તથા ૨૯ કલા ગ્રંથોનો તેમાં ઉમેરો થયો છે.

રૂપપ્રદ કલાના કુલ ત્રણ ખંડોને બે ભાગમાં કલા પ્રતિષ્ઠાન

દ્વારા પુનઃ મુદ્રિત કરવામાં આવ્યા છે. પ્રથમ ભાગ કલાગ્રંથ ૨૮મા ખંડ ૧ તથા ૨ અને બીજા ભાગ કલાગ્રંથ ૨૯માં ખંડ-૩ આપવામાં આવ્યા છે. **ગુજરાતના કલાગુરુ રવિશંકર રાવળે** મૂળ ગ્રંથની પ્રસ્તાવનામાં લખ્યું છે કે, 'કલાના સ્વરૂપો અને તત્ત્વજ્ઞાનની ચર્ચા કરવાનો, રસિકજનો તથા અભ્યાસીઓને પરસ્પર વિચાર તથા અનુભૂતિનો વિનિમય કરવાને ગુજરાતી ભાષામાં પૂરતું સાહિત્ય ઉપલબ્ધ નથી. કેટલાક ઉચિત શબ્દો, પર્યાયો અને અર્થાંતરો બનાવી શકે તેવા કોશ પણ નથી. એટલું જ નહીં, પરંતુ કલારસની સંપ્રાપ્તિ આપતાં ચિત્રસંપુટો તથા ચિત્રાલયોનો પણ મોટો અભાવ છે. રૂપપ્રદ કલાનો સંસ્પર્શ વારંવાર પરિચયોથી મળે અને તે પછી જ એના અંતર્ગત ગુણો અને રસચર્યાને માટે યોગ્ય ભૂમિકા સર્જાય. આવી વિષય પરિસ્થિતિમાં લોકોમાં કલારૂચિ વધે ને અભ્યાસુઓમાં કલાના વિવિધ સ્વરૂપો, વાદો અને સંપ્રદો તથા આદેશો ઉપરાંત શાસ્ત્રીય ચર્ચા સુપ્રાપ્ય બને એવી ઉત્કૃષ્ટ અભિલાષાથી પ્રેરાઈને શ્રી માર્કંડ ભટ્ટે પોતાના અનુભવોને અને કલાના સક્રિય અધ્યયનનો તથા પોતે વાંચેલા અને વિચારેલા વિશાળ સાહિત્યનો નિચોડ આ ગ્રંથમાં આપીને તેમજ ગુજરાતી ભાષામાં કલા સાહિત્યનો એક પ્રશંસનીય માર્ગસ્તંભ મૂકીને ગુજરાતી પ્રજાની અભિનંદનને પાત્ર સેવા કરી છે.

કોઈ ક્રિયાત્મક અભ્યાસ કરાવવાને બદલે માનવ સંસ્કૃતિમાં અનિવાર્ય બનેલા કલાતત્ત્વની પરિસ્થાપના કરતાં આ પ્રકાશનની બીજી આવૃત્તિની પ્રસ્તાવનામાં કલા પ્રતિષ્ઠાનના પ્રમુખ **રમણિકભાઈ ઝાપડિયા** લખે છે કે, **આ પુસ્તકને પુનઃમુદ્રિત આવૃત્તિ ગુજરાતના કલા જગતને રળિયાત કરવાના શુભ આશયથી કરવામાં આવ્યું છે અને આ પ્રયાસ ગુજરાતની નવોદિત કલાકારોની પેઢી માટે અનેક દિશાઓ ખોલી આપશે.**

ગુજરાતના જાણીતા કલાકાર અને કચ્છના શ્રુજન માટે દાયકાઓથી મંડ્યા રહેલા મોવડી **કાંતિસેન શ્રોફ**ના આશીર્વાદ સાથે આરંભ કરાયેલા આ ગ્રંથના પ્રથમ ભાગના પહેલા ખંડમાં રૂપપ્રદ કલાની વ્યાખ્યા આપીને ગ્રંથનો આરંભ કરવામાં આવ્યો છે. આ ખંડમાં પ્રાગઐતિહાસિક કાળથી ઓગણીસમી સદીના આરંભ સુધીમાં કલાનો હેતુ અને આ ક્ષેત્રમાં થયેલા ફેરફારો, આધુનિક ભારતીય કલા સંસ્કૃતિના મૂલ્યાંકનમાં પ્રવર્તતી રૂઢીચુસ્તતા - કલાકારની વ્યક્તિગત ભાવનાઓ, રૂપપ્રદ કલાનું ઉદ્ભવસ્થાન તથા તેનાં મૂળ તત્ત્વોની વિગતવાર ચર્ચા કરવામાં આવી છે. આ ઉપરાંત કલાની અભિવ્યક્તિ કરતાં માધ્યમો રંગ, રેખા, ઘનતા, અવકાશ, છાયાપ્રકાશ, નિરીક્ષણ વગેરેની વાત કરવાની સાથે કલાકૃતિ એટલે શું? રૂપ, રૂપ અને પદાર્થ, કલાકાર કેવી રીતે નિરીક્ષણ કરી પોતાની કલાની રજૂઆત કરે છે તેની પણ અહીં ચર્ચા લેખકે કરી છે. તો આકારોની આકર્ષણ શક્તિ, રજૂઆત, આકર્ષક તત્ત્વ, આકારોનું સૂચન, ઉપમા, વિકરણ, આલેખન, દ્રશ્ય સંવાદ, વિવિધતા અને એકરૂપતા, ભાત અને રચના, આયોજન, કારીગરી અને શૈલી, વિષય અને વિષયવસ્તુ, કલાનુભવ, વિવેચન અને ટીકાની વિગતવાર સમજણ સરળ શૈલીમાં આપવામાં આવી છે.

બીજા ખંડમાં સૌંદર્ય તત્ત્વની પાશ્ચાત્ય મંતવ્યોની રૂપરેખાની વાત રૂપપ્રદ કલાનો ઉદ્દેશ સમજાવી પાશ્ચાત્ય જગતના વિવિધ કલાકારોની કલા અભિવ્યક્તિની સમજણ આપવામાં આવી છે.

બીજા ભાગના ત્રીજા ખંડમાં સૌંદર્યતત્ત્વ પ્રાચ્ય મંતવ્યોની રૂપરેખાની વાત પ્રમુખ ભારતીય કલાકારોની અભિવ્યક્તિની વાત કરતાં વેદકાળની શિલ્પકલા, ભારતીય સૌંદર્યતત્ત્વની ભૂમિકાની છણાવટ કલાના વિવિધ માધ્યમોને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે. આ ઉપરાંત આ જ ખંડમાં ચીન અને જાપાનના કલાકારોની કલા રજૂઆત, તેની કૃતિઓની વાત કરવામાં આવી છે. **આ બંને ગ્રંથની વિશેષતા એ છે કે દરેક કલાની રજૂઆત તેની શાસ્ત્રીય સમજની સાથે ચિત્ર તથા આકૃતિના માધ્યમથી કરવામાં આવી છે.** એ દૃષ્ટિએ કલાના અભ્યાસુ વિદ્યાર્થીઓ માટે આ બંને ગ્રંથ એક ગુરૂની ગરજ સારે એવા છે અને તેનું પુનઃ પ્રકાશન કરી કલા પ્રતિષ્ઠાને પણ ગુજરાત જ નહીં પણ પાશ્ચાત્ય અને ભારતીય કલા જગતની મોટી સેવા કરી છે.

**રૂપપ્રદ કલા ભાગ-૧ (ખંડ ૧–૨) કલાગ્રંથ ૨૮**

**રૂપપ્રદ કલા ભાગ-૨ (ખંડ ૩) કલાગ્રંથ ૨૯**

*લેખક* : માર્કંડ છ. ભટ્ટ

*બીજી આવૃત્તિ* : મે-૨૦૨૦

*પ્રકાશક* : કલા પ્રતિષ્ઠાન

*અધ્યક્ષ* : રમણિક ઝાપડિયા, સુરત-૩૯૫ ૦૦૪.

*કલા આયોજન* : નટુ ટંડેલ

*'ભૂમા નિકેતન', ૨૨/બી, શિવમ્ પાર્ક,*
*નાના યક્ષ મંદિર પાસે, માધાપર રિંગ રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૪૩૨૪૨, મો. ૯૯૯૮૨ ૨૦૪૭૮*

**સરનામું...**

ટપાલીએ મને કહ્યું
સાહેબ, તમારો કાગળ તો છે,
પણ કેમ આપું?
શોધું છું, પણ
મળતું નથી તમારું
સાચું સરનામું!

*– ખ્વાબ*

# રાજ કપૂર (જન્મ : ૧૪ ડિસેમ્બર) અને તેમની ટીમ વિશે....

સન ૧૯૪૮-૪૯થી રાજ કપૂરે બનાવેલી તેની ટીમ, શંકર જયકિશન, હસરત જયપુરી અને શૈલેન્દ્ર – હિંદી ફિલ્મ સંગીતના ઈતિહાસમાં એક અત્યંત બળકટ સાજેદારીઓ પૈકીની એક બની હતી. આ સાજેદારી સંગીત ક્ષેત્રે અર્થપૂર્ણ રૂપે છવાઈ ગઈ તેમ કહેવું અતિશયોક્તિ નહીં ગણાય. તેમણે બનાવેલી કેટલીક ફિલ્મ બોક્સ ઑફિસ પર ભવ્ય સફળતાને તો વરી જ, તેના ગીતોએ પણ લોકહૈયામાં અદકેરું સ્થાન જમાવ્યું હતું.

કામ પ્રત્યેની તેમની ધગશ / ઝનૂન અદ્વિતીય હતા. તેઓ રેકોર્ડિંગ કરતા હોય કે ન કરતા હોય, એકબીજાને મળતા, સતત સંપર્કમાં રહેતા અને મ્યુઝિક કક્ષની બહાર નેશનલ પાર્ક અથવા આરે મિલ્ક કોલોનીમાં લટાર મારવા અથવા તો કોઈ વખત ખંડાલા / લોનાવાલા લોંગ ડ્રાઈવ પર નીકળી પડતા. થોડા કલાક સાથે પસાર કર્યા બાદ પરત ફરતા.

પ્રસંગોપાત, લતાજી પણ સાથે હોય. જોકે, આનંદની ક્ષણો વચ્ચે પણ તેમના દિલ-દિમાગ પર સતત સંગીત જ છવાયેલું રહેતું. **કોઈના દ્વારા બોલવામાં આવેલ શબ્દો કે પછી સંભળાતો કોઈ ધ્વનિ, તેઓને સંગીતના નવા આયામો તરફ ખેંચી જતા** જે તેમના કામમાં પ્રતિબિંબિત થતા. તેઓની રચનાત્મકતા ભાગ્યે જ નિષ્ક્રિય રહેતી.

એક વખત એવું બન્યું કે ખંડાલા તરફની આવી જ કોઈ એક મુસાફરી દરમિયાન આ 'ગેંગ' ચા પીવા માટે કોઈ ઢાબા પર ઊભી રહી. શંકરજીને ખબર પડી કે ગ્રાહકોને ચા વહેંચનાર છોકરો આંધ્ર પ્રદેશનો છે.

શંકરજીએ તેમના શરૂઆતના કેટલાક વર્ષ આંધ્ર પ્રદેશમાં વિતાવ્યા હતા. તેમણે ચા સર્વ કરી રહેલા છોકરાને બોલાવ્યો, **'રમૈયા! વસ્તાવૈયા...."**

**તેલુગુ ભાષામાં તેનો અર્થ "રમૈયા, અહીં આવ તો" એવો થાય. હવે બાજુમાં જ બિરાજેલા કવિ શૈલેન્દ્રજીથી ટાપસી પૂર્યા વિના ન રહેવાયું. તેમણે તુરંત જ પ્રાસ મેળવીને કહ્યું, 'મૈંને દિલ તુજકો દિયા.'**

શંકરજીને આ ધ્વનિ ગમી ગયો અને તુરંત ગણગણવા લાગ્યા, 'રમૈયા વસ્તા વૈયા, રમૈયા વસ્તા વૈયા' અને શૈલેન્દ્રજીના શબ્દો પણ એ જ લહેકામાં જોડી દીધા "મૈંને દિલ તુજકો દિયા..."

બંનેએ એકબીજા સામું નજર કરી અને સ્વીકૃતિની ભાવના દર્શાવી. તુરંત જયકિશનજીએ લાકડાના એક ટેબલ પર ઠેકો આપવાનું ચાલુ કર્યું. બસ, પછી તો જોઈએ જ શું! સમૂહગાનનું મુખડું તો ઢાબા પર જ બની ગયું અને અંતરા બનાવવાનું કામ આરંભાયું. ઉતાવળે ઉતાવળે ચાના ઘુંટડા ગળે ઉતારી આ ગેંગ મુંબઈ તરફ પરત હંકારી ગઈ. આખા રસ્તે શૈલેન્દ્રજી વિચારોના વમળમાં અંતરાના શબ્દો બેસાડતા ગયા. પ્રત્યેક પળે આ સમૂહગાનમાં મૂલ્યવર્ધન થતું જ ગયું.

તેઓ સીધા આર.કે. સ્ટુડિયો ભણી હંકારી ગયા અને રાજ કપૂરની કોટેજમાં ધસી ગયા. અત્યાર સુધી જેટલું ગીત બન્યું હતું તે રાજ સાહેબને સંભળાવ્યું. **રાજ સાહેબ એટલું જ બોલ્યા, 'મારે જે જોઈતું હતું તે મળી ગયું!'**

**અવિસ્મરણીય ગીત અને તર્જ.**

પછીના થોડા જ દિવસોમાં આ સમૂહગાનની રચના પૂરી થઈ. રાજ સાહેબ ખૂબ જ ઉત્સાહપૂર્વક કહેવા લાગ્યા કે આ ગીતનું ફિલ્માંકન કેવી રીતે કરવામાં આવશે. તેમાં કેવી ચીજવસ્તુઓની જરૂર પડશે વગેરે. **રાજ કપૂર હંમેશાં તેમની ફિલ્મોના સંગીત અને ગીતોને સ્ક્રીન પ્લે અને સંવાદોના અતૂટ હિસ્સા તરીકે ગણતા.** આ સમૂહગાન તેનો એક આદર્શ નમૂનો જ છે ને?

ગીત શરૂ થતા પહેલાં, એક પૉશ વિસ્તારમાં આવેલી હોટેલની સિક્વન્સ જોવા મળે છે. ધનિક લોકો નવા વર્ષની પૂર્વ સંધ્યાએ ઉજવણીમાં ગળાડૂબ છે. નાદિરાજી એસ.જે.ના સંગીત પર નૃત્ય કરી રહ્યા છે. પ્રસંગોચિત સુંદર પરિધાન પહેરેલ રાજકપૂર અચાનક જ પોતાને ખોટી જગ્યાએ અને કૃત્રિમ વાતાવરણમાં ફસાઈ ગયા હોય તેવી લાગણી અનુભવે છે. તેમની આસપાસની વ્યક્તિઓ શરાબના નશાની મસ્તીમાં ઝુમતી અને ઘોંઘાટ કરતી સંગીત અને નૃત્યનો આનંદ લેતી જોવા મળે છે. રાજ કપૂર એક પ્રકારની ગુંગળામણ અનુભવતા હોય તેમ સ્પષ્ટ થાય છે. સંગીતનો ઘોંઘાટ જેવો ચરમસીમાએ પહોંચે છે, તેઓ બહાર નીકળવાના દરવાજા તરફ આગળ વધે છે.

જેવા તેઓ બહારની તરફ પગ મૂકે છે, ત્યાં જ સંગીત એકાએક બંધ થઈ જાય છે...

મોહમ્મદ રફી સાહેબનો આલાપ શરૂ થાય છે... રાજ સાહેબ જેમ આગળ વધે છે તેમ આલાપ સંભળાતો જાય છે અને તેઓ જાણે કે મંત્રમુગ્ધ થઈ ગયા હોય તેમ દેખાય છે.

ગરીબોની બસ્તીમાં મસ્તી કરી રહેલાં લોકો સાથે 'ઈન્ટ્રોડક્શન મ્યુઝિક' શરૂ થાય છે. આ ગરીબ લોકો પણ ઉજવણી કરી રહ્યા છે.

રમૈયા વસ્તાવૈયા કોરસનું આ 'ઈન્ટ્રોડક્શન મ્યુઝિક' **....૬૦ વર્ષ જૂનું... તમે આજે પણ ગમે ત્યાં વગાડો. લોકો ગાવા લાગશે અને ગીતને ઓળખી જશે.**

રાજ કપૂર બસ્તી પાસે પહોંચે છે પણ આગળ વધતા ખચકાટ અનુભવે છે. આ એ જ લોકો છે જેમણે તેમને ભરપૂર પ્રેમ આપ્યો હતો પરંતુ તેઓ ધનિક થવાની લ્હાયમાં આ ગરીબ લોકોને છોડીને જતા રહેલા.

*ગીતની શરૂઆત થાય છે:*

***"રમૈયા વસ્તાવૈયા, રમૈયા વસ્તાવૈયા....***
***મૈંને દિલ તુજકો દિયા, મૈંને દિલ તુજકો દિયા..."***

એક નાનો ઇન્ટરલ્યુડ (સંગીતનો ટુકડો) અને અંતરો શરૂ.

પુરુષ : *'નૈનોંમેં થી પ્યાર કી રોશની,*
*તેરી આંખો મેં દુનિયાદારી ન થી...'*

સ્ત્રી : *'તું ઔર થા, તેરા દિલ ઔર થા,*
*તેરે મનમેં યે મીઠી કટારી ન થી...'*

પુરુષ : *'મૈં જો દુઃખ પાઉં તો ક્યા, આજ પછતાઉં તો ક્યા'*

કોરસ : *મૈંને દિલ તુજકો દિયા, મૈંને દિલ તુજકો દિયા...*
બીજું ઇન્ટરલ્યુડ... બીજો અંતરો...

પુરુષ : *ઉસ દેશમેં, તેરે પરદેશમેં, સોને ચાંદી કે બદલમેં બીકતે હૈં દિલ, સોને ચાંદી કે બદલેમેં બીકતે હૈં દિલ...*

સ્ત્રી : *ઇસ ગાંઓમેં, દર્દ કી છાંઓમેં, પ્યાર કે નામ પર ભી ધડકતે હૈં દિલ*

આ તમામ પંક્તિઓ, પૈસાની સરખામણીમાં પ્રેમની મહાનતા સ્થાપિત કરે છે જે બસ્તીમાં રહેતાં ગરીબ લોકો નિર્દોષ ભાવે ગાય છે પરંતુ દર્શકો જાણે છે કે રાજ કપૂર પર શું વીતી રહી છે! દિગ્દર્શક નાયકના પ્રતિભાવ દેખાડવા નથી માંગતા. દર્શકો શબ્દો સાંભળીને નાયકની મનોસ્થિતિ સમજે તેવું તેઓ ઇચ્છે છે. ઇન્ટરલ્યુડ વાગતું હોય ત્યારે પણ નાયક વિચારોમાં જ ખોવાયેલ રહે છે. લતાજીનો આલાપ ઓવરલેપ થાય છે. એક માણસ સાઈકલ પર રમૈયા વસ્તાવૈયા ગાતો દેખાય છે, જેને કેમેરા ફોલો કરે છે. અચાનક કેમેરા સ્થિર થઈ જાય છે અને સાઇકલ ફ્રેમની બહાર નીકળતી દેખાય છે, જ્યાં નરગીસજી એકલા બેઠેલા નજરે પડે છે.

*'મૈંને દિલ તુજકો દિયા...'* અચાનક બસ્તી તરફ કેમેરા... મ્યુઝિક અને ખુશીનો માહોલ... કેમેરા ફરી નરગીસજી તરફ.

*'યાદ આતી રહી, દિલ દુખાતી રહી, અપને મન કો મનાના ના આયા હમેં*

*તુ ન આયે તો ક્યા, ભૂલ જાયે તો ક્યા, પ્યાર કર કે ભૂલાના ના આયા હમેં...'*

નરગીસજીની આંખોમાં આંસુ... કોરસના મોટા અવાજમાં, રાજ કપૂરે જાણે નરગીસજીને સાંભળ્યા હોય એમ પ્રત્યુત્તર...

*'મૈંને દિલ તુજકો દિયા, મૈંને દિલ તુજકો દિયા...'*

**મૂકેશજીનો અવાજ સાંભળતા જ દર્શકોને જાણે રાહત થઈ ગઈ હોય તેવી લાગણી થાય.** તેમના નાયકને અંતે, તેણે કરેલી ભૂલનો અહેસાસ થયો છે. **સંપત્તિ પર પ્રેમનો વિજય... તે એવી જગ્યાએ પાછો ફર્યો છે જ્યાં દારુણ ગરીબી હોવા છતાં લોકો પ્રેમને મહત્ત્વ આપે છે** અને ખુશીથી જીવે છે.

બસ્તીના લોકો નાયકને જોતા જ રાજીના રેડ થઈ જાય છે... રાજ કપુરના કિંમતી સુટ અને લોકોના અતિ સામાન્ય પહેરવેશ વચ્ચેનો વિરોધાભાસ અહીં ઉજાગર કરવામાં આવ્યો છે. ઇન્ટરલ્યુડ ચાલુ છે અને તે દરમિયાન લોકો રાજ કપુરને ભેટી પડે છે. ખુલ્લા હૃદયે સ્વાગત કરે છે અને હંસી ખુશીથી નાચી ઉઠે છે.

રાજ કપૂર :

*"રસ્તા વોહી ઔર મુસાફિર વોહી, એક તારા ના જાને કહાં છૂપ ગયા....*
*દુનિયા વોહી, દુનિયાવાલે વોહી, કોઈ ક્યા જાને કિસ કા જહાં લૂટ ગયા*
*મેરી આંખોમેં રહે, કૌન જો મુજ સે કહે*
*મૈંને દિલ તુજકો દિયા..."*

લલિતા પવાર રાજ કપૂરને ભેટી પડે છે... આ સિક્વન્સ મારા અંગત મત મુજબ ગીતની સૌથી વધુ ભાવુક ક્ષણ છે. રાજજીના ચહેરાના એક્સપ્રેશનથી તેમની મનોદશાનો અંદાજ કળી શકાય છે.

**અંતમાં, મોહમ્મદ રફી સાહેબનો અદ્ભુત આલાપ કોરસ પર છવાઈ જાય છે. રાજજી લલીતા પવાર સામે પ્રેમપૂર્વક જોઈ રહે છે અને મિલિયન ડોલર સ્મિત આપે છે.** રાજ પોતાની દુનિયામાં પાછો આવી ગયો છે.

**મારી દૃષ્ટિએ આ ગીત અત્યંત લોકપ્રિય ગીતો પૈકીનું એક ગણી શકાય. રાજ કપુર, શંકર જયકિશન અને શૈલેન્દ્રનું સહિયારું સર્જન.** સર્વોત્તમ સંગીત, સમૂહનો અવાજ, શૈલેન્દ્રના શબ્દો... સઘળું દર્શકોની ભાવનાઓને સ્પર્શી જાય તે મુજબ દિગ્દર્શક રાજ કપૂર દ્વારા નિર્મિત થયું છે. અને આવું ઉત્તમ સર્જન, **શંકરજીએ ચા પીરસતા છોકરાને "રમૈયા વસ્તા વૈયા" કહીને બોલાવ્યો તેના પરિણામ સ્વરુપ!!!**

*સંદર્ભ : શ્રી દિનેશ શંકર શૈલેન્દ્રની અંગ્રેજી પોસ્ટ **Director's Cut**નો ભાવાનુવાદ*

## મશહૂર ફિલ્મ ગાયક મોહમ્મદ રફી

બેમિસાલ ફિલ્મ ગાયક મોહમ્મદ રફીનો જન્મ તા. ૨૩-૧૨-૧૯૨૪ના રોજ પંજાબના કોટલા - સુલતાનપુરમાં થયો. તેર વર્ષની વયે તો તેઓ લાહોર અને દિલ્હી રેડિયો પર ગાવા લાગ્યા. એ વખતે સાયગલે એમના માથે હાથ મૂકેલો. અભિનેતા નઝીરે તેમને મુંબઈ બોલાવ્યા. ગીત, ગઝલ, ભજન, યુગલગીત, લોકગીત એમ બધા જ સંગીત સ્વરૂપો એમના કંઠમાં શોભી ઉઠતા. તે વખતના લગભગ બધા જ ગાયકોમાં તેમનો અવાજ શોભી ઉઠેલો.

અનેક ફિલ્મ સંગીતકારોએ એમના અવાજને અનેક છટાઓમાં લહેરાવ્યો - ગૂંજતો કર્યો.

જોની વોકરના અભિનયમાં તેમણે અનેક હળવા રમૂજી ગીતો ગાયા. ફિલ્મ ગાયીકા લતા મંગેશકર કહે છે કે મોહમ્મદ રફી જેવી સંગીત રેન્જ મધ્ય-મધ્ય-તાર ત્રણેય સપ્તકની રેન્જ બહુ ઓછા ગાયકોને હોય છે. આટલી રેન્જ છતાં અવાજની મધુરતા, સહજતા, કોમળતા, નરમાશ તેમના અવાજમાં હતી. તેઓ માનવ વ્યવહારમાં પણ વિનયી, મધુર હતા.

તા. ૩૧-૦૭-૧૯૮૦ના રોજ તેઓ અવસાન પામ્યા.

*જાનેવાલે કફી નહીં આતે,*
*જાનેવાલેકી યાદ આતી હૈ!!*

## હિંદુસ્તાની શાસ્ત્રીય-લોકસંગીતના અજોડ ફિલ્મ સંગીતકાર નૌશાદ

મદનમોહન, જયદેવ, સલિલ ચૌધરી, શંકર જયકિશન, ગુલામ મોહમ્મદ, અનિલ વિશ્વાસ, સી. રામચંદ્ર, રોશન, વસંત દેસાઇ - એ સૌ ફિલ્મ સંગીતકારોમાં નૌશાદનું નામ સુવર્ણાકારે લખાયેલું છે. તા. ૨૪-૧૨-૧૯૧૯ના રોજ લખનૌમાં નૌશાદનો જન્મ થયો. લખનૌનું સંગીતમય વાતાવરણ નૌશાદને મળ્યું. પરંતુ પિતાના વિરોધે ઘર છોડ્યું. સંગીત લઇને ભટક્યા. શરૂઆતમાં મુંબઇમાં પિયાનોવાદક તરીકે જોડાયા.

ઇ.સ. ૧૯૪૦માં 'પ્રેમ નગર' દ્વારા નૌશાદનો ફિલ્મ સંગીતમાં પ્રવેશ થયો. 'રતન' ફિલ્મ વડે લોકપ્રિય સંગીતકાર તરીકે બહાર આવ્યા. એમના ગીતો ગલીએ ગલીએ ગૂંજવા લાગ્યા.

હિંદુસ્તાની શાસ્ત્રીય સંગીત અને ભારતના લોક સંગીતનો અજોડ ઉપયોગ નૌશાદે કર્યો. બૈજુ બાવરા ફિલ્મમાં ભારતીય શાસ્ત્રીય સંગીતની અજોડ આરાધના - સાધના બની રહી.

મોહમ્મદ રફીનું મન તરપત હરિદર્શન, ઓ દુનિયા કે રખવાલે, લતા મંગેશકરનું 'મોહે ભૂલે ગયે સાંવરિયા', 'તુ ગંગા કી મોજ મૈં...' બૈજુ બાવરાના ગીતો મશહૂર થયા. એ પછી મધર ઇન્ડિયા, મુગલે આઝમ, મેરે મહેબુબ, કોહીનૂર, પાકિઝાના ગીતો હજી લોકો યાદ કરે છે. સંગીત માણસના જીવનને સૂરીલું બનાવે છે. નૌશાદની ધૂનો હળવી, સીધી સાદી અને લોકપ્રિય હતી. આજે જ્યારે ફિલ્મી ગીતોમાં ઑરકેસ્ટ્રાનો ઝમેલો, ડીજે ની ધમાલ હોય છે ત્યારે નૌશાદ હારમોનિયમ, વાંસળી અને તબલાથી ઝૂમી ઊઠીએ તેવી ધૂનો આપતા. ■

# અન્ય સંસ્થાઓના સમાચાર

## કચ્છ ગોધરા ગામે ચાતુર્માસ દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન થયું હતું

કચ્છ - ગોધરા ગામે ચાતુર્માસ પુર્ણાહૂતિની તાજેતરમાં શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. તે નિમિત્તે તા. ૨૭-૧૧-૨૦૨૦થી તા. ૨૯-૧૧-૨૦૨૦ એમ ત્રિ-દિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સીમંધર સ્વામિની ભાવના, ચોવીસ તીર્થંકર વંદનાવલી, કાર્તિક પૂર્ણિમા શેત્રુંજય પટના ખમાસણા વગેરેના કાર્યક્રમ હતા. ગોધરાના સંગીતકાર વિપુલ છેડાના સંગાથે આ કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો. ચાતુર્માસ પરિવર્તનનો લાભ શ્રી લક્ષ્મીચંદ માવજી છેડાએ લીધો હતો. તા. ૧/૨/૩ ડિસેમ્બર — એમ ત્રણ દિવસના કાર્યક્રમમાં પુણ્યશ્લોકી કુસુમબેન ટેકચંદ જેઠાલાલ વીસરિયાએ ૪૫ આગમના છોડના સંપૂર્ણ સેટ બનાવ્યા હતા. તેનું પૂજન વિધિકાર ચંદ્રકાંત દેઢિયા - બિદડાવાળાના સંગાથે ભણાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ પુણ્યશ્લોકી કસુમબેન ટેકચંદ જેઠાલાલ વીસરિયા તથા પુષ્પાબેન વિનોદભાઈ દેવરાજ ગંગર દ્વારા સંયુક્તપણે ઉજવવામાં આવ્યો હતો. તા. ૪-૧૨-૨૦૨૦ના રોજ અચલગચ્છાધિપતિ સંઘ શિરોમણિ તપસ્વીરત્ન, તપ સમ્રાટ શ્રી ગુણોદયસાગર સૂરિશ્વરજીની ગુરૂ મૂર્તિની પ્રતિષ્ઠાનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો.

ઉપરોક્ત બંને કાર્યક્રમમાં તા. ૧ થી ૪ દરમિયાન સંઘ સ્વામિવાત્સલ્યનો લાભ બંને પરિવારના સહયોગથી આપવામાં આવ્યો હતો. વિશેષમાં, ગોધરા મહાજનના તથા ભોજનશાળાના સ્ટાફનું બહુમાન પણ આ બંને પરિવાર તરફથી કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બંને પરિવાર તરફથી સાધારણ ખાતામાં તથા વૈયાવચ્ચ ખાતામાં સારી એવી રકમનું અનુદાન આપવામાં આવેલ.

ઉપરોક્ત તમામ કાર્યક્રમમાં મુનિરાજશ્રી રાજરત્નસાગરજી મ.સા., પ્રિયંકરસાગરજી મ.સા. આદિ ઠાણા-૧૦ તથા સાધ્વીગણમાં પ.પૂ. પ્રવર્તિની મહત્તરા સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા. તથા જિનપ્રભાશ્રી, પ.પૂ. રત્નત્રયાશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી કુમુદકિરણાશ્રીજી મ.સા., પ.પૂ. તીર્થપ્રભાશ્રીજી મ.સા. આદિ ઠાણા તથા પ.પૂ. દિવ્યકિરણાશ્રીજી મ.સા. પધાર્યા હતા.

આ અવસરે, પ.પૂ. સાધ્વીશ્રી દિવ્યકિરણાશ્રીજી મ.સા.ની ૮૧મી ઓળીનું પારણું ગોધરા નગરે કરાવવામાં આવ્યું હતું.

૪૫ આગમના પૂજન દરમિયાન સાધારણ ખાતામાં રૂપિયા દોઢ લાખથી વધુની રકમ જમા થઈ હતી.

ઉપરોક્ત ૪૫ આગમના છોડ પ્રસંગની ઉજવણી માટે જોઇતા હોય તો વિધિકાર ચંદ્રકાંત દેઢિયાનો સંપર્ક કરવાથી મળી શકશે. પ.પૂ. મહત્તરા સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.ના ૬૭ વર્ષના સંયમ પર્યાય નિમિત્તે પુણ્યશ્લોકી કુસુમબેન ટેકચંદ જેઠાલાલ વીસરિયા તરફથી છોડ બનાવવામાં આવ્યા છે.

તા. ૨૭-૧૧થી તા. ૪-૧૨-૨૦૨૦ — એમ આઠ દિવસના ત્રણે ટાઈમની સાધર્મિક ભક્તિનું આયોજન પણ ખૂબ સુંદર રીતે કરવામાં આવ્યું હતું.

***સંકલનકર્તા : રમણિકલાલ કે. ગોસર - અમદાવાદ***

## પનારો પ્રેમનો છે

છંદ બંધારણ : ગાલગાગા, ગાલગાગા, ગાલગાગા

પળ-પળેપળ આવકારો પ્રેમનો છે,
રમ્ય દિવસોનો નજારો પ્રેમનો છે.

રાહ ભૂલે, સૂચનો થાતાં રહે પણ-
એકબીજાનો સહારો પ્રેમનો છે.

આંખથી આલિંગનો કેવા થયા છે?
મનનો જો મોઘમ ઈશારો પ્રેમનો છે.

રાગમાં તલ્લીન રહેતાં એક-સૂરે,
જો મહેફિલમાં ઉતારો પ્રેમનો છે!

દોસ્ત! છબછબિયાં ઝરણનાં ખૂબ ગમતાં,
યાદ બચપણની, ઈજારો પ્રેમનો છે.

પ્રેમને ખાતર શહીદ થાતાં દીવાના,
પ્રેમનો તોયે ધખારો પ્રેમનો છે!

ખૂબ-સૂરત અવનવાં ફૂલો સુગંધી,
મહેકતાં મન પર ઉતારો પ્રેમનો છે.

થૂઈ-થપ્પોની રમત રમતાં, પકડતાં–
હાથ હળવાશે, પનારો પ્રેમનો છે.

***ભૂપેન્દ્ર શેઠ 'નીલમ', ગઝલકાર - જામનગર***
***મો. ૯૫૧૦૧ ૨૯૪૧૯***

## મતલબ સાફ છે

છંદ બંધારણ : ગાલગાગા, ગાલગાગા, ગાલગાગા, ગાલગા

એ તરફ ને આ તરફ પણ એ જ, મતલબ સાફ છે
જ્યાં જુઓ ત્યાં ત્યાં બધે પરહેજ, મતલબ સાફ છે

રંગ ઘેરા લાગશે દશ્યો અબાધિત વામણાં,
આંખથી ઓઝલ હટાવો સહેજ, મતલબ સાફ છે

ના થયો છે લુપ્ત કે ના ક્યાંય ભૂંસાયો કદી,
આ સનાતનકાળ દસ્તાવેજ, મતલબ સાફ છે.

સાવ ઠૂંઠું ઝાડ હો એનેય કુંપળ ફૂટશે,
મૂળ માટીમાં, ઉપરથી ભેજ, મતલબ સાફ છે.

હાથમાંથી ક્યાં ગયું મોતી ખબર પણ ના પડી,
વીજ ચમકી લૈ લિસોટો તેજ, મતલબ સાફ છે!

દ્વાર છે તો કોઈ આવે જાય રાબેતા મુજબ,
આટલું થોભો નહીં પરવેઝ! મતલબ સાફ છે.

***પ્રો. જયંત કોરડિયા 'કેવલ' - જૂનાગઢ***

## પરાણે

શ્રધ્ધા ભક્તિ પરાણે થાય નહીં,
ભાવ વગર ભજન ગવાય નહીં.

છલોછલ ભર્યું હોય ઘડે પાણી,
તો ક્યારેય પણ છલકાય નહીં.

સંસ્કાર સઘળા ઉરેથી ઉપજે,
જબરદસ્તીથી તો અપાય નહીં.

ખાનદાની લોહીના ગુણમાં હોય,
હિંમત કાંઈ હાટેથી ખરીદાય નહીં.

આવન જાવનનો વેપાર જગમાં,
સરભર કર્યા વિના જવાય નહીં.

મન ચંગા તો કથરોટમાં છે ગંગા,
પાપ કરીને નદીયે ધોવાય નહીં.

મૌન રહેવામાં માલ નથી "શ્યામ"
બોલ્યા વગર બોર વેચાય નહીં.

***શામજી માલી "શ્યામ" – રાપર, કચ્છ***
***મો. ૯૯૦૯૫ ૨૫૫૩૮***

## લઘુ કાવ્યો

*સારું છે*
*બધું આપણું છે,*
*આપણી વચ્ચે*
*ક્યાં તારું-મારું છે?*
*એટલેસ્તો*
*આપણો સંબંધ*
*શુભ છે,*
*સુચારુ છે.*



*શોધી રહી છું*
*કણ-કણમાં*
*સ્વપ્ન મારું*
*ખોવાયું છે*
*રણમાં*
*આવડો મોટો*
*રેતનો દરિયો*
*કેમ શોધું?*
*આ રજકણમાં...?*

*દબદબો*
*એ તમારી ચાહતનો*
*અકબંધ રહી ગયો*
*ધોરી નસમાં!*
*વહ્યા કરે છે એ*
*અવિરત છે... છલોછલ...*
*પ્રણય નશો*
*નસેનસમાં...*

***અરુણા અરુણ ઠક્કર 'માધવી'***
***ભુજ, કચ્છ***
***મો. ૯૮૭૯૫ ૩૯૧૭૮***

## સપનું

એક દિવસ
એ સુંદર દૃશ્ય જોયું
મંદિરની ઝાલર નહોતી વાગતી
મસ્જિદમાંથી
બાંગ પોકારવાનો
અવાજ
નહોતો આવતો
ગીરજાઘરમાં ઘંટારવ
નહોતો થતો
ને રસ્તામાં લોકો એકબીજાને
ગળે લગાડીને ભેટતા હતા
ને ઉપર
જોયું તો આસમાનમાં
આ બધું દૃશ્ય જોઈ
ખુદા મરક મરક હસતા હતા
પણ
સ્વપ્ન ઉડી ગયું ને
પછી
બહાર જોયું તો લોકોમાંથી
મારો કાપોનાં
અવાજ આવતા હતા!

***મણિલાલ ડી. રૂઘાણી - રાણાવાવ***

## કચ્છી હાઈકુ

ઘરમેં માન
મિલે ત, મા-પે થીંયે
તા ભાગસાડી

ભાવ વે ત જ
ભજન થીયે, જોર
-મોર ન થીયે.

મોર જો પીંછો
કાનૂડે જે મથે તેં
કેડો શોભેતો?

ધારુ પીયે ને
છાટકા થીયેં, માડુ
જી લજ વિએ

ધુનીયા સજી
સચાઈ તે હલધી
ખોટા મ થીજા.

***અરુણા અરુણ ઠક્કર 'માધવી' – ભુજ, કચ્છ***
***મો. ૯૮૭૯૫ ૩૯૧૭૮***

## જિંદગી એમ જ ચાલ્યા કરવાની...

*સાંજ ઢળી રહી ધીમે ધીમે,*
*અજવાળાની એ છેલ્લી કિરણો,*
*સુરજ પોતાની સાથે લઈને ચાલ્યો,*
*અંધકારનો આંચલ ઓઢીને,*
*તારાઓથી ઝગમગીને,*
*ધીમા પગલે રાતની રાણી,*
*રૂમઝુમ કરતી ચાલી આવી,*
*નીરવ શાંતિ અને ગાઢ અંધકારથી,*
*આંખોમાં મારી સમાણી, નીંદર રાણી,*
*ધીમેથી આંખો ખોલી ત્યાં તો,*
*પાછી આવી સુરજદેવની સવારી,*
*અંધકારને ચીરીને,*
*સોનેરી કિરણોની કરતાં લહાણી,*
*કલરવ કરતી આવી સવાર,*
*રાત્રિના પડદાને હટાવી,*
*વિચાર કરતાં એક વાત*
*મને સમજાણી,*
***કોઈનું નથી અહીં સદાય અસ્તિત્વ,***
***ઉજાસ પછી અંધકાર, અને વળી,***
***અંધકાર પછી પાછો ઉજાસ...***
***જિંદગી એમ જ ચાલ્યા કરવાની....***

***– સુનિતા એ. શાહ***
***મો. ૯૮૨૫૧ ૫૧૫૧૩***

## આત્માની પહોંચ

ગંધ-સુગંધ આ દૂરથી કેવી અહિંયા પહોંચી રહી?
સૂરીલો સ્વર ને ગર્જતો સાગર આઘેથી પહોંચી રહ્યો;

સૃષ્ટિનું કામણ છેટેથી નજરને કેવું આહ્વાન દઈ રહ્યું,
રહી પહોંચ જડની છે આવી તો મુજ આતમ શું ન કરે?

સૂર તો માધ્યમો થકી દૂર-સુદૂરથી આવી રે રહ્યા,
દૃશ્યો પણ ટી.વી. દ્વારા ક્યાં-ક્યાંથી પહોંચી રહ્યા;

સુગંધ પણ કદીક દુનિયાને છેડેથી આણવા પેરવી થશે,
આપણે તો જીવંત આત્મા, કહો ક્યાં કેટલે પહોંચી રહે.


ચાંદ-સૂરજ કેટલે દૂરથી રોશનીને છે વહાવી રહ્યા,
સ્વપ્નવિહાર અગોચર વિશ્વનો કેવોક થતો રહેતો;

વિચારો તો જાગતા ય જોજનો દૂર છે વિહરતા,
'આરસી' જેમ સ્થૂળ આ બધું, પછી આતમની શું વાત?

***'આરસી' શાહ - અમદાવાદ***
***ફોન : (૦૭૯) ૨૭૪૩૮૧૬૩***

## NanoNine® શબ્દ રમત-૧૬૭

*સંકલન : રજનીકાંત પારેખ*



શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________________

*આપશ્રીના જવાબો તા. ૩૧-૦૧-૨૦૨૧ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. જીવતાં કરાતું કારજ (૪)
૪. ખુશબો, મહેક, સુગંધ (૪)
૮. ચોખાની ધાણીના દાણા, નાસ્તામાં સેવ (૩)
૯. રાજાની મુખ્ય રાણી (૪)
૧૦. નાનાપણું, નાનપ (૩)
૧૨. જડસું, બેવકૂફ (૩)
૧૫. ડગમગતું, ડગડગ, ____તો પગ રાખતું સ્થિર (૪)
૧૬. તીજ, પખવાડિયાની ત્રીજી તિથિ (૨)
૧૭. નડિયાદનું એક પ્રસિદ્ધ મંદિર (૪)
૧૮. સીતાના પતિ (૨)
૧૯. પજવણી, સતાવવું તે (૪)
૨૧. મોટું તળાવ (૪)
૨૨. બખોલ, જમીન કે પર્વતમાં ઊંડો પહોળો ખાડો (૩)
૨૩. મૂળ, પુરાણું, અગાઉનું, ____ નકલી (૩)
૨૭. મહાન અલ્લા, મહાન પ્રભુ (૪)
૨૮. ચાલતું, અસ્થિર, ચલાયમાન (૨)
૩૦. કર્મ, કૃત્ય, ધંધો (૨)
૩૧. તબલા વગાડનાર, તબલા વાદક (૪)
૩૩. ડરપોક, બાયલું (૩)
૩૫. પસંદગી (૩)
૩૬. પગ મૂકતાં ખૂંપી જવાય તેવી જગ્યા, સૂઝ, સમજ (૩)
૩૭. બાળકનું ખાવાનું, મારું (૨)
૩૮. ગુજરાતી ભાષામાં ____ના છપ્પા ખૂબ જ પ્રખ્યાત છે (૨)
૩૯. ચંદ્રનો સોળમો ભાગ, હુન્નર, કસબ, કળા (૨)
૪૧. મગર, દસમી રાશિ (૩)
૪૨. હાથ, વેરો (૨)
૪૩. ડોલ (૩)
૪૪. ગરીબ, સાલસ (૨)
૪૫. સો પાંખડીવાળું (૪)
૪૬. ફૂલની પાંખડી, સૈન્ય (૨)
૪૭. દુનિયા, ____ આરા : બોલતી પ્રથમ ફિલ્મ (૩)

### ઊભી ચાવીઓ

૧. જમના નદીનું મૂળ (૪)
૨. શોક, દુઃખ (૨)
૩. ફાટ, ચીરો, તરડ (૩)
૪. નદીની પહોળાઈ (૨)
૫. સમારકામ, રિપેરીંગ (૪)
૬. રાજાની પત્ની (૨)
૭. માશૂક, પ્રિયતમા (૩)
૯. ઘડીનો ૬૦મો ભાગ, ક્ષણ (૨)
૧૦. ફેણવાળો સાપ (૨)
૧૧. એક કઠોળ, ____ લાવે પગ (૨)
૧૩. સુવાસ, મહેક, પમરાટ (૩)
૧૪. અભિપ્રાય, વોટ (૨)
૧૫. એક સુગંધીદાર વનસ્પતિ (૩)
૧૮. કૃષ્ણે ગોપીઓ સાથે કરેલી રાસની ક્રીડા, રાસક્રીડા (૪)
૧૯. સાચું, સારું, સત્ત્વ (૨)
૨૦. ઉદ્ધાર, સાર, તાત્પર્ય (૩)
૨૨. કોતરીને કરેલું નકશીકામ (૫)
૨૩. અભિનેતા, કલાકાર (૪)
૨૪. સતાવવું તે, પજવણી (૪)
૨૫. ક્રીડા, અદ્‌ભુત ખેલ, કૃષ્ણની ____ (૨)
૨૬. ઈલાયચી (૩)
૨૮. ચલણી નાણું, કરન્સી, ધારો, રિવાજ (૩)
૨૯. પરાજય, સ્ત્રીની ડોકનું ઘરેણું (૨)
૩૦. મોટરગાડી (ઈં) (૨)
૩૧. ટકાઉ નહીં તેવું, નાજુક (૪)
૩૨. બળ, જોર, શક્તિ (૨)
૩૪. મૃત્યુનો દેવ (૨)
૩૫. કોઠાર, ગોદામ (૩)
૩૮. અક્કલ, બુદ્ધિ, મત (૩)
૩૯. લેખણ, કરારની શરત, ઝાડની રોપવાની ડાળી (૩)
૪૦. દાખલાની સંખ્યા, ચીજ, મોટી સંખ્યામાં નાણું (૩)
૪૧. ગર્વ, હાથીના ગંડસ્થળમાંથી ઝરતો રસ(૨)
૪૩. વાળ, કેશ (૨)

*સ્નાન હો ઘરમાં*
*કે પછી હો ગંગા તટે,*
*છે શરત એ જ કે તું ભીતરથી શુદ્ધ થા!*

## NanoNine® શબ્દ રમત-૧૬૬નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સ | હ | શિ | ક્ષ | ણ | ■ | સ | હા | રો | ■ | ગ | જું |
| ખા | ■ | ર | ણ | ■ | તા | ર | ■ | જ | રૂ | રી | ■ |
| વ | નિ | તા | ■ | અ | વ | ગ | ણ | ના | ■ | બા | ધા |
| ત | ર | જ | ■ | ચા | ■ | વો | ■ | મું | બ | ઇ | ■ |
| ■ | પ | ■ | મે | ન | કા | ■ | પ | ■ | દા | ■ | ■ |
| ખે | રા | ત | ■ | ક | ર | ■ | ર | સ | મ | લા | ઇ |
| ■ | ધ | ર | તી | ■ | સો | મ | વા | ર | ■ | ■ | શ્ચ |
| વાં | ■ | બો | ર | ડી | ■ | લા | ■ | સિ | ■ | મો | ર |
| ક | મ | ળ | ■ | ■ | ના | ઇ | લા | જ | ■ | હ | દ |
| ■ | ત | ■ | વિ | ન | ય | ■ | ચા | ■ | ■ | ન | ત |
| જ | લ | ■ | ત | ર | બ | ત | ર | ■ | ત | થા | ■ |
| શ | બ | રી | ■ | ક | ■ | ન | ■ | કા | જ | ળ | ■ |

*માસ નવેમ્બર-૨૦૨૦ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૬૫ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૩. ચંદ્રકાંત લોડાયા – અમદાવાદ
૪. નીના ગોરજી – અમદાવાદ
૫. નિખિલ પરીખ – અમદાવાદ
૬. કશિશ શાહ – અમદાવાદ
૭. ગીતા મહેતા – અમદાવાદ
૮. જ્યોતિ શાહ – અમદાવાદ
૯. કુલીન મહેશ્વરી – અમદાવાદ
૧૦. પ્રતિમા શાહ – અમદાવાદ
૧૧. દમયંતી દંડ – અમદાવાદ
૧૨. કૃણાલ શાહ – અમદાવાદ
૧૩. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૧૪. લક્ષ્મી ખત્રી – અમદાવાદ
૧૫. હસમુખ દેઢિયા – અડાલજ
૧૬. કંચનબેન મોરબિયા – ભુડ
૧૭. લીલાધર વીસરિયા – મુંબઈ
૧૮. ફાલ્ગુની ડુંગાણી – આદિપુર
૧૯. રિશ્વા મહેતા – ગાંધીધામ
૨૦. રૂપાલી પારેખ – સિકંદ્રાબાદ


*ઉત્તર મોકલાવનારમાંથી લક્કી ડ્રૉ અનુસાર વિજેતાના નામ નીચે પ્રમાણે છે.*

અરવિંદ ભટ્ટ – અમદાવાદ

**શબ્દ રમત-૧૬૪ : સમય વિતી ગયા પછી ઉત્તર મોકલાવનારના નામ**

૧. પ્રિયંકા શાહ – અમદાવાદ
૨. રૂપાલી પારેખ – સિકંદ્રાબાદ

## ગેમ્સ – પઝલ – ક્વિઝ વિ.ના જવાબો



## NanoNine® Sudoku

**નવેમ્બર-૨૦૨૦ના અંકમાં છપાયેલ**
**સુડોકુ-૧૧૨૩ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ**

૧. ફાલ્ગુની શાહ – અમદાવાદ
૨. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૩. નીના ગોરજી – અમદાવાદ
૪. નિખિલ પરીખ – અમદાવાદ
૫. કશિશ શાહ – અમદાવાદ
૬. ગીતા મહેતા – અમદાવાદ
૭. જ્યોતિ શાહ – અમદાવાદ
૮. નયના ગોગરી – અમદાવાદ
૯. પ્રતિમા શાહ – અમદાવાદ
૧૦. રેવંતી દંડ – અમદાવાદ
૧૧. કૃણાલ શાહ – અમદાવાદ
૧૨. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૧૩. તીર્થ સંઘવી – અમદાવાદ
૧૪. ત્રિશા પારેખ – સિકંદ્રાબાદ
૧૫. હર્ષા મહેતા – ગાંધીધામ
૧૬. નેહા મહેતા – ગાંધીધામ
૧૭. હેમલતા દેઢિયા – અડાલજ

*ઉત્તર મોકલાવનારમાંથી લક્કી ડ્રૉ અનુસાર વિજેતાના નામ નીચે પ્રમાણે છે.*

ફાલ્ગુની શાહ – અમદાવાદ

**સુડોકુ-૧૧૨૨ ● સપ્ટેમ્બર-૨૦૨૦**
**સમય વિતી ગયા પછી**
**ઉત્તર મોકલાવનારના નામ**

૧. પ્રિયંકા શાહ – અમદાવાદ
૨. કલ્પના પાલાણી – અમદાવાદ
૩. જાગૃતિ શાહ – સિકંદ્રાબાદ

*જે વ્યક્તિ ધીરજ ધરી શકે છે,*
*એ વ્યક્તિ ધાર્યું કરી શકે છે.*

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૨૫ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૦૧-૨૦૨૧ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મોબાઈલ : ______________________

### ક્રમાંક - ૧૧૨૫

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 4 | | | | | 3 | |
| | | | 3 | 4 | | | 2 | 6 |
| | | 8 | 9 | 2 | | 1 | | |
| | | | 4 | | 3 | 5 | 7 | |
| | 4 | | | | | | 8 | |
| | 1 | 7 | 8 | | 2 | | | |
| | | 3 | | 1 | 4 | 2 | | |
| 1 | 5 | | | 7 | 8 | | | |
| | 7 | | | | | 6 | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | 9 |
| | | 8 | | 3 | 7 | | | |
| 7 | 6 | | | | | | 8 | 4 |
| | | 9 | | | 4 | 2 | 7 | |
| | 8 | | 3 | | 6 | | 1 | |
| | 2 | 5 | 9 | | | 4 | | |
| 1 | 3 | | | | | | 4 | 2 |
| | | | 4 | 8 | | 1 | | |
| 8 | | | | | | | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 2 | | | 3 | 1 | | |
| 4 | 9 | | | 2 | | | | 8 |
| | | | 1 | | 6 | 2 | | 7 |
| | 6 | | 9 | 1 | | | 7 | |
| 9 | | | | | | | | 1 |
| | 1 | | | 6 | 2 | | 3 | |
| 7 | | 6 | 3 | | 9 | | | |
| 3 | | | | 5 | | | 9 | 6 |
| | | 9 | 6 | | | 5 | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 2 | 6 | | | 3 | |
| 8 | | | | | 4 | | 9 | |
| | 2 | 9 | | | | 4 | | 7 |
| | 9 | 7 | | | 1 | | | |
| 1 | | | | 4 | | | | 9 |
| | | | 8 | | | 7 | 2 | |
| 9 | | 8 | | | | 1 | 7 | |
| | 1 | | 9 | | | | | 6 |
| | 5 | | | 1 | 8 | | | |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૨૪

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 9 | 2 | 1 | 3 | 7 | 8 | 6 | 4 |
| 4 | 3 | 6 | 5 | 8 | 2 | 7 | 1 | 9 |
| 7 | 8 | 1 | 6 | 9 | 4 | 3 | 5 | 2 |
| 2 | 7 | 8 | 4 | 1 | 5 | 6 | 9 | 3 |
| 1 | 6 | 3 | 8 | 7 | 9 | 2 | 4 | 5 |
| 9 | 5 | 4 | 3 | 2 | 6 | 1 | 8 | 7 |
| 3 | 1 | 9 | 2 | 5 | 8 | 4 | 7 | 6 |
| 6 | 2 | 5 | 7 | 4 | 1 | 9 | 3 | 8 |
| 8 | 4 | 7 | 9 | 6 | 3 | 5 | 2 | 1 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 1 | 5 | 3 | 7 | 8 | 4 | 9 | 2 |
| 9 | 4 | 8 | 2 | 1 | 6 | 3 | 7 | 5 |
| 3 | 2 | 7 | 4 | 5 | 9 | 6 | 1 | 8 |
| 7 | 9 | 4 | 5 | 6 | 3 | 2 | 8 | 1 |
| 1 | 3 | 6 | 8 | 9 | 2 | 5 | 4 | 7 |
| 8 | 5 | 2 | 1 | 4 | 7 | 9 | 6 | 3 |
| 5 | 6 | 9 | 7 | 2 | 1 | 8 | 3 | 4 |
| 4 | 7 | 3 | 9 | 8 | 5 | 1 | 2 | 6 |
| 2 | 8 | 1 | 6 | 3 | 4 | 7 | 5 | 9 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 9 | 1 | 3 | 2 | 6 | 8 | 5 | 4 |
| 8 | 2 | 4 | 7 | 9 | 5 | 1 | 3 | 6 |
| 5 | 6 | 3 | 4 | 1 | 8 | 2 | 7 | 9 |
| 1 | 5 | 9 | 6 | 8 | 4 | 3 | 2 | 7 |
| 3 | 8 | 6 | 1 | 7 | 2 | 4 | 9 | 5 |
| 4 | 7 | 2 | 5 | 3 | 9 | 6 | 8 | 1 |
| 2 | 3 | 7 | 9 | 4 | 1 | 5 | 6 | 8 |
| 6 | 4 | 9 | 2 | 5 | 7 | 9 | 1 | 3 |
| 9 | 1 | 5 | 8 | 6 | 3 | 7 | 4 | 2 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 8 | 4 | 9 | 6 | 2 | 7 | 5 | 3 |
| 3 | 2 | 9 | 7 | 1 | 5 | 6 | 4 | 8 |
| 6 | 7 | 5 | 8 | 3 | 4 | 1 | 9 | 2 |
| 9 | 5 | 6 | 4 | 2 | 7 | 8 | 3 | 1 |
| 4 | 3 | 8 | 1 | 5 | 6 | 9 | 2 | 7 |
| 7 | 1 | 2 | 3 | 8 | 9 | 5 | 6 | 4 |
| 8 | 4 | 1 | 6 | 9 | 3 | 2 | 7 | 5 |
| 5 | 9 | 3 | 2 | 7 | 8 | 4 | 1 | 6 |
| 2 | 6 | 7 | 5 | 4 | 1 | 3 | 8 | 9 |




સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે સામે રેંતા અન ગગુબાપાજે પોતરે જા વિયાં થે વ્યા?

બચુડો : હા અધા. હન કોરોનાકાળમેં પણ વિંયા થે વ્યા.

અધા : અનીંજો કુટુંબ તા વડો આય. મણીંકે વચમેં સોશિયલ ડિસ્ટન્સ કીં જાળવ્યા વા?

બચુડો : અધા, ગગુબાપા બહુ ચાલાક અંઈ. ઈ મડે એડે સગેં કે જ નોતરો ડના વા, જેંકે પંઢમેં હકડે બ્યે વચમેં ભનધો ન વો. અતરે મડે પનઈ પર્યા પર્યા ઉભા ર્યાતે અતરે કોઈ તકલીફ થઈ ન, ને વિંયા શાંતિસે ઉકલે વ્યા!!

## ખિલજા મ ભલા

શિક્ષક : મોબાઈલ ફોન આવવાથી કયા કયા ક્ષેત્રમાં ફેરફાર થયા?

પર્વ : મોબાઈલ આવવાથી કેમેરા ખતમ થઈ ગયા, રિસ્ટવોચની જરૂર ઘટી ગઈ, અલગથી ટોર્ચનો વપરાશ બંધ થઈ ગયો, રેડિયાની જરૂર ન રહી, એમ.પી.-થ્રી ખતમ થઈ ગયા, પરસ્પરનો પત્ર વ્યવહાર ખતમ થઈ ગયો વગેરે મોટા ફેરફાર થયા.

☺ ☺ ☺ ☺ ☺

પતિ : આજે મૉલમાંથી શું લીધું?

પત્ની : એક ટુથબ્રશ અને ૪૦ જુદી જુદી વસ્તુઓ સાથે સેલ્ફી!!

☺ ☺ ☺ ☺ ☺

જમાદાર : (હવાલદારને) તને ખબર હતી કે ચોર રાતના સમયે મિનિસ્ટરની કેબિનમાં જઈને સંતાઈ ગયો હતો, તે સમયે તેં એની ધરપકડ કેમ ન કરી?

હવાલદાર: સાહેબ! બહાર નોટિસ બોર્ડ લગાવ્યું હતું કે પરવાનગી વગર અંદર આવવું નહીં!

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : પાણી અને પ્રેમમાં શું તફાવત છે?

શ્રેય : પાણીમાં પડીએ તો પલળી જવાય અને પ્રેમમાં પડીએ તો સૂકાઈ જવાય!

☺ ☺ ☺ ☺ ☺

ચંગુ : અલ્યા મંગુ, આમ ઝાડની નીચે દોઢ કલાકથી બેઠો બેઠો કરે છે શું?

મંગુ : હું તો બદલો લઉં છું.

ચંગુ : કોની સાથે?

મંગુ : સમય સાથે. એક સમય એવો હતો કે સમયે મને બરબાદ કરી નાખ્યો હતો આજે હું સમયને બરબાદ કરી રહ્યો છું.

☺ ☺ ☺ ☺ ☺

કેજરીવાલ : હલ્લો દિલ્હીવાસીઓ, મૈં કેજરીવાલ બોલ રહા હું....

દિલ્હીવાસી: ભાઈ, તું તો બોલ જ નહીં. તારે કારણે અમારે દીકરીઓને દહેજમાં બબ્બે ગાડીઓ આપવી પડશે!

☺ ☺ ☺ ☺ ☺

મનોજ : અલ્યા કનોજ, આ પોપકોર્ન જોઈને કેમ હસવા માંડ્યો?

કનોજ : મને પત્ની અને પોપકોર્ન વચ્ચેની સમાનતા યાદ આવી ગઈ.

મનોજ : એમાં વળી સમાનતા શું?

કનોજ : બંનેને થોડા ગરમ કરો તો મોં ફુલાવીને બેસી જાય.

☺ ☺ ☺ ☺ ☺

ચીન્ટુ : જ્યારે છોકરો શરાબ પીતો હોય ત્યારે બધા કહેવા માંડે છે, છોકરો શરાબી થઈ ગયો...

મોન્ટુ : તો શું વાંધો પડ્યો?

ચીન્ટુ : છોકરો જ્યારે ફેન્ટા પીવે ત્યારે કોઈ કહેતા નથી કે છોકરો ફેન્ટાસ્ટિક થઈ ગયો!

☺ ☺ ☺ ☺ ☺

અમદાવાદ મહેમાનને મૂકવા એક જૈન ભાઈ રેલવે સ્ટેશને ગયા. ટિકિટ બારી પર પ્લેટફોર્મ ટિકિટ માંગી તો બારી પરથી ૧ ટિકિટના રૂા. ૫૦/- કીધા.

જૈન ભાઈએ મહેમદાવાદની ટિકિટ લઈ લીધી. ૧૫/- રૂપિયામાં આવી.

☺ ☺ ☺ ☺ ☺

ગઈકાલે મારા ગણિતના શિક્ષિકા મળ્યા.

હું પગે લાગ્યો. પૂછપરછ કરી, એમનો મોબાઈલ નંબર માંગ્યો.

એમણે કહ્યું, લખ : 'નવ અબજ બેંતાલીસ કરોડ છોંત્તેર લાખ અઠ્ઠાવીસ હતા ત્રણસો તોંત્રીસ.'

હું એમને ફરી પગે લાગી, ચાલતો થયો.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

## સમાજ દર્પણ

### સરનામા ફેરફાર

- **ધીરજકુમાર મણિલાલ શાહ (ગરમાણિયા)**
  ૪૦૧, સ્વરોસ્કી રેસિડેન્સી, ૫, શીતલબાગ સોસાયટી, જલારામ મંદિર સામે, શ્રી કચ્છી જૈન ભવન પાસે, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

## અલ્પાહાર વાનગીઓનું નવું સાહસ

ગિરીશ પોલડિયા પરિવાર દ્વારા અમદાવાદમાં વિવિધ પ્રકારની ચટાકેદાર વાનગીઓ (સ્નેક)નું નવું સાહસ – જૈન વસ્તુઓ સાથે નીચે જણાવેલ સ્થળે શરૂ કરવામાં આવેલ છે.

***૩૩, સુમન કોમ્પ્લેક્સ, સત્યમ મોલની સામે,***
***કામેશ્વર સ્કૂલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.***
***મો. ૯૪૨૭૦ ૨૮૩૮૦, ૯૮૨૫૦ ૨૧૪૭૦***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**માસિક મુખપત્ર "મંગલ મંદિર" : લવાજમની વિગત**

- ૧ વર્ષના : રૂા. ૧૫૦/-
- ૩ વર્ષના : રૂા. ૪૦૦/-
- ૫ વર્ષના : રૂા. ૬૦૦/-
- આજીવન (૧૫ વર્ષના) : રૂા. ૧,૫૦૦/-

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

રૂા. ૨૫,૦૦૦/- શ્રીમતી મણિબેન રતનશી પ્રેમજી ગોગરી (નાગપુર - કચ્છ) હાલે હૈદ્રાબાદ તરફથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ હેઠળ કાર્યરત ઉચ્ચ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિને તેની પ્રવૃત્તિઓ માટે અનુદાન મળેલ છે.

રૂા. ૨,૫૦૦/- સ્વ. સૂરજલાલ મોતીલાલ મહેતાના સ્મરણાર્થે પ્રભાવતીબેન સૂરજલાલ મહેતા તરફથી જલારામ અન્નક્ષેત્ર ખાતે અનુદાન મળેલ છે.

રૂા. ૫૦૦/- શ્રી ધીરજકુમાર મણિલાલ શાહ (ગરમાણિયા) પરિવાર તરફથી તેમના નૂતન ગૃહ પ્રવેશ નિમિત્તે 'મંગલ મંદિર' ખાતે ભેટ મળેલ છે.

શ્રી જીતુભાઈ રવિલાલ સંઘવી પરિવાર તરફથી પૌત્ર અહાનના જન્મ થયાની ખુશાલીમાં

રૂા. ૫૦૧/- જલારામ અન્નક્ષેત્ર ખાતે
રૂા. ૫૦૧/- વયસ્ક સમિતિ ખાતે
રૂા. ૫૦૧- વૈયાવચ્ચ ખાતે સપ્રેમ ભેટ મળેલ છે.

*ઉપરોક્ત અનુદાન / ભેટ માટે*
*સંસ્થા દરેકનો ખૂબ ખૂબ આભાર માને છે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ



### મંગળવાર, તા. ૨૬-૦૧-૨૦૨૧ : ધ્વજ વંદન કાર્યક્રમ

*રાષ્ટ્રના ૭૧મા પ્રજાસત્તાક દિન નિમિત્તે મંગળવાર, તા. ૨૬-૦૧-૨૦૨૧ના રોજ સવારે ૦૯.૦૦ કલાકે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના પટાંગણમાં સંસ્થાના કારોબારી સભ્ય તથા સંસ્થાના સામાજિક સેવાભાવી કાર્યકર **શ્રી બચુભાઈ હીરજી રાંભિયા**ના વરદ્ હસ્તે ધ્વજવંદન કરવામાં આવશે.*

***નોંધ*** *: હાલમાં ચાલી રહેલ કોરોના મહામારીના પગલે સરકાર દ્વારા જાહેર થયેલ નીતિ નિયમોને આધીન ઉપરોક્ત કાર્યક્રમ મર્યાદિત ધોરણે ઉજવવામાં આવશે, જેની સર્વે સભ્યોએ નોંધ લેવા અનુરોધ છે.*

| | |
|---|---|
| **પ્રદીપ સૂરજલાલ મહેતા** | **પ્રતાપ નારાણજી દંડ** |
| **માનદ્ મંત્રી** | **મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ** |
| **શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ** | **શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ** |

# કચ્છ દર્શન

● સંકલન : દિનેશ આર. મહેતા ●

## ● કચ્છ જતાં રસ્તામાં જૈન સાધ્વીજીને અકસ્માતના કારણે ઇજા

જૈન સાધ્વીજી સુનિતાબેન મ.સા. મોરબી ખાતે ચાતુર્માસ પૂરો કરીને તા. ૦૫-૧૨-૨૦૨૦ના રોજ કચ્છ તરફ વિહાર કરી રહ્યા હતા ત્યારે વિદરકા પાસે એક મેટાડોરે સાધ્વીજીની વ્હીલચેરને હડફેટે લીધી હતી. જેને કારણે સાધ્વીજીને ગંભીર ઈજાઓ થતાં મોરબી ખાતે એક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ થવું પડ્યું હતું. જ્યારે વ્હીલચેર ચલાવનાર સેવિકાબેનનું ઘટના સ્થળે જ મૃત્યુ થયું હતું.

## ● એમ્બ્યુલન્સ પલટી જતા કચ્છના પિતા-પુત્ર સહિત ત્રણના મોત

માંડવી તાલુકાના નાની ઉનડોઠ ગામનો એક પરિવાર પોતાના એક કુટુંબીજનની અમદાવાદ ખાતે તબીબી સારવાર કરાવીને જ્યારે એમ્બ્યુલન્સ દ્વારા કચ્છ પરત ફરી રહ્યા હતા ત્યારે હળવદ - માળિયા મિયાણાં હાઈવે પર એમ્બ્યુલન્સના ચાલકે સ્ટીયરિંગ પરનો કાબુ ગુમાવતાં એમ્બ્યુલન્સ બે-ત્રણ પલટી ખાઈ ગઈ હતી. આ કારણે તેમાં બેઠેલા પિતા-પુત્ર તથા અન્ય એક કુટુંબીનું ઘટના સ્થળે જ મૃત્યુ થયા હતા. અન્ય લોકોને ગંભીર ઈજા થતાં જરૂરી સારવાર માટે મોરબી લઈ જવામાં આવ્યા હતા.

## ● ભુજ પાસે ૧૨ એકરમાં સૂકું ઘાસ સળગ્યું

ભુજ તાલુકામાં કુકમા હાઈવે પાસે કૃષિ સંશોધન કેન્દ્રમાં તા. ૦૪-૧૨-૨૦૨૦ના રોજ લગભગ ૧૨ એકરમાં સૂકા ઘાસમાં આગ લાગી હતી. ભુજ નગરપાલિકાની ફાયર બ્રિગેડની બે ટીમોને આગ બુઝાવવા દોડવું પડ્યું હતું. બે કલાકની જહેમત બાદ આગ કાબૂમાં આવી હતી.

## ● કચ્છ જિલ્લામાં ભાજપનું નવું માળખું

કચ્છ જિલ્લા ભાજપની છેલ્લે ૨૦૧૬માં વરણી થઈ હતી. જેમાંથી પ્રમુખ કેશુભાઈ શિવદાસ પટેલ ઉપરાંત ત્રણેય મહામંત્રી અનિરુદ્ધ દવે, વલમજી આર. હુંબલ, શૈલેન્દ્રસિંહ જાડેજાને યથાવત રાખવામાં આવ્યા છે. એકમાત્ર મંત્રી દિલીપ પૂનમચંદ શાહને કોષાધ્યક્ષ બનાવી બાકી બધાને બદલી નાખવામાં આવ્યા છે. ભારતીય જનતા પાર્ટી કચ્છ જિલ્લા એકમના નવા હોદ્દેદારોની વરણી કરવા ૪થી ડિસેમ્બરે યાદી બહાર પાડવામાં આવી હતી.

## ● પધ્ધર પાસે અકસ્માત

ગોંડલથી ભુજ આવી રહેલી રાજકોટ પાસિંગની કારે પદ્ધર નજીક પુલ પાસે જીજે ૦૩સીએ ૭૦૩૮ નંબરની વેગન-આર કારે રોડની સાઈડે પગપાળા જઈ રહેલા બે માસુમ બાળકોને હડફેટે લઇ એક વર્ષીય બાળકનું મોત નિપજાવ્યું હતું.

## ● લખપત તાલુકામાં ગાઢ ધુમ્મસ

રણ અને દરિયાને અડીને આવેલા લખપત તાલુકામાં તાજેતરમાં વહેલી સવારે ગાઢ ધુમ્મસ છવાતા અનેકવિધ અસરો જોવા મળી હતી. માકપટમાં આવતા લગભગ વિસ્તારમાં ઝાકળનું પ્રમાણ એટલું હતું કે સવારના મોડે સુધી વાહનોની હેડલાઈટો ચાલુ રાખવા સાથે વાઈપરનો પણ ઉપયોગ કરવો પડ્યો હતો.

## ● કેન્દ્ર સરકારના ખેત કાયદાના વિરોધમાં ધરણા

કેન્દ્ર સરકારે ખેત કાયદો ઘડ્યો છે, જેની સામે સમગ્ર દેશના ખેડૂતોએ વિરોધ કર્યો હતો. જેમાં કચ્છ જિલ્લા કોંગ્રેસે પણ ખેડૂતોના સમર્થનમાં અને કેન્દ્ર સરકારના કાયદાના વિરોધમાં ધરણા કર્યા હતા. કચ્છ જિલ્લા કોંગ્રેસ પ્રમુખના નેતૃત્વમાં આ ધરણા પ્રદર્શન થયું હતું.

## ● દર્દીઓના ૨૬૦૪ ફિડબેક સામે ૮૪ ફરિયાદનો નિકાલ

કચ્છમાં કોરોના મહામારી પર રોક લગાવવા માટે ભુજ કલેક્ટર કચેરીએ કંટ્રોલ રૂમ તા. ૧૯-૯-૨૦૨૦થી કાર્યરત કરાયો છે. અત્યાર સુધી લોકો દ્વારા ૨૬૦૪ હકારાત્મક-નકારાત્મક ફિડબેક મળ્યા છે. જે પૈકી આવેલી ૮૪ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે. કોવિડ-૧૯ને લઈને જિલ્લાની કોઈપણ વ્યક્તિને કોઈ ફરિયાદ હોય તો કંટ્રોલ રૂમના ૦૨૮૩૨-૨૨૭૪૯૫ પર ફરિયાદ નોંધાવવા કલેક્ટરશ્રી દ્વારા જણાવાયું હતું.

## ● કચ્છમાં પ્રારંભિક તબક્કે ૧૩૫૧૫ હેલ્થ વર્કર્સને અપાશે કોરોના વેક્સિનનો પ્રથમ ડોઝ

કોરોના સામે તૈયાર થઇ રહેલી વેક્સિન આવી જતાં, કચ્છમાં સૌપ્રથમ જિલ્લાના ૧૩૫૧૫ હેલ્થ વર્કર્સને અપાશે. ત્યારબાદ ક્રમશઃ ફ્રન્ટ લાઇન વર્કર્સ જેમ કે પોલીસ વગેરે, મોટી વયના લોકો, બીમાર વ્યક્તિને તે વેક્સિનના ડોઝ અપાશે. કચ્છ જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગને આ અન્વયે આદેશ મળતાં તે માટે ધમધમાટ શરૂ થયો છે.

*(વિવિધ અખબારો પર આધારિત)*


વર્ષ ૧૯૫૮થી આખા ભારતમાં
લોજીસ્ટીક સોલ્યુશન આપતી કંપની
Jammu Kashmir
Himachal Pradesh
Punjab
Uttara khand
Delhi
Rajasthan
Uttar Pradesh
Assam
Ahmedabad
Gujarat
Madhya Pradesh
Bihar
Jharkhand
West Bengal
Kolkata
Chhattisgarh
Odisha
Maharashtra
Mumbai
Pune
Telangana
Hyderabad
Goa
Karnataka
Andhra Pradesh
Bangalore
Chennai
Kerala
Tamil Nadu
800+ MODERN VEHICLES
22 STATES+ 4 UTs
650+ BRANCHES
અમારી વિશેષતાઓ - સિંગલ વિન્ડો પ્લેટફોર્મ
VT/VX ની ૬૫૦+ શાખાઓ
ISO 9001:2015 પ્રમાણિત કંપની
Robust Systems & Processes પર કાર્યરત
Trace & Track Facility સાથે સંપુર્ણ કોમ્પ્યુટરાઈઝ નેટવર્ક
બુકીંગ થી ડિલીવરી સુધી સામાનને Complete Insurance Cover
૧૦ કિલોથી ફુલ ટ્રક લોડ સુધીના પાર્સલ સ્વીકારીએ છીએ
૧૦૦૦૦૦+ સંતુષ્ટ ગ્રાહકો
Hard Freight Surface Transportation માં ૬ દાયકાનો અનુભવ
રોડ, એર અને રેઈલ દ્વારા Door to Door Express Cargo
વિસ્તૃત થઈ શકતી Sypply Chain & Inventory Management
V-TRANS
Driving Excellence
Our other Divisions
V-Xpress
Safe and Reliable - For Your Peace of Mind
V-Logis
Warehousing & Inventory Management
Unit 6, Corporate Park, VN Purav Marg, Chembur, Mumbai, Maharashtra - 400071
Toll Free: 1800 220 180 / Website: vtransgroup.com / Email: info@vtransgroup.com
Download: V-Trans APP from Google/IOS

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2021-2023 Valid upto 31st December, 2023 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month


## સવાયા ગુજરાતી ફાધર વાલેસનાં
## સદાબહાર પ્રેરક પુસ્તકો







| | |
|---|---|
| પ્રેરણાપરબ (પુરસ્કૃત) | 100 |
| વાણી તેવું વર્તન | 500 |
| વ્યક્તિઘડતર | 120 |
| સમાજમંગલ | 200 |
| વ્યક્તિમંગલ | 280 |
| ધર્મમંગલ | 150 |
| શિક્ષણમંગલ | 200 |
| સદાચાર | 125 |
| યુવાધર્મ | 50 |
| પ્રસન્નતાની પાંખડીઓ | 80 |
| આકાશવાણીના સૌજન્યથી | 13 |
| રોમેરોમે | 13 |
| સેવાધર્મ | 90 |
| મુરલી | 100 |
| લગ્નસાગર | 251 |
| ગાંધીજી અને નવી પેઢી (પુરસ્કૃત) | 100 |

## વૃદ્ધાવસ્થાનો વૈભવ વ્યક્ત કરતાં વિવિધ લેખકોનાં પુસ્તકો

| | | |
|---|---|---|
| જિંદગી ના મિલેગી દોબારા (પુરસ્કૃત) | રોહિત શાહ | 150 |
| જીવનસંધ્યાનાં તિમિર અને તેજ | ઊર્મિલા શાહ | 200 |
| અકાળે અસ્ત શા માટે ? | મૃદુલા માત્રાવાડિયા, રાવજી સવાણી | 70 |
| વૃદ્ધત્વની સમસ્યા | હિતેશકુમાર પટેલ | 125 |
| વૃદ્ધજનો માટે ચાર 'વેઈકપ કૉલ'ને બાર સંકલ્પ | દોલતભાઈ દેસાઈ | 20 |
| ચાલો, વૃદ્ધાવસ્થાને આવકારીએ ને આનંદમય જીવનની... | દોલતભાઈ દેસાઈ | 125 |
| ઢળતી સંધ્યાનું સુખ | એ. જી. સવાણી | 70 |
| પાછલી વયે | મનહર ઓઝા | 50 |

### આ પુસ્તકોનાં પ્રાપ્તિસ્થાન

## ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ - 380 001
ફોન : 079-22144663.
e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ,
ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે,
સીમા હૉલની સામે, અમદાવાદ-15
ફોન : 26934340, મો. 9825268759
ઈમેલ : gurjarprakashan@gmail.com

**વિચારોનો ગુલદસ્તો**
**સ્વામી સચ્ચિદાનંદ**




પુષ્પ એ કુદરતની રચના છે, પણ ગુચ્છ એ માળીની રચના છે. સુંદરને અતિ સુંદર બનાવે તે માળી. વિવિધ ક્ષેત્રોના વિચારોનો અહીં ગુલદસ્તો છે. જુદા-જુદા વિષયો ઉપર વિચારો વ્યક્ત કરાયા છે. આશા છે વાચકને ગમશે. કદાચ ન ગમે તોપણ વિચારતા તો થશે જ !

કિંમત : 100




**ભવનો વૈભવ**
**રોહિત શાહ**

જગતમાં કોઈ માણસ ખાલી હાથે આવતો નથી અને ખાલી હાથે જતો પણ નથી એ વાત પુરવાર કરીને માનવજન્મને સાર્થક કરવાની પ્રેરણા આપતું, મિત્રો સ્વજનોને ભેટ આપવા લાયક પુસ્તક.

કિંમત : 160

**વિશ્વવિજ્ઞાન વિભૂતિઓ**
**બેન્જામિન સુવાર્તિક**




ગૂર્જરની વિવિધ ગૌરવસભર ગ્રંથશ્રેણીઓ પૈકી વિદ્યાર્થી વાચનમાળામાં સ્વાતંત્ર્યવીરો, આધ્યાત્મિક વિભૂતિઓ, રમતવીરો વગેરેનો પરિચય આપવામાં આવ્યો છે. આ શ્રેણીમાં દેશ-વિદેશના વીસ વૈજ્ઞાનિકોની ચરિત્રકથાઓ ચિત્રો સહિત છે.

કિંમત : 400




**વાયા રાવલપિંડી**
**ગિરિમા ઘારેખાન**

એક નાજુક, નમણી અને ઢીલી-પોચી યુવતી દુશ્મનદેશમાં પહોંચી જાય છે. ત્યાં એ વિષમ પરિસ્થિમાં મુકાયા પછી આત્મબળ અને મક્કમતાથી કઈ રીતે બહાર નીકળે છે. તેની રસ-રહસ્યસભર નવી શૈલીની નવલકથા.

કિંમત : 230


*If undelivered please return to :*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ००૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭ ૮૮૯૨, ૨૬૫૮ ૧૫૦૧

***To,***